# અહલે સુન્નત વ જમાઅત

યા'ને

**મસ્લકે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર.......**

બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ

બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

ISLAMIC WELFARE MISSION
GRWB/057/BHARUCH/02
At. : Dayadara, Di. Bharuch Pin. 392020 Guj. India
Ph. (02642) 282792, 282911

# બરકાતે ખ્વાજા (માસિક) برکات خواجہ

**"બરકાતે ખ્વાજા" (માસિક)**

**૧-જાન્યુઆરી-૨૦૦૬**

ઝીલ કઅદ-ઝીલ હજ્જ

**હિજરી સન : ૧૪૨૬**

**વર્ષ : ૦૩ અંક : ૦૧, સળંગ અંક : ૨૫**

**★ સ્થાપક અને પ્રકાશક ★**

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

**★ પત્ર વ્યવહારનુ સરનામું ★**

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મોબાઈલ : ૯૪૨૭૪ ૬૪૪૧૧

Email User ID : islamic@sancharnet.in

**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| ★ છુટક નકલ | રૂા. | ૧૦-૦૦ |
| ★ વાર્ષિક લવાજમ | રૂા. | ૧૦૦-૦૦ |
| ★ વિદેશ માટે | £ | 15-00 |
| ★ પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૦૦૦-૦૦ |
| ★ આજીવન | રૂા. | ૨૫૦૦-૦૦ |
| ★ વિદેશ માટે પેટ્રન | £ | 150-00 |
| ★ વિદેશ માટે આજીવન | £ | 250-00 |

## નબી સરવરે હર રસૂલો વલી હૈ

નબી સરવરે હર રસૂલો વલી હૈ
નબી રાઝદારે *મઅલ્લાહ લી* હૈ

વો નામી કે નામે ખુદા નામ તેરા
રઉફો રહીમો અલીમો અલી હૈ

હૈ બેતાબ જિસ કે લિયે અર્શે આ'ઝમ
વો ઉસ રહ રવે લા મકાં કી ગલી હૈ

નકીરૈન કરતે હૈં તઅઝીમ મેરી
ફિદા હો કે તુઝ પર યે ઈઝ્ઝત મિલી હૈ

તલાતુમ હૈ કશ્તી પે તુફાને ગમ કા
યે કૈસી હવાએ મુખાલિફ ચલી હૈ

ન ક્યૂં કર કહૂં યા હબીબી અગિષ્ની
ઈસી નામ સે હર મુસીબત ટલી હૈ

તેરે ચારોં હમ દમ હૈં યક જાન યક દિલ
અબૂબક્ર ફારૂક઼ ઉષ્માન અલી હૈ

જો મક઼્સદ ઝિયારત કા બર આએ ફિર તો
ન કુછ કસ્દ કિજીયે યે કસ્દે દિલી હૈ

તેરે દર કા દરબાં હૈ જિબ્રીલે આ'ઝમ
તેરા મદહખ્વાં હર નબીયો વલી હૈ

શફાઅત કરે હશ્ર મેં જો "રઝા" કી
સિવા તેરે કિસી કો યે કુદરત મિલી હૈ

**★ માનદ તંત્રી ★**

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.sc)**

**બરકાતે ખ્વાજા** *(માસિક)* **જાન્યુઆરી-૨૦૦૬**

★ **વર્ષ : ૦૩** ★ **અંક : ૦૧** ★ **સળંગ અંક : ૨૫**


| નં. | લેખ | લેખક/સંપાદક/રજૂકર્તા | પેજ નં. |
|---|---|---|---|
| ૦૧. | **તંત્રી લેખ : ઈદ લાવવા ધાંધલ મચાવનારાઓ કાંઈક સમજશે ખરા ?!** | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી | ૦૩ |
| ૦૨. | તફસીરે ઝિયાઉલ કુર્આન | **લેખક** : હઝરત પીર કરમશાહ અઝહરી (કાર્યાલય) | ૧૩ |
| ૦૩. | ફતવા વિભાગ | **કાર્યાલય** | ૧૪ |
| ૦૪. | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | **અઝ** : મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ | ૧૫ |
| ૦૫. | શિફા શરીફ | **લેખક** : હઝરત ઈમામ કાઝી અયાઝ رحمۃ اللہ علیہ<br>(ગુજરાતી અનુવાદક) ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી | ૧૬ |
| ૦૬. | કઝા નમાઝ ક્યારે ક્યારે પઢી શકાય ? | **કાર્યાલય** | ૧૭ |
| ૦૭. | દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ એટલે **કાનૂને શરીઅત** | **લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ<br>**અનુવાદક** જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી | ૧૮ |
| ૦૮. | રહમતે દારૈન ﷺના શયદાઈ | **રજૂકર્તા** : ફરજાનાબેન અલી પટેલ (દયાદરા) | ૧૯ |
| ૦૯. | શરીઅતની રૂએ માનવ અંગો તથા લોહીનો ઉપયોગ | **લેખક** : મૌલાના એઅ્જાઝ અસ્ગર નૂરી, કટીહાર<br>**અનુવાદક** : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ મિસ્બાહી | ૨૨ |
| ૧૦. | બાળકોનો તર્બિયતી ગુલશન | **કાર્યાલય** | ૩૧ |
| ૧૧. | કુર્બાની સંબંધે પ્રશ્નોત્તરી | **અઝ** : હઝરત અલ્લામા મુફતી નિઝામુદીન મિસ્બાહી | ૩૨ |
| ૧૨. | મનઘડત તથા બનાવટી રિવાયતો | **રજૂકર્તા** :મૌલાના મોહસિન મક્કી મિસ્બાહી સેગવા | ૩૪ |
| ૧૩. | ઔરતોની હિકાયતો | **લેખક** : મૌલાના અબૂન્નૂર મુહમ્મદ બશીર (પાક.)<br>**અનુવાદક** :આલિમા કારિયહ્ અનીસા યાકૂબ પટેલ (પાલેજ) | ૪૨ |
| ૧૪. | ભરૂચમાં સુન્ની ઈજતેમા | **કાર્યાલય** | ૪૪ |
| ૧૫. | બરકાતે ખ્વાજાની ટપાલ | **કાર્યાલય** | ૪૬ |


**નોંધ** : સ્થળ સંકોચને કારણે લેખમાળા "ઈસ્લામ અને આધુનિક શોધો", તથા "ગુનાહોનો ઈલાજ"નો આ અંકમાં સમાવેશ કર્યો નથી, આવતા અંકથી રાબેતા મુજબ ચાલશે. (ઈન્શાઅલ્લાહ !)

**શરીઅતને અવગણી ઈદ જાહેર કરનારાઓને ચેતવણી !**

# ઈદ લાવવા ધાંધલ મચાવનારાઓ કાંઈક સમજશે ખરા ?!

**-તંત્રી લેખ**

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

**પ્યારા દીની ભાઈઓ તથા બહેનો** ! આજે મુસ્લિમ સમાજમાં અજબનું ગુમરાહીપૂર્ણ વાતાવરણ છવાઈ ગયું છે ! કેમ કે આપણે ૧૪૦૦ વરસ પાછળ દષ્ટિ કરીએ છીએ તો જોવા મળે છે કે રમઝાન મુબારકના આગમન ટાણે સહાબાએ કિરામ ખુશી પ્રદર્શિત કરતા જોવા મળે છે, ખૂબ ઈબાદત માટે તૈયારીઓ કરે છે અને રમઝાનની વિદાય પર આંસૂ સારતા જોવા મળે છે. જ્યારે આજે રમઝાન શરીફના આગમન ટાણે શાબાનની ૨૯મીએ થાય કે ૩૦મીએ ચાંદ થાય કોઈ સળવળાટ કે શોર જોવા મળતો નથી ! પણ રમઝાન શરીફના ૨૮મા રોઝાથી ચાંદની વાતો થવા માંડે છે અને ૨૯ રોઝા પછી ચાંદ ન દેખાયો તો **તે રાત જાણે કતલની રાત**ની જેમ ધાંધલ ધમાલ સાથે પસાર થાય છે ! અને સૌથી પહેલાં વહાબી દેવબંદીઓ ગમે ત્યાંથી મારી મચડીને ખબર મેળવી ઈદની જાહેરાત કરી દે છે અને એમની જાહેરાત પછી સુન્ની અવામ પણ ઈદ કરવા થનગનવા લાગે છે ! (અને એ જ તેમનો મકસદ હોય છે) અને લોકો ગવાહો તલાશ કરવા જાણે આકાશ પાતાળ એક કરવા લાગે છે ! **પોતાના શહેરમાં ચાંદ ન દેખાય તો અન્ય શહેરમાંથી ગવાહી મેળવવી એ કોની સુન્નત છે ? ખાસ તો વહાબી દેવબંદીઓ વાત વાતમાં "બિદઅત ! બિદઅત !"ની બૂમો પાડે છે તો એમને અમારી ચેલેંજ છે કે આ રીતે ગવાહી મેળવવી એ શું રસૂલની સુન્નત છે ? સહાબાની છે કે તાબઈનની છે ? સાબિત કરી બતાવે.** અને યકીનન ! નહીં સાબિત કરી શકે ! તો પછી વહાબી, અહલે હદીષ, દેવબંદીઓ વગેરે પોતે "બિદઅતી" હોવાનું સ્વીકારી લે !

ગઈ રમઝાનની ઈદની એ જ સ્થિતિ રહી. ૨૯ મી રમઝાનની મગરિબે ચાંદ ન દેખાયો તો જાણે લોકો પર આભ તૂટી પડયું હોય તેમ આખી રાત શોધખોળ ચાલતી રહી, આખી રાત ટેલીફોન તથા મોબાઈલ ગાજતા રહ્યા. અવામ તો અવામ પણ અમુક ચાંદ કમિટીઓના કહેવાતા લીડરોએ પણ અને શહેરોના રહબરોએ પણ પબ્લિકના પ્રવાહમાં તણાયને શરીઅતના હુકમોને નેવે ચઢાવીને ઈદની જાહેરાત કરી દીધી ! હવે એવો સમય આવ્યો છે કે પબ્લિકની ખુશીમાં ખુશ રહેનારા અને તેમને શરીઅત વિરૂધ્ધ ગમે તેવો ફેંસલો આપી દેનારા જ્યારે કહેવાતા દીની રહબરો થવા માંડયા તો વિ□સ કોના પર મૂકવો એ પ્રશ્ન થઈ ગયો છે !

## ૨૯ મો રોઝો છોડયા પછીની રાતની ટૂંકી દાસ્તાન !

એક ભાઈએ મને મોબાઈલ પર કહ્યું, "જનાબ ! હું ફલાણી જગાના મૌલાના, પેશ ઈમામ બોલું છું ! હું ગવાહી આપું છું કે અમારે ત્યાં ચાંદ થઈ ગયો !" મેં કહ્યું, "મૌલાના ! કોણે જોયો ?" તો કહ્યું, "બે નાના બાળકોએ !" મેં કહ્યું, "મૌલાના ! નાના બાળકોની ગવાહી ક્યારથી જાઈઝ થઈ ગઈ ?!" તો કહેવા લાગ્યા, "જનાબ ! શું કરીએ સમયનો તકાઝો છે ! જેથી અમે તો ઈદ જાહેર કરી આપી !" એક તો ફોન પર ગવાહી હજી સુધી કોઈ ઈન્ડિયાના ઈફતાએ જાઈઝ નથી ઠરાવી. હવે બીજો પ્રસંગ જુઓ :–

ગુજરાતના પ્રખ્યાત એક શહેરના કહેવાતા એક મુફતી સાહબના નંબર પર એક હાફિઝ સાહબે ફોન લગાડયો. મુફતી તરફથી જવાબ મળ્યો કે અમને ગવાહી મળી ગઈ છે જેથી અમે જાહેરાત કરી આપી છે, તમે ફોન પર ગવાહી લઈ લો ! તો તે હાફિઝ સાહબે પ્રશ્ન કર્યો કે ફોન પર ગવાહી ઈન્ડિયામાં કોઈ ઈફતાએ જાઈઝ નથી કરી તો અમે કઈ રીતે ગવાહી સ્વીકારીએ ? તો ઊંચા અવાજે કહ્યું કે, "હું કહું છું ને કે લઈ લો ! અમે ચાર ગવાહો ગવાહી આપવા ફોન પર બેસાડયા છે !" જો આ જ રીતે આમ લોકોને ફોન પર ગવાહી ચાલુ થઈ તો તો થઈ જ રહ્યું !

વળી આ જ ચાંદ કમિટીના હોદ્દેદારોમાં સુન્ની ઉપરાંત દેવબંદી, વહાબી, અહલે હદીષ, જમાઅતે ઈસ્લામી સર્વ બાતિલ ફિર્કાવાળા મોલ્વીઓ, લીડરો, હોદ્દેદારો છે. તો શું ફર્માવે છે સુન્ની ઉલમા આવી ચાંદ કમિટી માન્ય છે ખરી ?! આશ્ચર્યની વાત છે ! ગુમરાહોની બનેલી ચાંદ કમિટી ક્યાંથી માન્ય થશે ?

એક જણે મને કહ્યું કે ફોનથી ખબર આવી કે ફલાણા ગામમાં ચાંદ દેખાયો. મેં ત્યાં ફોન કર્યો તો મને કહેવામાં આવ્યું કે અમે જ તમને ક્યારના ફોનથી ખબર પૂછવા ટ્રાય કરીએ છીએ ! અમારે ત્યાં ચાદ નથી થયો.

બીજી એક મશ્હૂર શહેરની ચાંદ કમિટીમાં જે ગવાહો ગવાહી આપવા આવ્યા તેઓ પ્રથમ દેવબંદીઓના દારુલ ઈફતામાં ગયા અને ત્યાં ચાંદ જોયાની ગવાહી આપી પછી એ સુન્ની ચાંદ કમિટીના મુફતી પાસે આવ્યા ! આ ખબર એ જ ચાંદ કમિટીના એક સભ્યએ મને આપી. **હવે વિચારો કે એ કેવા સુન્ની ગવાહો કે દેવબંદી ઈફતામાં ગવાહી આપવા ગયા ?!** અને એની જાહેરાત પર કેટલાયે જિલ્લાઓમાં ૩૦મીનો રોઝો ત્યજીને લોકોએ ઈદ કરી નાખી !

અને એ જ ચાંદ કમિટીએથી ગવાહી લાવનાર ભાઈઓએ ત્યાંના ગુજરાતી ભાષાના લખાણની એક ઝરોક્ષ મને આપી જે મેં વાંચી તો મને અતિશય રંજ થયો કે **જો આ જ હાલત રહી તો આગળ જતાં કોઈ રમઝાન પૂરા ૩૦ની થશે જ નહીં !** ઢંગધડા વિનાનું લખાણ ખુલ્લા કાગળ પર જ્યારે જિમ્મેદાર કહેવાતા લોકો લખી મોકલી ઈદ કરાવે તો થઈ જ રહ્યું ! અલ્લાહની પનાહ !

વળી એક ઠેકાણે કહેવાતા બુઝુર્ગે ચાંદ કમિટીઓના સમાચાર ટી.વી. કે ફોન પર આવી ગયા તેના પર ઈદ જાહેર કરી દીધી અને ઉપરથી એવી જાહિલો જેવી દલીલો કરી કે, "તો પછી કોઈના મરણના સમાચાર ફોન પર મળે તેને પણ ન માનવા ! જો ઈદ ન મનાવવી હોય તો..... વગેરે" વળી એક જાહિલ પીરે કહ્યું કે, "હું જિમ્મેદારી લઉં છું ! તમે તમારે ઈદ કરી નાખો !" જેમની નજીક શરીઅતનું મહત્વ ન હોય અને જેહાલતની બીમારીમાં જેઓ સપડાયેલા હોય તેઓ જ આવી વાત બકે છે.

## રમઝાનના એક રોઝાનું મહત્વ અને આપણે !

હદીષ તથા ફિકહની કિતાબોમાં છે કે, **"રમઝાનનો એક રોઝો ત્યજવામાં આવે તો જીવનભર રોઝા રાખીએ પણ તે રમઝાનના રોઝાની બરાબર ઠરી ન શકે."** સુબ્હાનલ્લાહ ! ચાંદ ન દેખાય અને યોગ્ય ગવાહી નજીકમાં ન મળે તો શા માટે ફાંફાં મારીને શંકાસ્પદ રીતે ઈદ કરીને આ રોઝાની ફઝીલતથી મેહરૂમ થઈ જવું ?! અલ્લાહ મુસ્લિમોને સાચી સમજ આપે.

## શરઈ સાબિતી વિના ૨૯મીએ ઈદની જાહેરાતમાં ત્રણ ભયાનક ગુનાહો !

સુન્ની સહીહુલ અકીદા ગવાહોની શરીઅતના નિયમાનુસારની ગવાહી પામ્યા વિના જેમણે રમઝાનની ૨૯મીના રોઝા બાદ ઈદ કરી નાખી તેઓ કમસે કમ ત્રણ ગુનાહોમાં તો ઉઘાડી રીતે પડી ગયા :– **(૧)** શરીઅતના પ્રમાણે ઈદ સાબિત ન થતી હતી છતાં ૩૦મી રમઝાનનો રોઝો ન રાખ્યો તે હરામ. **(૨)** ૩૦મીનો રોઝો રાખવો જોઈએ તે દિવસે ગેર કાયદેસર રીતે ઈદ કરી તે હરામ**(૩)** અને ૩૦મી રમઝાન પછી જે દિવસે ઈદ કરવી જોઈએ તે દિવસે ન કરી તે ગુનોહ ! ઉપરાંત કેટલીયે ખરાબીઓ એમાં ઉપસ્થિત થઈ છે.

પ્યારા દીની ભાઈઓ તથા બહેનો ! ઈદ કરવી એ પણ અલ્લાહની ઈબાદત છે અને તેને તેના દર્શાવેલા નિયમો પ્રમાણે કરીએ તો જ અલ્લાહ વ રસૂલ રાજી થશે, **આપણી મનમરજી** કે **પબ્લિક ડિમાન્ડ** કે **સમયનો તકાઝો** એમાં જોવામાં આવતો નથી. એના અનુસંધાનમાં **ઉસ્તાઝુલ ઉલમા હઝરત અલ્લામા મુફ્તી અબ્દુલમુસ્તફા આઝમી** عَلَیۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُના ફત્વાનો વિગતવાર અભ્યાસ કરશો અને આગામી ઈદોને બગડતી બચાવવા ખયાલ કરશો અને **જેમની ગઈ રમઝાન ઈદ ગલત તૌર પર થઈ હોય એવું જણાય તેઓ તૌબા કરીને એક રોઝો જરૂરથી કઝા કરી લે.**

## ચાંદની સાબિતી વિશે પ્રશ્નો અને તેના શરઈ જવાબો

શું ફર્માવે છે ઉલમાએ દીન તથા શરએ મતીનના મુફતીઓ ચાંદ જોવાના મસ્અલામાં કે નીચે દર્શાવેલ પ્રશ્નોના સહીહ શરીઅત મુજબ શું જવાબો છે ? દરેક સવાલના જવાબો હવાલા સાથે હદીષ શરીફ તથા ફકીહોના કથનોના હવાલા સાથે આપશો.

*[પ્રશ્નકર્તા : અમીનુદ્દીન સિરાજુદ્દીન, સગરામપુરા, સૂરત, તા. ૧૩–૮–૧૯૫૬]*

**૧.** ચાંદ દેખાયાની તેહકીકના માટે એક શહેરથી બીજા શહેર જવું જોઈએ કે નહીં ? જો જઈને ચાંદ જોયાની ખબર લાવે તો તેને વિ□સપાત્ર માનવા માટે શું શરતો છે ?

**૨.** ટપાલથી આવેલ પત્રની ખબર તથા રેડીયો, ટેલીફોન, ટેલીગ્રાફ, તાર વગેરેની ખબરો વિ□સપાત્ર છે કે નહીં ?

**૩.** અયની શહાદતનો શો અર્થ છે ? અને કોઈ શરત સાથે તેને સ્વીકાર્ય કહી શકાય છે ?

**૪.** શહાદત અલશ્શહાદત (ગવાહીની ગવાહી)નો શો અર્થ છે ? અને તેને જાઈઝ ઠરાવવા માટે શું શું શરતો છે ?

**૫.** "ખત્તુલ કાઝી અલલ કાઝી" (કાઝીનો અન્ય કાઝીને પત્ર)નો અર્થ શો ? અને કઈ શરતો સાથે તેને વિ□સપાત્ર સમજી શકાય છે ?

**૬.** એક જગાના કાઝીનો બીજી જગાના કાઝી સિવાય કોઈ અન્યના નામે સહી તથા મહોરવાળો પત્ર બીજી જગાનો કાઝી સ્વીકારી શકે છે કે નહીં ?

**૭.** કોઈની ગવાહી અથવા પત્રને કબૂલ કરવાનો કાઝીને અધિકાર છે કે નહીં ?

**૮.** એક જગાએથી બીજી જગાએ ખબરના માટે કેટલા માઈલનું અંતર હોવું જરૂરી છે ? અથવા શરીઅતની રૂએ એની કોઈ હદ છે ?

**૯.** કાઝીના એલાનની વિરૂધ્ધ ઈદ વગેરે તહેવાર મનાવવો જાઈઝ છે કે નહીં ?

**૧૦.** ઈજમાઅનો શો અર્થ છે ? પબ્લિકની એકમતી કે ઉલમાની એકમતીને ઈજમાઅ કહે છે ? અને ઈજમાઅની વિરૂધ્ધ કરનારના માટે શરીઅતની રૂએ શો હુકમ છે ?

**૧૧.** વર્તમાનકાળમાં જ્યારે ઈસ્લામી હુકૂમત નથી તો કાઝી બનવા માટે કયો શખ્સ હક્કદાર છે ?

**૧૨.** આ **આજકાલના નિકાહખ્વાની કરાવતા વારસાગત બનતા કાઝી** જેમનામાં **મોટાભાગના તો શરીઅતના મસ્અલાઓથી તદ્દન અજાણ હોય** છે, જો તેઓ પોતાનો નાયબ કોઈ આલિમે દીનને બનાવીને શરીઅતના મસ્અલામાં તેમના નિર્ણય પર અમલ કરીને એલાન કરી શકે છે કે નહીં ?

**૧૩.** એ પ્રમાણે તે પોતાના નાયબ તથા "કઝાત કમિટી" અથવા "ચાંદ કમિટી" બનાવીને તેમના ફૈસલા પર એલાન કરી શકે છે કે નહીં ?

## અલ્ જવાબ

**જવાબ નં. ૦૧** : ચાંદ જોવાના વિશે હદીષોમાં વિવિધ રિવાયતોની સાથે એવું આવ્યું છે : أذا رأيتم الهلال فصوموا وأذار أيتموهٗ فأفطر وا فأن غم عليكم فصوموا ثلثين يوما *(મુસ્લિમ શરીફ)* આ હદીષોની તમામ રિવાયતોનો ખુલાસો એ છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું કે જ્યારે તમો ચાંદ જોઈ લો તો રોઝા રાખો અને જ્યારે ચાંદ જોઈ લો તો ઈફતાર કરો. અને જો ચાંદ તમારાથી છુપાઈ જાય તો ૩૦ દિવસ સુધી રોઝા રાખો. સારાંશ કે ૨૯ તારીખે ચાંદ છુપાય જવાના સંજોગોમાં હુઝૂર ﷺએ એ જ હુકમ ફર્માવ્યો છે કે ૩૦ દિવસ પૂરા કરી લો. **ક્યાંય કોઈ હદીષમાં પણ એવું નથી ફર્માવ્યું કે જો તમારા શહેરમાં ૨૯ તારીખે ચાંદ જોવા ન મળે તો તેની શોધખોળના માટે કોઈ બીજા શહેર જાવ.** વળી કુરૂને ષલાષા (સહાબાના યુગ)માં પણ કોઈ એવો પ્રસંગ નથી મળી શક્યો જેમાં એવું હોય કે હઝરાત ખુલ્ફાએ કિરામે કેવળ ચાંદની તેહકીકના માટે કોઈને પોતાના શહેરથી બીજા શહેર રવાના કર્યો હોય. સારાંશ કે હદીષો પર વિચારણા કરતાં અને સહાબાના યુગના અમલને જોતાં બલ્કે ફિકહની કિતાબો પર નજર દોડાવતાં ક્યાંય એ વાતની સાબિતી નથી મળતી કે પૂર્વજ બુઝુર્ગોના દૌરમાં કેવળ ચાંદની તેહકીકના માટે એક શહેરથી બીજા શહેર તરફ સફર કરવામાં આવી હોય. જેથી કેવળ ચાંદ જોયાની તેહકીકના માટે આ પ્રમાણે વ્યવસ્થા કરવી અને ફક્ત એ મકસદના માટે એક

શહેરથી બીજા શહેરની સફર કરવી ન વાજિબ સાબિત થઈ ન સુન્નત ન મુસ્તહબ. બલ્કે જેવું કે મુહદ્દિષો તથા ફકીહોની સ્પષ્ટતા છે કે ૨૯ના રોજ ચાંદ જોવાની સાબિતી તેના તરીકા પ્રમાણે સાબિત ન થાય તો ત્રીસ દિવસની ગણત્રી પૂર્ણ કરવી વાજિબ છે. અલ્લામા નવવીએ શરહે મુસ્લિમમાં ફર્માવ્યું : حاصله أن الاعتبار بالهلال فقد يكون اهـ -- હવે જો કોઈ શખ્સ એવો દાવો કરે છે કે ચાંદ જોયાની તેહકીકના માટે એક શહરેથી બીજા શહેર જવું જરૂરી છે તો એ વાત સાબિત કરવાની જિમ્મેદારી તેના માથે છે, એની પાસે માંગણી કરવી જોઈએ કે તે કોઈ શરઈ દલીલ રજૂ કરે.

હવે બાકી રહ્યું કે એ કે ચાંદ જોવાની તેહકીકના માટે કોઈ અન્ય શહેર જાય તેના વિ□સપાત્ર હોવાના માટે કેટલી શરતો જોઈએ ? તો એનું વિગતે વર્ણન આ પ્રમાણે છે :–

**(૧)** બે પુરૂષો અથવા એક પુરૂષ અને બે સ્ત્રીઓનું હોવું **(૨)** તેમનું આકિલ તથા બાલિગ હોવું **(૩)** તેમનું મુસલમાન હોવું **(૪)** તેમનું આદિલ હોવું એટલે કે તેઓ કબીરા ગુનાહ ન કરતા હોય અને સગીરા ગુનાહ વારંવાર ન કરતા હોય **(૫)** દેખતો હોવું **(૬)** બોલનાર હોવું **(૭)** જો બીજા શહેરમાં શહાદત અલશ્શહાદત (ગવાહના ગવાહ થવા) ગયા હોય તો મૂળ ગવાહોનાં નામો, બાપનાં નામો, ન કેવળ બાપનાં બલ્કે દાદાનાં નામોનું યાદ હોવું **(૮)** મૂળ ગવાહોના ઈસ્લામથી (મુસ્લિમ હોવા વિશે), અક્કલવાળા તથા બાલિગ (પુખ્તા) હોવા વિશેથી સારી પેઠે વાકેફ હોવું **(૯)** મૂળ ગવાહોનું તે ગવાહ થનારાઓને ગવાહ બનાવવું અને તેમને ગવાહીની ઈજાઝત આપવી **(૧૦)** મૂળ ગવાહોનું તે શહેરોમાં હાજરી આપવું મુશ્કેલ હોવું **(૧૧)** પછી બંને ગવાહના ગવાહ થયેલાઓનું આ પ્રમાણે ગવાહી આપવું કે "ફલાણાના પુત્ર ફલાણાના પુત્ર ફલાણા" એ ફલાણા વરસના ફલાણા મહિનાના ફલાણા દિવસ ૨૯મીના રોજ સાંજે ચાંદ જોયો. અને દરેક તેમને પોતાની ગવાહી પર ગવાહ બનાવ્યા. **(૧૨)** જો બીજા શહેરમાં ત્યાંના કાઝી અથવા મુફતીનો પત્ર હાંસલ કરવા જાય તો તે શહેરના કાઝી કે મુફતી પાસેથી ગવાહીનો પત્ર લખાવવો. **(૧૩)** તે પત્રમાં તે કાઝી કે મુફતી પોતાનું તેમજ પિતાનું નામ તથા સરનામુ લખે પછી પત્ર લેનાર મુફતીનું તેના પિતાનું નામ તથા સરનામુ લખીને એવું લખે કે મારી સમક્ષ ફલાણાના પુત્ર ફલાણા તેના પુત્ર ફલાણા અને ફલાણાના પુત્ર ફલાણા તેના પુત્ર ફલાણાએ ફલાણા સાલના ફલાણા મહિના ફલાણા દિવસની સાંજે ૨૯ના ચાંદ જોવાની ગવાહીઓ આપી અને ગવાહોની છાનબીન તથા અદાલત બાદ મેં ચાંદ થવાની સાબિતીનો હુકમ આપ્યો. **(૧૪)** તે પત્ર તે ગવાહોને સંભળાવવું **(૧૫)** પત્રને કવરમાં બંધ કરવો. **(૧૬)** તેને સીલબંધ કરવું **(૧૭)** તે કાઝી તથા મુફતીનું તે પત્રને મજલિસે કઝામાં કે મજલિસે ઈફતામાં તે ગવાહોને સોંપવું. **(૧૮)** તે ગવાહોનું તે સીલબંધ પત્રને કાળજીપૂર્વક પોતાના શહેર કાઝી કે મુફતી પાસે લાવવું. **(૧૯)** તે સીલબંધ પત્રને મજલિસે કઝા કે ઈફતામાં આપવું **(૨૦)** એ ગવાહી આપવી કે આપના નામે ફલાણાના પુત્ર ફલાણા શહેર કાઝી તથા મુફતીનો પત્ર છે જે તેમણે અમને સંભળાવ્યો અને તેના પર અમને ગવાહ બનાવ્યા, અને મજલિસે કઝા અથવા ઈફતામાં અમારી સમક્ષ તેને કવરમાં બંધ કર્યો અને મહોર મારીને અમને સોંપ્યો. આ તેમનો પત્ર છે, તેનું લખાણ છે અમે એ બાબતની ગવાહી આપીએ છીએ. **(૨૧)** ગવાહી આપતી વખતે એવું કહેવું કે હું શહાદત કે ગવાહી આપું છું **(૨૨)** શહાદત (ગવાહી) આપવા માટે મજલિસે કઝાનું હોવું **(૨૩)** ગવાહોની અદાલતની (આદિલ હોવાની) તેહકીક તથા છાનબીન કરવી.

જેથી જે લોકો ચાંદ જોવાની તેહકીક કરવાના માટે બીજા શહેરમાં જાય તેમના વિ□સપાત્ર હોવા અને તેમની ગવાહીઓ વિ□નીય હોવા માટેની આ શરતો છે જે ઉપર વર્ણવી છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**જવાબ નં. ૦૨** : પત્ર તથા કવરો જે ટપાલથી આવે તેમની ખબર અવિ□સનીય અને અયોગ્ય છે. જેમ કે હિદાયહ, દુર્રે મુખ્તાર, રદુલ મુહતાર, મજમઉલ અન્હર, અયની, આલમગીરી વગેરેમાં છે : الخط يشبهٔ الخط فلايعمل بہ એટલે કે "એક લખાણ બીજા લખાણની સમાન હોઈ શકે છે, જેથી તે અમલને પાત્ર ચીજ નથી." એ જ પ્રમાણે રેડીયો, ટેલીફોન, તારની ખબરો પણ અવિ□સપાત્ર છે. હિદાયામાં છે : ولو سمع من وراء الحجاب لا يجوزلهٔ أن يشهد اهـ--- **અર્થાત** : "જો પર્દાની પાછળથી કોઈ વાત જો કોઈએ સાંભળી તો તેના માટે જાઈઝ નથી કે ગવાહી આપે. એટલા માટે કે એક અવાજ બીજા અવાજને મળતો જુલતો હોઈ શકે છે, જેથી એનાથી ઈલ્મે યકીની હાંસલ નથી થઈ શક્તો." ફકત વલ્લાહુ તઆલા અઅ્લમ.

**જવાબ નં. ૦૩** : અયની શહાદતનો એ મતલબ થાય છે કે ગવાહે તેને (ચાંદને) પોતાની આંખે ખૂદ જોયો છે. તો તે ગવાહી આપતી વખતે એવું કહી શકે કે મેં એને ખૂદ મારી આંખો વડે જોયો છે. અયની શહાદતના સ્વીકારપાત્ર હોવાના માટે આ શર્તો જરૂરી છે :–

**(૧)** દરેક ગવાહનું ગવાહી આપતી વેળા એવું કહેવું કે હું ગવાહી આપું છું. **(૨)** ગવાહીના માટે મજલિસે કઝા અથવા ઈફતામાંનું હોવું **(૩)** ગવાહોનું બે પુરૂષ અથવા એક પુરૂષ તથા બે સ્ત્રીઓનું હોવું **(૪)** તેમનું આકિલ તથા બાલિગ હોવું **(૫)** તેમનું મુસલમાન હોવું **(૬)** જોનાર હોવું **(૭)** પોતાની આંખો વડે ખૂદ જોવું **(૮)** બોલનાર હોવું **(૯)** આદિલ હોવું **(૧૦)** ચાંદ જોયાની ગવાહીમાં સાલનું નામ લેવું **(૧૧)** અને મહીનાનું નામ લેવું **(૧૨)** અને દિવસનું નામ લેવું **(૧૩)** ચાંદ જોયાના સમયનું દર્શાવવું **(૧૪)** ચાંદ જ્યાં જોયો તે સ્થળનું નામ લેવું. આ સૌ અયની શહાદતની શરતો છે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**જવાબ નં. ૦૪** : "શહાદત અલશ્શહાદત"નો એ અર્થ છે કે તેણે પોતે તો પોતાની આંખથી નથી જોયો પરંતુ તેમની રૂબરૂ બે જોનારાઓએ ગવાહી આપી અને તેમણે તેમને પોતાની ગવાહી પર ગવાહ બનાવ્યા તો મૂળ જોનાર ગવાહો અસલ (મૂળ) કહેવાય છે, અને આ બંનેવ ગવાહો "શાહિદાને ફરઅ" અને શાહિદાને અલશ્શાહિદીન (ગવાહોના ગવાહ) કહેવાય છે, અને આ શાહિદાને ફરઅની શહાદતને ગવાહીના ગવાહી કહેવાય છે. આ ગવાહીની ગવાહીની શરતો આ પ્રમાણે છે : **(૧)** ગવાહોના ગવાહ થનારાઓએ ગવાહી આપતી વખતે એવું કહેવું કે હું ગવાહી આપું છું **(૨)** શહાદત (ગવાહી)ના માટે મજલિસે કઝા કે ઈફતાનું હોવું **(૩)** તે ગવાહોનું બે પુરૂષ અથવા એક પુરૂષ તથા બે સ્ત્રીઓનું હોવું **(૪)** તેમનું મુસલમાન હોવું **(૫)** તેમનું આકિલ તથા બાલિગ હોવું **(૬)** આદિલ હોવું **(૭)** બોલનાર હોવું **(૮)** મૂળ ગવાહોનાં નામ તથા પિતાનું નામ યાદ હોવું **(૯)** અસલ ગવાહોના ઈસ્લામ તથા અક્લ તથા પુખ્તાપણુ (બાલિગ હોવું) તથા અદાલતથી વાકેફ હોવું. **(૧૦)** અસલ ગવાહોનું તે ગવાહ થનારાઓને ગવાહ બનાવવું **(૧૧)** અહીં અસલ ગવાહોનું હાજર થવું મુશ્કેલ હોવું **(૧૨)** ગવાહના ગવાહ થનારાએ દરેકે એ રીતે ગવાહી આપવી કે, "હું ગવાહી આપું છું કે ફલાણાના પુત્ર ફલાણા તેના પુત્ર ફલાણા અને ફલાણાના પુત્ર ફલાણા તેના પુત્ર ફલાણાએ ફલાણી સાલ ફલાણા મહીના ફલાણા

દિવસની સાંજે ૨૯મીએ ચાંદ જોયો અને દરેકે પોતપોતાની ગવાહી પર અને ગવાહ કર્યા. આ છે શહાદતની શહાદત આપવાની શરતો, કે જો એમાંથી એક ચીજ પણ ન પામવામાં આવે તો ગવાહીની ગવાહી કદાપિ સ્વીકારને પાત્ર થશે નહીં. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**જવાબ નં. ૦૫** : કાઝીનો કાઝીને પત્ર આ રીતે હોય છે : દા.ત. કોઈ શહેરના કાઝી કે મુફતીની સમક્ષ ચાંદ જોયાની ગવાહીઓ ગુજરી અને તેણે ચાંદની સાબિતીનો હુકમ આપ્યો. પછી તે કાઝી તથા મુફતીએ એક પત્ર લખ્યો જેમાં પોતાનું નામ, પિતાનું તથા સરનામુ લખીને બીજા શહેરના કાઝી કે મુફતીના નામ તથા પિતાનું નામ તથા સરનામુ લખીને એવું લખ્યું કે મારી સમક્ષ ફલાણાના પુત્ર ફલાણા તેના પુત્ર ફલાણા તથા ફલાણાના પુત્ર ફલાણા તેના પુત્ર ફલાણાએ ફલાણા મહિનાનો ચાંદ ફલાણા દિવસની સાંજે જોવાની ગવાહીઓ આપી, મેં તે ગવાહીઓને લઈને ગવાહોની છાનબીન પછી ૨૯મીના ચાંદ થયાનો હુકમ આપ્યો, તે પત્રને બે આદિલ ગવાહોને સંભળાવીને તેમની સામે જ કવરમાં બંધ કરી દીધો. પછી કવરને સીલબંધ કરી તેમને તે પત્ર પર ગવાહ બનાવીને આપી દીધો. પછી તે ગવાહો તે સીલબંધ કવરને કાળજીપૂર્વક તે શહેરના કાઝી તથા મુફતીની પાસે લાવે. અને તેને મજલિસે કઝા અથવા ઈફતામાં આ સીલબંધ કવર આપે અને એવી ગવાહી આપે કે આપના નામે ફલાણાના પુત્ર ફલાણા શહેર કાઝી કે મુફતીનો પત્ર છે. તેમણે અમને આ પત્ર સંભળાવ્યો અને એના પર અમને ગવાહ કર્યા અને અમારી સમક્ષ એ પત્રને કવરમાં બંધ અને સીલબંધ કર્યો આ તેમનો પત્ર છે, તેનું લખાણ તેમનું છે, અમે એ બાબતની ગવાહી આપીએ છીએ. આ કાઝીના કાઝી પર પત્રના વિ□સપાત્ર થવા માટે આ શરતો છે : **(૧)** ગવાહોનું બે પુરૂષ કે એક પુરૂષ બે સ્ત્રીઓનું હોવું **(૨)** તેમનું મુસલમાન હોવું **(૩)** તેમનું આકિલ તથા બાલિગ હોવું **(૪)** તેમનું આદિલ હોવું **(૫)** તેમનું જોનાર હોવું **(૬)** તેમનું બોલનાર હોવું **(૭)** ગવાહોએ પત્રનું લખાણ ખૂદ સાંભળવું **(૮)** તેમની સમક્ષ પત્રનું કવરમાં બંધ થવું **(૯)** કવરનું સીલબંધ હોવું **(૧૦)** તે ગવાહોનું પત્ર પર ગવાહ થવું **(૧૧)** ગવાહોને તે પત્રને મજલિસે કઝા કે ઈફતામાં આપવું **(૧૨)** તે ગવાહોનું કાળજીપૂર્વક તે પત્રને બીજા શહરેના કાઝી કે મુફતી પાસે લાવવું **(૧૩)** તે સીલબંધ પત્રને તે મુફતી કે કાઝીને મજલિસે કઝા કે ઈફતામાં આપવું **(૧૪)** એ ગવાહી આપવી કે આપના નામે આ ફલાણાના પુત્ર ફલાણા તેના પુત્ર ફલાણા શહેર કાઝી કે મુફતીનો પત્ર છે, તેણે અમને એને વાંચી સંભળાવ્યો અને એના પર અમને ગવાહ કર્યા અને અમારી સમક્ષ તેને કવરમાં બંધ કર્યો અને કવરને સીલબંધ કર્યો, આ એમનો પત્ર છે અને આ તેનું લખાણ છે એના પર અમે ગવાહી આપીએ છીએ **(૧૫)** તે કાઝી કે મુફતીનું તે પત્રને વાંચીને તે ગવાહોની અદાલત તથા છાનબીન પછી પોતાના શહેરના માટે હુકમ આપવું. આ સર્વ શરતો કાઝીના કાઝીને પત્રના સ્વીકાર્ય તથા વિ□સપાત્ર થવા માટે જરૂરી છે. ફકત વલ્લાહુ તઆલા અઅ્લમ.

**જવાબ નં. ૦૬** : શરીઅતે કાઝીના થકી કાઝીને લખેલ પત્રના સ્વીકાર્ય થવા સંબંધે ઉપરોક્ત શરતો રાખી છે, જો તે પત્ર કાઝી કે મુફતીના નામે ન હોય, બલ્કે કોઈ બીજાના નામે લખવામાં આવ્યો હોય તો કાઝી તથા મુફતી તે પત્રને સ્વીકારી પણ નથી શકતા. *(દુર્રે મુખ્તાર વગેરે)* ફકત વલ્લાહુ તઆલા અઅ્લમ.

**જવાબ નં. ૦૭** : જો શહાદત (ગવાહી) તથા કાઝીના થકી કાઝીને પત્ર સંબંધી તમામ શરતો મૌજૂદ હોય ત્યારે તો તે ગવાહી તથા કાઝીના પત્રને કબૂલ કરવો અને એના પર હુકમ આપવો જરૂરી

છે. *(દુર્રે મુખ્તાર તથા આલમગીરી)* ફકત વલ્લાહુ તઆલા અઅ્લમ.

**જવાબ નં. ૦૮** : જ્યારે એક જગાએથી બીજી જગાએ શરીઅતના નિયમાનુસાર ખબર પહોંચી જાય તો તેના સ્વીકાર્ય તથા વિ□ાસપાત્ર હોવા માટે એટલુ જ પૂરતુ છે કે તે ખબર શરીઅતના નિયમાનુસારની હોય. શરીઅતની રૂએ તેના માટે ન માઈલનું માપ નિશ્ચિત છે ન કોઈ હદની પાબંદી છે. એટલે સુધી કે પશ્ચિમવાસીઓના ચાંદ જોવા પર પૂર્વવાળાએ અમલ કરવો વાજિબ છે. *(મજમઉલ અન્હર–મિસ્રી, ભાગ–૧, પેજ–૨૩૮)*

તરીકે મુજીબ (શરીઅતના નિયમાનુસારની)ની શરતો એ જ છે જે ઉપર વર્ણન થઈ ચૂકી. એટલે ગવાહી અથવા ગવાહીની ગવાહી અથવા કાઝીનો કાઝીને લખેલ પત્ર કે જ્યારે પૂરી શરતો સાથે પહોંચી જાય. ફકત વલ્લાહુ તઆલા અઅ્લમ.

**જવાબ નં. ૦૯** : કાઝીના એલાન તથા હુકમનું પાલન કરવું જરૂરી છે અને તેનો વિરોધ શરીઅતની રૂએ મના છે. હદીષમાં છે : من يطيع الأمير فقد اطاعني ومن يعص الأمير فقدعصاني *(બુખારી તથા મુસ્લિમ)* જેથી કાઝીના એલાનની વિરૂદ્ધ જઈને ઈદ વગેરે મનાવવું મના છે. ફકત વલ્લાહુ તઆલા અઅ્લમ.

**જવાબ નં. ૧૦** : શરીઅતની રૂએ ઈજમાઅનો અર્થ એ છે કે મુજતહિદો તથા ઉમ્મતના ઉલમાનું એક સમયમાં કોઈ શરઈ હુકમ પર એકમતી સાધી લેવું. હવે રહી પબ્લિક તો તે એ શરીઅતની બાબતોમાં ઈજમાઅમાં દાખલ છે જેમાં શરઈ કયાસની જરૂરત નથી, અને જેમાં શરઈ કયાસની જરૂરત હોય એમાં પબ્લિકના ઈજમાઅ (એકમતી)ને કોઈ દખલ નથી, બલ્કે એ બાબતોમાં કેવળ મુજતહિદો તથા આલિમોનો ઈજમાઅ (એકમતી) જરૂરી છે. "ઈજમાઅ"નો મુન્કિર (નકારનારો) તથા વિરોધી શરીઅતની રૂએ **કાફિર** છે. *(તવઝીહ તથા મુસલ્લમુષ્ષબૂત વગેરે)* ફકત વલ્લાહુ તઆલા અઅ્લમ.

**જવાબ નં. ૧૧** : જે સ્થળોમાં ઈસ્લામી હુકૂમત નથી ત્યાં મુસલમાન પોતાની ધાર્મિક બાબતોના માટે કોઈ મુસલમાન આકિલ, બાલિગ, દીનદાર, સાંભળનાર, જોનારને કાઝી બનાવી લે. બેહતર એ છે કે તે ફતવા આપનાર (મુફતી) હોય જે શરીઅતના હુકમોને કુર્આન તથા હદીષ તથા અકીદાની તથા ફિકહની કિતાબોમાં ખૂદ કાઢી શકે. તો એ કાઝી જુમ્આ તથા ઈદ વગેરે બાબતોને પણ કાયમ કરે અને લોકોની દીની બાબતોમાં પણ સહીહ રહનુમાઈ કરે. *(રદ્દુલ મુહતાર તથા આલમગીરી)* ફક્ત વલ્લાહુ તઆલા અઅ્લમ.

**જવાબ નં. ૧૨** : જો એ નિકાહ પઢાવનારા કાઝીઓમાં કોઈ આલિમે દીન તો ન હોય પરંતુ તેનો પોતાના શહેર પર પ્રભાવ હોય અને મોટા ભાગના શહેરવાસીઓ તેની વાત માનતા હોય, **તો તે કાઝી કોઈ દીનના મુફ્તી પાસેથી ફત્વો મેળવીને** તે ફત્વાના પ્રમાણે એલાન કરી શકે છે. *(આલમગીરી)*

**જવાબ નં. ૧૩** : જાહેર છે કે **આજકાલના કાઝી એ તે શરીઅત મુજબના કાઝી નથી** જેમને નિયુક્ત કરવું ઈસ્લામી બાદશાહનું કામ છે, બલ્કે એ **નામ માત્રના કાઝી** મોટાભાગે ખાનદાની (વારસાગત) હોય છે. **તો એ કાઝીઓને તે અધિકારો નથી જે શરઈ કાઝીના**

**અધિકારો હોય છે.** અને ફકીહોએ સ્પષ્ટતા કરી શકે છે ઈસ્લામી બાદશાહની ઈજાઝત વિના કોઈને પોતાનો નાયબ નિયુક્ત કરે. તો પછી **આજકાલના કાઝી સાહબો જેઓ હકીકતમાં શરઈ કાઝીનો દરજ્જો નથી ધરાવતા** તેમને પોતાનો નાયબ બનાવવા કે ચાંદ કમિટીઓ બનાવવાનો શરીઅતની રૂએ અધિકાર કે હક્ક પ્રાપ્ય નથી.

આલમગીરીમાં છે :– السلطان اذا قال لرجل جعلتك قاضياليس لهٗ ان يستخلف : ફક્ત વલ્લાહુ તઆલા અઅ્‌લમ.

લખનાર : **(હઝરત અલ્લામા મુફતી) અબ્દુલ મુસ્તફા આઝમી**
*(ખાદિમુલ હદીષ શરીફ દારુલ ઉલૂમ શાહે આલમ, અહમદાબાદ, ૩ નવે.–૧૯૫૬ ઈ.સ.)*

★ ★ ★ ★ ★

## હઝરત મુફતી નિઝામુદ્દીન મિસ્બાહીથી ચાંદ વિશે પ્રશ્નો ?

અંતમાં વાંચકોના અધિક જ્ઞાન માટે ભરૂચ તા. ૪/૧૨/૦૫ના રોજ થયેલ **સુન્ની દા'વતે ઈસ્લામી**ના સુન્ની ઈજતેમામાં મુહક્કિકે મસાઈલે જદીદા **હઝરત અલ્લામા મુફતી નિઝામુદ્દીન રઝવી મિસ્બાહી** (સદર મુફતી જામિઆ અશરફિયા–મુબારકપુર, જિ. આઝમગઢ, યુ.પી.)ને પબ્લિકે કરેલ પ્રશ્નોત્તરીને ટૂંકાવીને રજૂ કરીએ છીએ જેમાં આપણા ઘણા પ્રશ્નોનું સમાધાન થઈ જશે.

## રેડીયો, ટી.વી., ટેલીફોન તથા ફેક્સ થી ચાંદ સાબિત થશે નહીં

હદીષમાં છે : "રોઝો રાખો ચાંદ જોઈને અને રોઝો છોડો ચાંદ જોઈએ." વાદળ સાફ ન હોય અને ચાંદ ન દેખાય તો બે શરઈ ગવાહોની ગવાહીથી ચાંદ સાબિત થશે. રેડીયો, ટી.વી., ટેલીફોન, (ફેક્સ) વગેરેની ખબરથી કેવળ આપણને ન્યૂઝ (ખબર) મળે છે પણ ચાંદ થયાની સાબિતી થતી નથી, તમે દુનિયાની કોર્ટોમાં પણ ચાલ્યા જાવ અને કહો કે રેડીયોમાં આ સમાચાર આવી ગયા છે, વર્તમાનપત્રમાં ખબર છપાઈ છે, કે ટી.વી. પર જાહેર થયું છે કે ફલાણા માણસે આ ગુનો કર્યો છે. ટેલીફોનથી અમને ખબર મળી છે કે ફલાણા માણસે આ ગુનો કર્યો છે, ખૂદ ન્યાયાધીશને પણ ટેલીફોનથી ખબર મળી જાય છતાં તેને સબૂત નથી માનતો અને તેના આધારે કોઈને સજા નથી કરતો. ધારો કે દેશનો વડા પ્રધાન ટી.વી. પર કે રેડીયો પર જાહેરાત કરે કે ફલાણા શહેરની ફલાણી વ્યક્તિએ ફલાણાને દસ દંડા માર્યા છે તો તેની આ સજા છે, અને ગવર્નર પર લાઝિમ છે કે તેને આ સજા આપે. તો શું હાકિમ એવું કરશે ? કદી નહીં કરી શકે. હા ! જાણકારી માટે માની લેશે કે આ ખબર સાચી હશે પણ એના આધારે કોઈ એને ગુનેહગાર ઠરાવી સજા કરી શકશે નહીં. ભલે એ ખબર સાચી છે. અને આખુ જગત તાર ટેલીફોનની ખબર પણ ઘણા કામો કરે છે અને માને પણ છે. દા.ત. લંડનથી ખબર આવી કે ફલાણા માણસનો ઈંતેકાલ થઈ ગયો તો તમને યકીન થઈ જાય છે અને અહીં ફાતેહા, ઈસાલે સવાબ સૌ થઈ જાય છે, પણ સબૂતના મામલામાં નહીં થાય, દેશનો વડાપ્રધાન કે રાષ્ટ્રપતિ પણ જાહેર કરી દે છતાં એ સબૂત નહીં બને. અને એ વાતને સબૂતની હૈસિયતથી દુનિયાનો કોઈ હાકિમ નથી માનતો, કોઈ કચેરી નથી માનતી. એ જ રીતે ઈસ્લામી અદાલત પણ સબૂતની હૈસિયતથી એને સ્વીકારતી નથી. સબૂતના માટે જરૂરી છે શરઈ શહાદત (ગવાહી). જ્યારે શરઈ ગવાહી મળે ત્યારે સબૂત થશે. કોર્ટ કચેરીમાં જ્યારે સાક્ષીઓ

રજૂ થાય છે ત્યારે તેને સાબિત માનવામાં આવે છે, ત્યાં સુધી નહીં. બરાબર એ જ પ્રમાણે ઈસ્લામી અદાલતની વ્યવસ્થા પણ છે અને ઈસ્લામી અદાલત વ્યવસ્થાથી જ આ કોર્ટ કચેરીવાળાઓએ શીખ્યું છે. જેથી જ્યાં સુધી શરઈ ગવાહી ન મળે ચાંદ સાબિત થશે નહીં.

## બીજા ફિર્કાવાળા ઈદ કરે તો આપણે શું કરવું ?

ભલે બીજા ફિર્કાવાળા જાહેર કરી દે. અને આપણે એમની સાથે શું લેવા દેવા છે ! જ્યારે આપણે તેમને મુસલમાન નથી માનતા, તેમની નમાઝને નમાઝ નથી માનતા ન તેમના રોઝાને રોઝા માનીએ છીએ તો તેમની દેખાદેખી કાંઈ કરવાની જરૂર જ શું છે ? કેમ કે આપણે જ સાચા અહલે સુન્નત છીએ. જ્યારે ર૯ દિવસના રોઝા રાખ્યા તો એક દિવસનો અધિક રોઝો રાખી લો તો ૩૦ રોઝાનો સવાબ મળે અને સુન્નતે મુસ્તફા પર અમલ પણ થઈ જાય.

## શરીઅત મુજબના કાઝી કોને કહેવાશે ?

શહેરના કાઝીનું એલાન શહેર આસપાસના ૪–૫ કિ.મી. સુધીનાં ગામોને લાગુ પડશે એથી વધુ નહીં. અને જો કાઝી પૂરા જિલ્લાનો શરઈ કાઝી હશે તો એનું એલાન જિલ્લાભરના લોકો માટે લાગુ થઈ શકે છે, **પણ એ કાઝી હાલના નિકાહ પઢાવનારા છે તે કાઝી નહીં !** બલ્કે **કાઝીનો અર્થ કાઝીએ શરીઅત** છે, પોતાના ઈલાકાનો માહિર જબરદસ્ત આલિમે દીન જે ફિક્હી મસાઈલનો ખૂબ જ જાણકાર (નિષ્ણાત) છે અને એ જ ઈલાકાના જાણકાર આલિમોમાં સૌથી મોટો જાણકાર છે કે જ્યારે કોઈ મસ્અલો ગુંચવાય છે ત્યારે સામાન્યતઃ પબ્લિક, આલિમ, આમ તથા ખાસ સર્વ લોકો એના પ્રતિ રુજૂઅ કરે છે, જે એ મસ્અલાનો હલ કાઢે છે. તો આવો મહાન આલિમે દીન જેના પ્રતિ લોકો રુજૂઅ કરતા હોય તે જ કાઝીએ શરીઅત છે. ચાહે લોકોએ નિયુક્ત કર્યો હોય તો પણ અને ન કર્યો હોય તો પણ તે અલ્લાહ તરફથી કાઝીએ શરીઅત છે.

## ચાંદ કમિટીઓનું એલાન કેટલુ વિ□ાસપાત્ર છે ?

અમારી પાસે એક અજીબો ગરીબ સવાલ રાજસ્થાનથી આવ્યો કે ૬૫ માણસોની ચાંદ કમિટી છે પણ એમાં એક પણ આલિમે દીન નથી ! ન નાનો ન મોટો ! અને તે લોકોએ ચાંદનો ફેંસલો કર્યો અને તે પણ ગલત ! અને જાહેર છે કે આવી કમિટી ગલત ફેંસલો જ કરે ! અહીં અમને એક હદીષ યાદ આવી ગઈ કે, "કિયામત નજીક આવશે ત્યારે લોકો જાહિલોને પોતાના પેશવા બનાવશે અને તેઓ ફત્વા આપશે અને તેનાથી તેઓ ખૂદ પણ ગુમરાહ થશે અને લોકોને પણ ગુમરાહ કરશે." જેથી ચાંદ કમિટીમાં આલિમ જરૂરી છે. આ તદન દીની મસ્અલો છે અને એમાં ગેર આલિમની દખલ ન હોવી જોઈએ. અને ઉલમા પણ જિમ્મેદાર હોય તે હોવા જોઈએ તો જ તેઓ સહીહ ફેંસલો આપશે જે કાઝીએ શરઈના ફેંસલા જેમ ગણાશે. અને એવી ચાંદ કમિટી જો પૂરા જિલ્લા માટે હશે તો તેનો ફેંસલો જિલ્લા માટે ગણાશે અને જો શહેર માટે હશે તો શહેરના લોકો માટે તેનો ફેંસલો ગણાશે. આ જવાબ દરમ્યાન અઝાન થતી હતી જેથી હઝરતે એ મસ્અલો પણ બતાવ્યો કે જ્યારે ફિક્હી મસ્અલો બયાન થતો હોય ત્યારે અઝાન થતી હોય તો મસ્અલો બતાવવો જાઈઝ છે એ દરમ્યાન અઝાનનો જવાબ દેવો જરૂરી નથી.

-કાર્યાલય

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન

ضیاء القرآن

અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## ★ સૂરએ બકરહની તફસીર ★

وَمَآ أُنْزِلَ عَلَى الْمَلَكَيْنِ بِبَابِلَ هَارُوْتَ وَمَارُوْتَ

وَمَا يُعَلِّمٰنِ مِنْ أَحَدٍ حَتّٰى يَقُوْلَآ إِنَّمَا نَحْنُ فِتْنَةٌ فَلَا تَكْفُرْ

فَيَتَعَلَّمُوْنَ مِنْهُمَا مَا يُفَرِّقُوْنَ بِهٖ بَيْنَ الْمَرْءِ وَزَوْجِهٖ وَمَا هُمْ

بِضَآرِّيْنَ بِهٖ مِنْ أَحَدٍ إِلَّا بِإِذْنِ اللّٰهِ وَيَتَعَلَّمُوْنَ مَا يَضُرُّهُمْ

وَلَا يَنْفَعُهُمْ وَلَقَدْ عَلِمُوْا لَمَنِ اشْتَرٰىهُ مَا لَهٗ فِى الْاٰخِرَةِ مِنْ

خَلَاقٍ وَلَبِئْسَ مَا شَرَوْا بِهٖٓ أَنْفُسَهُمْ لَوْ كَانُوْا يَعْلَمُوْنَ ﴿١٠٢﴾

**તર્જુમો** : તેમ જ તે પણ જે ઉતારવામાં આવ્યો બે ફરિશ્તાઓ પર બાબિલ (શહેર)માં (જેમનાં) નામો હારૂત તથા મારૂત હતાં[૧૧૭] અને (કાંઈ) ન શીખવાડતા હતા તેઓ બંનેવ કોઈને જ્યાં સુધી ન કહી લેતા કે અમે તો નર્યી આજમાઈશ છીએ (એના પર અમલ કરીને) કુફ્ર ન કરશો (તેમ છતાં) લોકો શીખતા રહ્યા અને બંનેવથી તે માત્ર[૧૧૮] જેનાથી જુદાઈ નાખતા હતા પતિ તથા તેની પત્નીમાં, અને તેઓ નુકસાન નથી પહોંચાડી શક્તા પોતાના જાદૂ વડે અલ્લાહની મરજી વિના[૧૧૯]. અને તેઓ શીખે છે તે ચીજ જે નુકસાનકર્તા છે તેમના માટે, અને તેમને નથી ફાયદો પહોંચાડી શક્તી. અને તેઓ સારી રીતે જાણે છે કે જેણે એનો સોદો કર્યો તેના માટે આખેરતમાં (અલ્લાહની રહમતથી) કોઈ હિસ્સો નથી. અને ઘણી જ બુરી છે તે ચીજ વેચી છે તેમણે જેના બદલામાં પોતાની જાનો (ની ભલાઈને) કાશ ! તેઓ કાંઈક જાણતા !

## ★ તફસીર ★

**૧૧૭.** આ આયતમાં બે શક્યતાઓ છે : **પ્રથમ** એ કે ما નફીયહ છે અને આ શબ્દો વાંધાસૂચક છે. એ સ્થિતિમાં એનો મતલબ એ થશે કે યહૂદીનું એવું કહેવું કે જાદૂ પણ આસ્માનથી ફરિશ્તાઓ પર નાઝિલ થયો અને ફરિશ્તાઓએ જ અમને એ શીખવ્યો, એટલા માટે એ પણ આસ્માની સહીફા (કિતાબો)ની જેમ આસ્માની ચીજ છે અને મુકદ્દસ છે. યહૂદીઓનું આવું કહેવું સરાસર બાતિલ (ગલત) છે. وما انزل على الملكين ફરિશ્તાઓ પર હરગિઝ કોઈ જાદૂ નાઝિલ નથી કરવામાં આવ્યો. હારૂત તથા મારૂત 'બદલે બઅઝ' (એમનાં જેવાં નામધારી શૈતાનો) એટલે કે શૈતાનો જેમના બે કાર્યકર્તાનાં નામો હારૂત તથા મારૂત છે તેઓ જાદૂ શીખવાડયા કરતા હતા. અલ્લામા કુર્તબીએ લખ્યું છે :

هذا اولىٰ ما حملت عليه الاية من التاويل و

اصح ماقيل فيها ولا يلتفت الى سواه

એટલે કે આયતની આ જ તાવીલ કરવી જોઈએ, એ જ સૌથી વિશેષ સહીહ કથન છે અને એના સિવાય અન્ય કોઈ કથન પ્રતિ ધ્યાન કરવું ન જોઈએ. ખરેખર આ તાવીલથી કેટલીયે શંકાઓનું નિવારણ થઈ જાય છે.

પરંતુ જમહૂર (બહુમતિ) ઉલમાનું કથન છે

કે انزل ما માં ما મૌસૂલા છે અને તેનો اتبعوا ના હેઠળ છે. એટલે યહૂદીઓ પેલેસ્ટાઈનમાં રિવાજ પામેલ જાદૂ પર પણ કાર્યરત હતા અને જ્યારે બખ્ત નસર બૈતુલ મુકદ્દસ જીત્યા બાદ બની ઈસ્રાઈલને જંગી કેદી બનાવીને બાબિલમાં લઈ ગયા તો તે કુફ્ર તથા ઈલ્હાદ (અધર્મતા)ની દુનિયામાં તૌહીદની તબ્લીગ કરવાને બદલે તેઓ ઉલ્ટા ત્યાંના લોકોથી પણ તેમણે જાદૂ શીખ્યો અને તેના પર પણ અમલ કર્તા થયા. હવે અહીં એ શંકા ઉપસ્થિત થાય છે કે હારૂત તથા મારૂત જે માસૂમ ફરિશ્તા હતા તેમને શાથી જાદૂની તા'લીમ આપવાના માટે બાબિલમાં ઉતારવામાં આવ્યા. તો તેની હિકમત એ બયાન કરવામાં આવી છે કે એ વખતે આખા વિ□માં ખાસ કરીને બાબિલના રાજ્યમાં જાદૂનો ઘણો જ રિવાજ હતો. જાદૂના બળે લોકો જાત જાતના કરિશ્મા દેખાડતા જેનાથી ભોળાભાળા માણસો અચંબામાં મૂકાઈ જતા. તેમની દષ્ટિમાં જાદૂ અને મો'જિઝામાં કોઈ ફરક ન રહી ગયો હતો, બલ્કે તેઓ જાદૂને ઈલ્મની એક અતિ લાભદાયી શાખા સમજતા હતા અને જાદૂગરોને મુકદ્દસ (પવિત્ર, માનનીય) સમજવા લાગ્યા હતા.

फतवा विभाग

## હિસ્સાવાળી કુર્બાનીમાં કોઈ દેવબંદીનો હિસ્સો હોય તો ?!

ફતાવા

કુર્બાનીના મોટા જાનવર ઊંટ, ભેંસ વગેરેમાં સાત હિસ્સા હોય છે, તો એ સાત હિસ્સાઓમાં સુન્ની મસ્લકે આ'લા હઝરતની સાથે વહાબી, દેવબંદી, ગૈર મુકલ્લિદ તથા રાફઝી વગેરે પણ શરીક થઈ શકે છે ? જો તે શરીક હોય તો શું મસ્લકે આ'લા હઝરતની પયરવી કરનારની કુર્બાની જાઈઝ થશે ? કુર્આન તથા હદીષની રોશનીમાં એનો દલીલપૂર્ણ વિગતવાર જવાબ આપશો. *[પ્રશ્નકર્તા: ફારૂક અહમદખાં, ડ્રાયવર : કપ્તાનગંજ, જિ. બસ્તી, યુ.પી.]*

**જવાબ** : દેવબંદી ધર્મના મોલ્વી અશ્રફઅલી થાનવી, કાસિમ નાનોત્વી, રશીદ અહમદ ગંગોહી તથા ખલીલ અહમદ અંબેઠવીને તેમનાં કતઈ કુફ્રી લખાણો અનુક્રમે હિફઝુલ ઈમાન, પેજ-૮, તહઝીરુન્નાસ, પેજ-૧૩, ૧૪, ૨૮ તથા બરાહીને કાતિઆ, પેજ-૫૧ના કારણે મક્કા મુઅઝ્ઝમા, મદીના મુનવ્વરા, હિંદ તથા પાક., બાંગલા દેશ તથા બર્માના સેંકડો ઉલમાએ કિરામે તથા મહાન મુફતીઓએ કાફિર તથા મુર્તદ ઠરાવ્યા છે. જેની વિગત ''ફતાવા હુસ્સામુલ હરમૈન'' તથા ''અસ્સવારિમુલ હિંદિયા''માં છે. અને સર્વ દેવબંદીઓ તેમને પોતાના પેશ્વા તથા મુસલમાન માને છે અને તેમના સમર્થક છે જેથી તેઓ પણ મુર્તદના હુકમમાં છે. અને રાફઝી પણ કેટલાયે કારણે કાફિર તથા મુર્તદ છે જેની વિગત ''તોહફાએ ઈષ્ના અશરિયહ્''માં મૌજૂદ છે. એટલા માટે એમનામાંથી કોઈ પણ કુર્બાનીના જાનવરમાં એક અથવા અધિક ભાગે હિસ્સો લે છે **તો કોઈની પણ કુર્બાની થશે નહીં**, બલ્કે કેવળ ગોશતની નિય્યતથી કોઈ શરીક હોય તો પણ કુર્બાની થશે નહીં.

હુઝૂર સદરુશ્શરીઅહ્ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ લખે છે કે, ''ભાગીદારોમાં એક કાફિર છે અથવા તેમાં એક શખ્સનો મકસદ કુર્બાનીનો નથી, બલ્કે ગોશ્ત હાંસલ કરવાનો છે તો કોઈની કુર્બાની થશે નહીં. *(બહારે શરીઅત, ભાગ-૧૫૫, પેજ-૧૪૨)*

દુર્રે મુખ્તાર કિતાબુલ અઝહિયહ્માં છે :-

**وأكان الشريك الستة نصرانيا أو مريدا** الخ.. *(ભાગ-૬, પેજ-૩૨૬)* અને ફતાવા આલમગીરીમાં છે :- **ولوكان أحد الشركاء ذميا كتابيا أو غير** الخ.. *(ભાગ-૫, પેજ-૩૦૪)*

જેથી જો મોટા જાનવરોની કુર્બાનીમાં વહાબી, દેવબંદી, તબ્લીગી, રાફઝી વગેરેમાંનો કોઈ પણ શરીક થશે તો હરગિઝ કોઈની કુર્બાની થશે નહીં, અને એમના માથેથી વાજિબ હટશે નહીં. એટલા માટે દરેક શખ્સ પર લાઝિમ છે કે પૂરી તેહકીકથી માલૂમ કરે કે કોઈ બદ્મઝહબ હિસ્સામાં શરીક તો નથી. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**લખનાર** : મુહમ્મદ નિયાઝ બરકાતી મિસ્બાહી (૧૮ મુહર્રમુલ હરામ, હિ.સ. ૧૪૨૫)

**અલ્ જવાબ સહીહ** : (મુફતી) મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી **અલ્ જવાબ સહીહ** : (મુફતી) મુહમ્મદ અબરાર અહમદ અમજદી બરકાતી, સિદ્ધાર્થનગર, યુ.પી.

*(ફતાવા મર્કઝે તર્બિયતે ઈફતા નં. ૯, પેજ-૩૯)*

દર્સે હદીષે પાક

મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

એટલે

# મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه الرحمة والرضوان

(કાર્યાલય)

## ★ હદીષ : ૩૪ ★

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું : સાત બર્બાદીની ચીજોથી બચો ! લોકોએ પૂછયું, હુઝૂર ! તે શું છે ? ફર્માવ્યું : (૧) અલ્લાહની સાથે શિર્ક[૧] (૨) જાદૂ[૨] (૩) અને નાહક તે જાનને ખતમ કરવી જે અલ્લાહે હરામ કરી અને (૪) વ્યાજખોરી[૩] (૫) યતીમનો માલ ખાવો[૪] (૬) જેહાદના દિવસે ભાગવું[૫] (૭) પાક દામન મુસલમાન નિર્દોષ સ્ત્રી પર આક્ષેપ લગાડવો[૬]. *(બુખારી વ મુસ્લિમ)*

## સમજૂતી

**૧.** એટલે કે મુત્લકન કુફ્ર, કેમ કે કોઈ કુફ્ર સગીરા ગુનોહ નથી, સૌ કબીરા છે.

**૨.** એટલે કે જાદૂ કરવો અથવા વિના જરૂરતે જાદૂ શીખવો. યાદ રાખશો કે જાદૂ ઉતારવા માટે જાદૂ શીખવો જાઈઝ બલ્કે જરૂરી છે. જો જાદૂમાં કુફ્રી શબ્દો છે તો જાદૂગર મુર્તદ થઈ જશે, નહીં તો ફક્ત ફસાદ (ખરાબી) કરનાર છે. બંને પ્રકારના જાદૂગરને કત્લ કરવા વાજિબ છે. પ્રથમને ઈર્તેદાદ (મુર્તદ થવાને) તથા ફસાદના કારણે અને બીજાને કેવળ ફસાદને કારણે. *(અઝ : અશ્અતુલ લમ્આત)*

**૩.** એટલે વ્યાજ ચાહે પોતે ખાય, ચાહે પહેરે અથવા કોઈ અન્ય કામમાં લગાડે. એનાથી જાણવા મળ્યું કે વ્યાજ લેવું ગુનાહે કબીરા છે ન કે આપવું.

**૪.** એટલે કે જુલ્મની રીતે તેનો માલ મારી ખાવો, કેમ કે યતીમ દયાને પાત્ર છે અને એના પર જુલ્મ બદ્તરીન ગુનોહ છે.

**૫.** એટલે કે કાફિરોના મુકાબલાથી ભાગી જવું, કેમ કે એમાં ગાઝીઓને નુકસાન પહોંચાડવું છે અને ઈસ્લામની તૌહીન છે. યાદ રાખશો કે જેહાદથી ભાગવું ગુનાહે કબીરા ત્યારે છે જ્યારે કે બુઝદિલીથી હોય, જો કાફિરોનું દબાણ વધી જવાથી મજબૂરન મોરચો છોડવો પડે તો એનો એ હુકમ નથી. એવા પ્રસંગે અડગ થઈ લડવું અને શહીદ થઈ જવું અફઝલ છે પરંતુ પીઠ ફેરવવી ગુનાહે કબીરા નથી, જંગી તદબીરના કારણે પાછળ ફરવું સવાબ છે.

**૬.** ઝિનાનો. એટલે જે નેક બખ્ત ઝિનાને જાણતી પણ ન હોય તેના પર આક્ષેપ લગાડવો સ્પષ્ટપણે કે અસ્પષ્ટપણે (ઈન્ડાયરેક્ટલી). જેથી કોઈ સ્ત્રીને ગુસ્સામાં ઝાનિયા (વ્યભિચારીણી) અથવા બદમાશ કહેવું પણ એમાં દાખલ છે. યાદ રાખશો કે નેક મર્દ તથા ચાલાક સ્ત્રીઓને પણ ઝિનાનો આક્ષેપ લગાડવો ગુનોહ છે પણ ગાફેલ (ભોળીભાળી) ઔરતોને તોહમત લગાડવી ઘણો જ મહાન ગુનોહ છે. જેની સજા દુનિયામાં ૮૦ કોરડા અને આખેરતમાં સખ્ત અઝાબ છે.

**ઉપસંહાર** : મિર્કાતમાં છે કે ૧૭ કબીરા ગુનાહ ઘણા જ સખ્ત છે. ચાર દિલના : (૧) શિર્ક તથા કુફ્ર (૨) ગુનાહ પર અડી જવાની નિય્યત (૩) અલ્લાહની રહમતથી નિરાશા (૪) અઝાબથી બેફિકર. ચાર જીભના : (૧) જૂઠી ગવાહી (૨) પાક દામનો પર તોહમત (૩) જૂઠી કસમ (૪) જાદૂ. ત્રણ પેટના ગુનાહ : (૧) યતીમનો માલ ખાવો (૨) દારૂ પીવો (૩)...... બે શર્મગાહ (ગુપ્તાંગ)ના : (૧) ઝિના (૨) લવાતત (સૃષ્ટિ વિરૂધ્ધ કૃત્ય). બે હાથના : (૧) ચોરી (૨) નાહક કત્લ. એક પગનો : (૧) જેહાદના મેદાનથી ભાગી જવું. એક આખા શરીરનો : (૧) એટલે માં બાપની નાફર્માની.

شفا شریف

# શિફા શરીફ

મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ

★ ઉર્દૂ અનુવાદક ★

મૌલાના અબ્દુલ હકીમ અખ્તર શાહજહાંપુરી

★ ગુજરાતી અનુવાદક ★

ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી *(પાટડીવાળા)*

(વિભાગ-૫)

## નબી કરીમ صلی اللہ علیہ وسلم ના ખાનદાનની ઉચ્ચતા

**આપના કૂળ (ખાનદાન)ની સજ્જનતા, શહેરની પ્રતિષ્ઠા અને આપના ઉછેર વિશેનું વર્ણન :–**

સરવરે કૌનો મકાં صلی اللہ علیہ وسلم ના કૂળની પ્રતિષ્ઠા, આપના શહેર અને જન્મ સ્થળની પ્રતિષ્ઠા માટે વર્ણન અને દલીલની જરૂર નથી અને તેમાં ન કોઈ શંકા સમાયેલી છે. કેમ કે બાપ દાદાઓને ધ્યાનમાં રાખતાં નબી કરીમ صلی اللہ علیہ وسلم તમામ બની હાશિમ સર્વ કુરૈશમાં ઈજ્જતદાર અને સમગ્ર અરબમાં શ્રેષ્ઠ તથા સન્માનપાત્ર ખાનદાનમાંથી છે. આપની જન્મભૂમિ મક્કા મોઅઝ્ઝમા છે, જે અલ્લાહ તઆલા નજીક સૌથી વધુ આદરણિય શહેર છે.

કાઝી અયાઝ માલિકી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે મારાથી હદીષ ઉલ કઝા હુસૈન બિન મુહમ્મદ સદ્ફી رحمۃ اللہ علیہ એ બયાન કરી. તેમનાથી કાઝી અબુલ વલીદ સુલયમાન બિન હલફે, તેમનાથી અબૂઝર અબ્દ બિન અહમદે, તેમનાથી અબૂ મુહમ્મદ સરખસી, અબુલ ઈસ્હાક અને અબુલ હૈષમે, તેમનાથી મુહમ્મદ બિન યૂસુફે, તેમનાથી મુહમ્મદ બિન ઈસ્માઈલે, તેમનાથી કતીબહ બિન સઈદે, તેમનાથી યાકૂબ બિન અબ્દુર્રહમાને, તેમનાથી ઉમર અને સઈદે, તેમનાથી યાકૂબ બિન અબ્દુર્રહમાને, તેમનાથી ઉમર અને સઈદ અલ્મકબરીથી સાંભળ્યું. તેમણે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી સાંભળ્યું. તેઓ ફર્માવે છે કે રસૂલ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે :–

હું આદમની ઔલાદના જમાનાઓમાંથી સૌથી શ્રેષ્ઠ જમાનામાં મોકલવામાં આવ્યો છું, ત્યાં સુધી કે હું તે યુગમાં છું જેમાં તમે મને જોઈ રહ્યા છો.

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું :–

"બેશક ! અલ્લાહ તઆલાએ મખ્લૂકને પૈદા કરી ત્યારે મને શ્રેષ્ઠ લોકો અને શ્રેષ્ઠ સમયમાં રાખ્યો. ત્યાર પછી કુટુંબોની પસંદગી પર નજર નાખી તો શ્રેષ્ઠ ઘરમાં પૈદા કર્યો. છેવટે હું અંગત રીતે ઘરને ધ્યાનમાં લેતા તમામ લોકોથી શ્રેષ્ઠ છું." (પેજ. ૬૨, ૬૩)

હઝરત વાષિલા બિન અસ્કઅ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે રસૂલલ્લાહ صلی اللہ علیہ وسلم ફર્માવે છે કે :–

બેશક ! અલ્લાહ તઆલાએ હઝરત ઈબ્રાહીમ رحمۃ اللہ علیہ ની અવલાદથી હઝરત ઈસ્માઈલ علیہ السلام ને પસંદ કર્યા. અને હઝરત ઈસ્માઈલ علیہ السلام ની અવલાદથી બની કનાનહને અને બની કનાનહથી કુરૈશને અને કુરૈશથી બની હાશિમને અને બની હાશિમથી મને પસંદ કર્યો.

ઈમામ તિર્મિઝી رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું છે કે આ હદીષ સહીહ છે અને હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما (વફાત : હિ.સ. ૭૪)ની રિવાયતમાં છે જેને ઈમામ અબૂ જઅફર મુહમ્મદ બિન જરીર અલ્તબરી رحمۃ اللہ علیہ. (વફાત : ૩૧૦) એ નકલ કરી છે કે ફર્માવ્યું રસૂલલ્લાહ صلی اللہ علیہ وسلم એ :–

"બેશક ! અલ્લાહ તઆલાએ મખ્લૂકમાંથી બની આદમને પસંદ કર્યા. પછી બની આદમમાંથી અરબને પસંદ કર્યા પછી અરબથી કુરૈશને પસંદ કર્યા પછી કુરૈશથી બની હાશિમને પસંદ કર્યા, પછી મને બની હાશિમથી પસંદ કરી લીધો. જેથી હમેશાં શ્રેષ્ઠથી શ્રેષ્ઠના સમૂહમાં રહ્યો છું, સાંભળી લો ! જે અરબવાળાઓથી મહોબ્બત રાખે છે ત્યારે મારાથી મહોબ્બત રાખવાના સબબે અને જેઓ તેમનાથી દુશ્મની રાખે છે તો મારાથી દુશ્મની રાખવાના સબબે." *(પેજ-૬૩)*

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :-

"બેશક ! આ કુરૈશી નબી એ હઝરત આદમ علیہ السلامની પૈદાઈશથી બે હજાર વર્ષ પહેલાં બારગાહે ખુદાવંદીમાં નૂર હતા. આ નૂર અલ્લાહની તસ્બીહ બયાન કરતું ત્યારે ફરિશ્તા પણ તેમની તસ્બીહના સાથે તસ્બીહ બયાન કરતા. જ્યારે અલ્લાહ તઆલાએ હઝરત આદમ علیہ السلامને પૈદા કર્યા ત્યારે આ નૂરને તેમના કરોડના મણકામાં (પીઠ)માં રાખ્યું. રસૂલલ્લાહ ﷺએ ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ મને આદમની પીઠમાં રાખીને જમીન પર ઉતાર્યો, પછી નૂહ علیہ السلامની પીઠમાં જ્યાં સુધી ઈબ્રાહીમ علیہ السلامમાં નાખ્યું. પછી અલ્લાહ તઆલાએ મહેરબાનીથી બાપ દાદાની પીઠમાં અને પવિત્ર કુખમાં દાખલ કરતો રહ્યો ત્યાં સુધી કે મારા મહેરબાન માતા પિતાથી પૈદા કર્યો. મારા વડવાઓ ક્યારેય ઝિના (વ્યભિચાર) નજીક પણ ગયા પણ નથી." *(પેજ-૬૩)*

આ હદીષની શુદ્ધિ તે કસીદાથી પણ થાય છે કે હઝરત અબ્બાસ رضی اللہ عنہએ સરવરે કોનો મકાં ﷺની પ્રશંસા માટે રજૂ કર્યો હતો.

## કઝા નમાઝ ક્યારે ક્યારે પઢી શકાય ?

કાર્યાલય

**પ્રશ્ન** : ઝોહરની જમાઅત ઉભી થવાથી પહેલાં સમય હોય તો ચાર રકાત સુન્નત ઝોહરની પછી અથવા એનાથી પહેલાં ચાર રકાત કઝા પઢી શકાય કે નહીં ? અને ઝોહરના ફર્ઝ તથા સુન્નત પછી પાંચ સમયોની કઝા પઢવી કેવી છે ? અને એક સમયમાં બીજા સમયની કઝા પઢી શકાય કે નહીં ? બૈયનૂ તુજરૂ

**જવાબ** : ઝોહરની જમાઅત ઉભી થતાં પહેલાં જો સમય હોય તો ચાર રકાત સુન્નત ઝોહર પઢયા પછી કે બાદમાં કે એના પહેલાં ઝોહરની ચાર રકાત કઝા પઢી શકે છે. અને ઝોહરના ફર્ઝ તથા સુન્નત બાદ પણ પાંચેવ સમયોની કઝા પઢી શકે છે. અને એક સમયમાં બીજા સમયની કઝા પઢી શકે છે, એટલા માટે કે કઝાના માટે કોઈ સમય નિશ્ચિત નથી. પણ સૂર્યોદયના સમયથી ૨૦ મિનિટ બાદ સુધી તથા સૂરજ ડૂબવાના ૨૦ મિનિટ પહેલાંથી સૂર્યાસ્ત સુધી અને મધ્યાન્હની ૨૦ મિનિટ (જે નમાઝ માટે મકરૂહ સમય છે) સુધી કઝા જાઈઝ નથી. જો કે જે તે દિવસની અસરની નમાઝ જો ન પઢી હોય તો ભલે સૂરજ ડૂબી રહ્યો હોય છતાં પઢી લે, પણ એટલુ મોડુ કરવું હરામ છે. એવું જ બહારે શરીઅત, ભાગ-૨, પેજ-૨૧ ઉપર છે. અને ફતાવા આલમગીરી મઅ ખાનિયા, ભાગ-૧, પેજ-૧૨૧, પ્રેસ બૈરૂતમાં છે : અને એ જ ભાગના પેજ-૫૨ ઉપર (પણ) છે : પરંતુ કઝા નમાઝ ઘરમાં પઢવાનો હુકમ છે અને મસ્જિદમાં પઢે તો શક્ય હોય ત્યાં સુધી છુપાવીને પઢવામાં આવે જેથી લોકો સમક્ષ જાહેર ન થાય કે કઝા પઢી રહ્યો છે. એટલા માટે કે નમાઝ કઝા કરવી ગુનોહ અને ગુનાહને જાહેર કરવો પણ ગુનોહ છે. એટલા માટે જ્યારે કોઈ વિત્રની કઝા ઈશાના ફર્ઝના સમયે કે તેના બાદની સુન્નત પહેલાં પઢે અથવા અન્ય સમયોમાં લોકો સમક્ષ પઢે તો તેના માટે હુકમ એ છે કે તે ત્રીજી રકાતમાં દુઆએ કુનૂત પહેલાં તકબીર કહે પણ કાનો સુધી હાથ ન ઉઠાવે. રદુલ મુહતાર, ભાગ-૧, બાબુલ વિત્ર, પેજ-૪૯૨માં એ પ્રમાણે છે.

**લખનાર** : (મુફતી) મુહમ્મદ અબરાર અમજદી (૨૨, ઝીલ હજ્જ, હિ.સ. ૧૪૧૯)

**અલ્જવાબ સહીહ** : (મુફતી) જલાલુદ્દીન અહમદ અમજદી.

*(હવાલો : ફતાવા મર્કઝે તર્બિયતે ઈફતા, નં. ૪, પેજ-૩૫)*

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ એટલે

# કાનૂને શરીઅત

**લેખક** : અલ્લામા શમ્સુદીન જોનપૂરી رحمۃ اللہ علیہ

**અનુવાદક** : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી

## કયામતનું વર્ણન અને એની નિશાનીઓ

**(૨૦) હઝરત ઈસા علیہ السلام નું આસ્માનથી ઉતરવું** : જ્યારે દજ્જાલ આખી દુનિયામાં ફરી વળી સિરીયામાં પાછો ફરશે તો હઝરત ઈસા علیہ السلام દમાસ્કસની જુમ્આ મસ્જિદના પૂર્વ તરફના મિનારાની ઉપર આસ્માનથી ઉતરશે. આ સમય ફજરનો હશે, ફજરની જમાઅતની તકબીર થઈ ચૂકી હશે. હઝરત ઈસા علیہ السلام હઝરત મેહદી رضی اللہ عنہ ઈમામત કરવાનો હુકમ કરશે, હઝરત ઈમામ મેહદી નમાઝ પઢાવશે, હઝરત ઈસા علیہ السلام ના □ાસની ખુશ્બુથી દજ્જાલ–કાફિર પીગળવા લાગશે જેવી રીતે કે પાણીમાં મીઠુ ઓગળે છે. અને એમના □ાસની ખુશ્બુ ત્યાં સુધી પહોંચશે જ્યાં સુધી માણસની નજર પહોંચે છે. દજ્જાલ ભાગશે, આપ તેનો પીછો કરશે અને તેની પીઠમાં ભાલો મારશે જેનાથી તે મૃત્યુ પામી જહન્નમમાં પહોંચી જશે. પછી હઝરત ઈસા علیہ السلام ક્રોસ તોડશે (જે ઈસાઈ લોકોનું ધર્મ પ્રતિક છે), સુવ્વરને કત્લ કરશે, જેટલા ઈસાઈ અને યહૂદી લોકો હશે તેઓ આપના હાથ પર ઈમાન લાવી ઈસ્લામ કબૂલ કરશે, તે વખતે આખી દુનિયામાં ઈસ્લામ જ હશે અને ઈસ્લામમાં પણ એક જ મઝહબ અહલે સુન્નત વ જમાઅતનો હશે. અમન અને શાંતિ એટલી હદે વધી જશે કે બાળકો સાપની સાથે રમશે, વાઘ અને બકરી એક સાથે ચરશે, પછી આપ નિકાહ કરશે, તેનાથી ઔલાદ પણ થશે, ચાલીસ વર્ષ દુનિયાવી જિંદગી ભોગવીને વફાત પામશે. આપને રોઝએ અન્વરમાં દફન કરવામાં આવશે.

**(૨૧) ઈમામ મહેદીનું જાહેર થવું** : આપ હુઝૂર صلی اللہ علیہ وسلم ની ઔલાદમાંથી હસની સૈયદ હશે અને આપ ઈમામ અને મુજતહીદ હશે. કયામતની નજીક જ્યારે આખી દુનિયામાં કુફ્ર ફેલાઈ જશે અને ઈસ્લામ ફક્ત હરમૈન શરીફૈન (મક્કા–મદીના)માં જ રહી જશે. દુનિયામાંથી બધી જગ્યાના વલીઓ અને અબ્દાલો ત્યાં હિજરત કરી જશે. રમઝાન શરીફનો મહિનો હશે. અબ્દાલો કા'બા શરીફનો તવાફ કરી રહ્યા હશે તે વખતે ત્યાં ઈમામ મેહદી પણ હાજર હશે ઔલિયા અલ્લાહ એમને ઓળખી લેશે અને પોત પોતાને મુરીદ કરવા અરજ કરશે. તો તેઓ નકાર કરશે, તે સમયે ગૈબથી અવાજ આવશે. ''હાઝા ખલીફતુલ્લાહિલ મહેદી ફસ્મઉલહુ વઅતીઉહુ'' અર્થાત : ''આ અલ્લાહના ખલીફા મહેદી છે, એમની વાત સાંભળો અને એમનો હુકમ માનો.'' ત્યાર પછી લોકો એમના હાથ પર બૈઅત કરશે, પછી હઝરત ઈમામ મેહદી બધાને લઈને સિરીયા આવી જશે.

**(૨૨) યા'જુજ માજુજનું નીકળવું** : આ લોકો યાફસ બિન નૂહ علیہ السلام ની ઔલાદમાંથી છે. એમની સંખ્યા ઘણી બધી જ વધારે છે. એઓ જમીનમાં ફસાદ, ખરાબીઓ મચાવતા હતા, વસંત ઋતુમાં નીકળતા અને દરેક લીલી ચીજોનો ખાઈ જતા, સૂકી ચીજોને પોતાની સાથે ભરી જતા. ફક્ત માણસો જ નહીં બલ્કે જંગલી જાનવરો, સાપો અને વીંછીઓને પણ સફાચટ કરી જતા. હઝરત ઝુલકરનૈનએ લોખંડી દિવાલ બનાવીને એમની અવર–જવરને રોકી દીધી, જ્યારે દજ્જાલને કતલ કરીને અલ્લાહના હુકમથી હઝરત ઈસા علیہ السلام મુસલમાનોને તૂર નામના પહાડ પર લઈ જશે ત્યારે યા'જુજ મા'જુજની કોમ દિવાલ તોડીને નીકળશે અને જમીન પર ફરીથી ફસાદ મચાવશે, લૂંટમાર અને કત્લના તોફાનો કરવા લાગશે એટલે હઝરત ઈસા علیہ السلام ની દુઆથી અલ્લાહ તઆલા એમને હલાક બરબાદ કરી દેશે.

# રહમતે દારૈન ﷺના શયદાઈ

★ રજૂકર્તા ★

ફરજાનાબેન અલી પટેલ (દયાદરા)

## હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہ

મદીના મુનવ્વરામાં આગમન પછીના થોડાક મહિના પછી સરવરે આલમ ﷺએ મુહાજેરીન અને અન્સારના વચમાં ભાઈચારો કાયમ કરાવ્યો તો ઈબ્ને ઈસ્હાક઼ અને હાફિઝ ઈબ્ને હજર رحمۃ اللہ علیہના કોલ મુજબ આપ ﷺએ હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہના અન્સારીભાઈ સૈયદુલ અવસ હઝરત સઅદ બિન મુઆઝ رضی اللہ عنہને બનાવ્યા. મોટા ભાગના ઈતિહાસકારોએ આ રિવાયતને અપનાવી છે. પરંતુ સહીહ મુસ્લિમમાં હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ એ અબૂ ઉબૈદા બિન જર્રાહ અને અબૂ તલ્બા رضی اللہ عنہના વચમાં ભાઈચારો કાયમ કર્યો. *(કિતાબુલ ફઝાઈલ બાબ મુવાખાતુન્નબી ﷺ)*

કુર્આનથી આ જ રિવાયત સહીહ માલૂમ થાય છે. કેમ કે તકરીબે મવાહાહ રાવીના એટલે હઝરત અનસ رضی اللہ عنہ ના જ મકાન પર ગોઠવાઈ હતી અને હઝરત અબૂ તલ્હા رضی اللہ عنہ એમના મત્રાઈ બાપ હતા.

ગઝવાતની શરૂઆત થઈ તો હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہ રાહે હક્કના સરફરોશ સિપાહી સાબિત થયા, એમણે દરેક જંગમાં જાંબાજી અને ફિદાકારીનો હક્ક અદા કરી દીધો અને પોતાના જોશે ઈમાનીના અજોડ નિશાનો ઈતિહાસના પૃષ્ઠો પર હમેશાં હમેશાંના માટે અંકિત દીધાં છે.

સહીહ બુખારીમાં બદરના સહાબાઓની લિસ્ટમાં હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہનું નામ નથી પરંતુ ઈબ્ને સઅદ رحمۃ اللہ علیہ, ઈબ્ને અબ્દુલબર رحمۃ اللہ علیہ, ઈબ્ને અષીર رحمۃ اللہ علیہ અને અમુક બીજા સિયર લખનારાઓએ સ્પષ્ટતાથી લખ્યું છે કે હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہ કુફ્ર તથા હક્કના પહેલા જંગમાં ન માત્ર સામેલ હતા બલ્કે એમણે એ લડાઈમાં પોતાના બાપ અબ્દુલ્લાહ બિન જર્રાહને પોતાના હાથથી કતલ કર્યો જે મક્કાના મુશ્રિકો તરફથી મુસલમાનોથી લડવા આવ્યો હતો. અમુક બીજા સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ પણ એ મોકા પર રાહે હક્કમાં પોતાના નજીકના સગાઓને કતલ કર્યા. મુફસ્સિરોએ લખ્યું છે કે આવા જ સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ના વિશે અલ્લાહ તઆલાનો ઈર્શાદ નાઝિલ થયો :–

لَا تَجِدُ قَوْمًا يُّؤْمِنُوْنَ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ يُوَآدُّوْنَ مَنْ حَآدَّ اللّٰهَ وَرَسُوْلَهٗ وَلَوْ كَانُوْٓا اٰبَآءَهُمْ اَوْ اَبْنَآءَهُمْ اَوْ اِخْوَانَهُمْ اَوْ عَشِيْرَتَهُمْ ؕ اُولٰٓئِكَ كَتَبَ فِىْ قُلُوْبِهِمُ الْاِيْمَانَ وَاَيَّدَهُمْ بِرُوْحٍ مِّنْهُ ؕ

**તર્જુમો :** તો આવી **કોઈ કૌમ ન જોવા મળશે જે અલ્લાહ તઆલા અને આખેરતના દિવસ પર પણ ઈમાન લાવતી હોય અને અલ્લાહ અને એના રસૂલના વિરોધીઓથી પણ મહોબ્બત રાખતી હોય,** ચાહે આવા લોકો એમના બાપ હોય કે બેટા હોય કે ભાઈ હોય કે એમના કુટુંબીઓ હોય, આ જ (મો'મિન) છે જેમના દિલોમાં અલ્લાહે ઈમાન નક્શ કરી દીધું છે અને પોતાના ગેબી ફયૂઝાનથી એમની મદદ કરી છે. *(સૂરએ મુજાદિલા, રુકૂઅ : ૩)*

સ.હિ. ૩ માં ગઝવાએ ઉહદ થયો તો હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہએ એમાં ઘણા જ જોશભેર દીવાનગીભરી બહાદુરીને દાદ આપી અને પહેલેથી છેવટ સુધી એવી અડગતાનું પ્રદર્શન કર્યું કે એ ગઝવહના બહાદુરોમાં ગણના થઈ. જયારે એક આકસ્મિક ભૂલથી લડાઈનો પાસો પલટાઈ ગયો અને સરવરે આલમ ﷺ ઝખ્મી થઈ ગયા તો હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہ બેતાબ થઈ ગયા અને પોતાના ઈશ્કે રસૂલ ﷺની આશ્ચર્યજનક સાક્ષી આપી. હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہથી રિવાયત છે કે,

"મેં જોયું કે એક વ્યક્તિ રસૂલુલ્લાહ ﷺને એકલા જોઈને પૂર્વની તરફથી આકાશમાં ઉડતા એક પક્ષીની જેમ ઝડપથી હુઝૂર ﷺની તરફ વધતો ચાલ્યો આવી રહ્યો છે. હું પણ આપ ﷺની હિફાઝતના માટે ઝડપથી ભાગ્યો અને કહ્યું કે, ઈલાહી ! ખૈર થાય, શું જોઉં છું કે એ વ્યક્તિ જે મારાથી પહેલાં પહોંચી ગયો છે, અબૂ ઉબૈદા બિન જર્રાહ رضی اللہ عنہ છે. આ સમયે એક કાફિરના વારથી ખૂદની કડીઓ રસૂલુલ્લાહ ﷺના રૂખસાર મુબારકમાં ઉતરી ગઈ હતી. અબૂ ઉબૈદા رضی اللہ عنہએ આગળ વધીને એ કડીઓ પોતાના દાંતોથી પકડીને ખેંચી ત્યાં સુધી કે એ બહાર આવી ગઈ, પરંતુ આ કોશિશમાં અબૂ ઉબૈદા رضی اللہ عنہના સામેના બે દાંત તૂટી ગયા." *(તબકાતે ઈબ્ને સઅદ رحمۃ اللہ علیہ)*

ગઝવએ ઉહદના પછી હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہએ ગઝવએ અહઝાબમાં બહાદુરી દર્શાવી અને પછી બનૂ કરીઝાના ખાત્મામાં સક્રિય ભાગ ભજવ્યો.

રબીઉષ્ષાની હિ.સ. ૬માં સરવરે આલમ ﷺએ હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہને ષઅલ્બા તથા અન્માર કબીલાના ખાત્મા માટે નિયુક્ત કર્યા. એ લોકો મોટા ભાગે મદીનાની આસપાસ ખૂનામરકી કરતા રહેતા હતા. હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہએ ચાલીસ મુજાહિદોની સાથે આ ખૂના મરકી કરનારાઓના કેન્દ્ર સ્થાન ઝીલ કિસ્સા પર છાપો માર્યો. એ લોકોથી મુકાબલાની હિંમત ન થઈ અને તેઓ ભાગીને પહાડોમાં છુપાઈ ગયા, જો કે એક વ્યક્તિ મુસલમાનોના હાથે કેદી થઈ ગયો. હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہ એને મદીના લાવ્યા તો એણે ખુશી ખુશી ઈસ્લામ કબૂલ કરી લીધો. એ વર્ષે હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہને હુદૈબિયા મકામ પર બયઅતે રિદવાનમાં શરીક હોવાનો મહાન મોકો પ્રાપ્ત થયો. ઈબ્ને સઅદ رحمۃ اللہ علیہનું બયાન છે કે સુલેહે હુદૈબિયા પર જે સહાબાઓએ ગવાહની રીતે પોતાની સહીઓ કરી એમાં હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہ પણ સામેલ હતા.

હિ.સ. ૭ના અરસામાં હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہએ ગઝવએ ખૈબરમાં સરવરે આલમ ﷺની સોહબતનો મોકો પ્રાપ્ત કર્યો અને લડાઈમાં પોતાની તલવારનાં ખૂબ જોહર દેખાડયાં. ગઝવએ ખૈબરના થોડાક સમય પછી હુઝૂર ﷺને ખબર મળી કે કઝાઆ કબીલાના લોકો મદીના મુનવ્વરા પર હુમલો કરવાનો મનસૂબો બનાવી રહ્યા છે. હુઝૂર ﷺએ હઝરત અમ્ર બિન આસ رضی اللہ عنہને ત્રણસો મુજાહિદોની સાથે એમના સામના માટે રવાના કર્યા. હઝરત અમ્ર رضی اللہ عنہએ બનૂ કઝાઆના ઈલાકામાં પહોંચીને "સિલાસિલ" નામી એક ઝરણા પર રોકાણ કર્યું અને ત્યાંથી હુઝૂર ﷺને સંદેશો મોકલ્યો કે દુશ્મનની સંખ્યા ઘણી જ વધારે છે એટલા માટે દળ મોકલવામાં આવે. સરવરે આલમ ﷺએ સંદેશો મળતાં જ બસો મુજાહિદો હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہની સરદારીમાં મદદના માટે રવાના કરી દીધા. એ મુજાહિદોમાં હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہઅને હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہ જેવા મહાન મર્તબાના બુઝુર્ગ પણ સામેલ હતા. જયારે આ દળની ફોજ હઝરત અમ્ર બિન આસ رضی اللہ عنہની

ફોજથી મળી ગઈ તો તમામ લશ્કરની સરદારીનો સવાલ પેદા થયો. હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہ જો કે પોતાના મર્તબા અને શાનના લીધે પૂરી રીતે સરદારીના લાયક હતા. પરંતુ જ્યારે પણ હઝરત અમ્ર બિન આસ رضی اللہ عنہએ કબૂલ્યું કે હું જ આખી ફોજની સરદારી કરીશ, તો હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہએ ખૂશ દિલીથી એમની સરદારી કબૂલ કરી લીધી અને એમની સરદારી નીચે ઘણી જ બહાદુરીથી દુશ્મનોની વિરૂધ્ધમાં લડયા, ત્યાં સુધી કે તેઓની હાર થઈ ગઈ અને કામયાબ થઈ મદીના પાછા આવ્યા અને હુઝૂર ﷺએ સરદારીના ભેદભાવ અને એમની આજ્ઞાપાલનની હાલત સાંભળી તો ફર્માવ્યું :–

"અબૂ ઉબૈદા رضی اللہ عنہ પર અલ્લાહની રહમત થાય." *(મદારિજુન્નબુવત, ભાગ–૨)*

ઈતિહાસમાં આ બનાવ "સરિય્યાએ ઝાતુસ સલાસિલ"ના નામથી પ્રખ્યાત છે.

રજબ સ. હિ. ૮ માં સરવરે આલમ ﷺએ હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہને ત્રણસો સવારોની સાથે દરિયા કિનારાની તરફ મોકલ્યા કે કાફલાઓના હલન ચલનની ખબર કાઢે. ઈતિહાસમાં આ ચળવળ સરિય્યાએ સૈફુલ બહર કે સરિય્યાએ ખબ્તના નામથી પ્રખ્યાત છે. સૈફુલ બહર (સમુદ્રનો કિનારો) એટલા માટે કે મુજાહિદોને સમુદ્રના કિનારા પર રોકાણ કરવું પડયું અને ખબ્ત એટલા માટે કે આ ચળવળમાં ખાધાખોરાકીનો સામાન પૂરો થઈ જવાના કારણે મુજાહિદોને ઝાડોનાં પાંદડાંઓ પર ગુજારો કરવો પડયો. અને જે પાંદડાંઓ લાકડી વગેરે મારીને મારીને ઝાડોથી ઝારવામાં આવે છે એમને ખબ્ત કહે છે. ઈબ્ને અષીર رحمۃ اللہ علیہનું બયાન છે કે હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہના હેઠળ લશ્કરમાં હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ અને હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہ પણ સામેલ હતા. સહીહ બુખારીમાં હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારી رضی اللہ عنہએ આ ચળવળનો હાલ આ રીતે બયાન કર્યો છે :–

"રસૂલુલ્લાહ ﷺએ એક દળ દરિયા કિનારા તરફ મોકલ્યું અને એના પર અબૂ ઉબૈદા બિન જર્રાહ رضی اللہ عنہને અમીર બનાવ્યા. કુલ ૩૦૦ માણસો હતા. અમે ચાલ્યા અને થોડોક રસ્તો પસાર થયો હતો કે ખાવાનો સામાન ખલાસ થઈ ગયો, માત્ર ખજૂરની બે થેલીઓ બચી હતી. અબૂ ઉબૈદા رضی اللہ عنہ દરરોજ અમને થોડી થોડી ખજૂરો આપતા હતા ત્યાં સુધી કે માત્ર એક એક ખજૂરનો વારો આવી ગયો. ભૂખની સખત તકલીફ થઈ તો અમે ઝાડોનાં પાંદડાં પાડી પાડીને ખાધાં. એક વ્યક્તિએ ત્રણ ઊંટ ઝબહ કરાવ્યાં, પાછાં ત્રણ ઊંટ ઝબહ કરાવ્યાં, ત્રીજા દિવસે પણ ત્રણ ઊંટ ઝબહ કરાવ્યાં પછી અબૂ ઉબૈદા رضی اللہ عنہએ એમને મના કરી દીધું. સમુદ્રના કિનારે રોકાણ દરમિયાન એક દિવસ ટેકરાના સમાન એક ઘણી મોટી માછલી નીકળી એને અંબર કહે છે. અમે અડધો મહિનો (અથવા ૧૮ દિવસ) એને ખાધી અને એનું તેલ માલિશ કર્યું, ત્યાં સુધી કે અમે મજબૂત થઈ ગયા. પછી અબૂ ઉબૈદાએ એની બે પાસંળીઓ ઊભી કરાવી અને એક ઊંટ પર કાઠલો મૂકાવીને લશ્કરના બધાથી ઊંચા વ્યક્તિને એમાં બેસાડયો તે વ્યક્તિ ઊંટ પર બેઠા બેઠા એ પાંસળીઓની નીચેથી નીકળી ગયો. જ્યારે અમે પાછા મદીના આવ્યા અને રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં આ બનાવ બયાન કર્યો તો આપ ﷺએ ફર્માવ્યું, અલ્લાહ તઆલાએ તમારા માટે રોજી મોકલી આપી એને ખાવી જાઈતી હતી. જો તમારી પાસે હોય તો અમને પણ ખવડાવો. એક વ્યક્તિ (થોડોક ગોશ્ત) લઈ આવ્યો અને આપે એને ખાધું.

આ રિવાયતમાં ઊંટ ઝબહ કરાવનારા જે સાહબની વાત છે તે હઝરત કૈસ બિન સઈદ અન્સારી رضی اللہ عنہ હતા જે સ્વભાવે ઘણા જ ઉદાર અને સખી હતા.

# શરીઅતની રૂએ
# માનવ અંગો તથા લોહીનો ઉપયોગ

★ લેખક ★
મૌલાના એઅ્જાઝ અસ્ગર નૂરી, કટીહાર, (બિહાર)

★ અનુવાદક ★
મૌલાના મુહમ્મદ શાકિર પટેલ મિસ્બાહી

આ પ્રગતિશીલ યુગમાં માણસનો લોહીના વપરાશ ખૂબ પ્રમાણમાં થઈ રહ્યો છે. જીવલેણ બીમારીમાં માણસ સપડાયો હોય કે ન હોય પણ ડોકટરોના સૂચન પર લોહી અને અંગો જેમ કે હાડકાં, આંખ અને કીડની એક શરીરમાંથી કાઢી બીજા શરીરમાં બદલી કરવામાં આવે છે જેથી બીમાર માણસ સાજો અને તંદુરસ્ત થઈ જાય, આંધળો હોય તો દુનિયાનાં દ્રશ્યોને જોઈ શકે. જો હાડકાં ફેકચર થઈ ગયાં હોય તો બીજાનાં હાડકાં લગાડી દેવામાં આવે છે જેથી તે કમાઈ શકે, જો લોહી ખરાબ થઈ ગયું હોય અથવા ઘટી ગયું હોય તો બીજાનું લોહી તેમાં ઉતારવામાં આવે છે જેથી તે માણસ વહેલી તકે તંદુરસ્ત થઈ જાય. ડોકટરોના બતાવ્યા પ્રમાણે થતો તેનો વપરાશ કયાં સુધી જાઈઝ અને ક્યાં સુધી નાજાઈઝ છે જેનો કિફ઼હી ઉકેલ શોધવો ખૂબ જ જરૂરી છે જેથી તેનું જાઈઝ તથા નાજાઈઝ હોવું સ્પષ્ટપણે જાહેર થાય અને આમ મુસલમાનોને ગુનાહોથી બચાવી શકાય. સૌ પ્રથમ તે વિશે અમુક સવાલો સામુહિક રીતે લખી દેવામાં આવે અને તેના જવાબો પણ આપી હુકમ જાહેર કરી દેવામાં આવે, જેથી હુકમ જાહેર થઈ જાય અને તેને સમજવામાં મુશ્કેલી ન પડે.

### ★ સવાલો ★

૧. શું ઈન્સાની અંગોનો વપરાશ જાઈઝ છે ? એટલે કે એક માણસનું અંગ બીજા માણસ માટે ઉપયોગમાં જાઈઝ છે ?

૨. કોઈ માણસ પોતાની મરજીથી સોંપી દે તો શું તેની કીડની અથવા આંખને કાઢી લેવું કેવું છે ?

૩. કોઈ માણસનું લોહી બીજા માણસમાં નાખવું જાઈઝ છે કે નહીં ?

૪. જાઈઝ હોવાના સંજોગોમાં તેની કોઈ હદ હશે કે નહીં ?

૫. કોઈ કાફિરનું લોહી કોઈ મુસ્લિમના બદનમાં દાખલ કરવું જાઈઝ છે કે નહીં ?

૬. શું માણસના લોહી તથા અંગોનું વેચાણ જાઈઝ છે કે નહીં ?

### ★ જવાબો ★

૧. કોઈ પણ માણસના અંગને કાઢી બીજા માણસના જિસ્મમાં લગાડવું કોઈપણ સંજોગોમાં **જાઈઝ નથી.**

૨. આંખ અથવા બીજા અંગો સ્વેચ્છાએ સોંપી દેવાથી પણ જેને સોંપવામાં આવે તેના માટે તેનો ઉપયોગ **જાઈઝ નથી.**

૩. એક માણસનું લોહી બીજા માણસમાં નાખવું **જાઈઝ** છે.

૪. જાઈઝ હોવું અમુક જ હદમાં છે જે તેની હદમાં જ રહેશે.

૫. મારા ધારવા પ્રમાણે ઈજાઝત (રજા) હોવી જોઈએ, પણ બચવું બેહતર છે.

૬. અંગોનું વેચાણ કોઈ પણ સંજોગોમાં જાઈઝ નથી પણ લોહી અને પેશાબ જરૂરતના સમયે લેવો જાઈઝ છે, પણ તેને વેચવું જાઈઝ નથી.

## ઉપરોકત જવાબોની દલીલો અને તેની તફસીલ

માણસ પોતાના શરીરનો માલિક નથી પણ અમાનતદાર છે અને જે અમાનતદાર હોઈ તેના માટે અમાનતની દેખરેખ તથા નેઅમતને સાચવી રાખવી જરૂરી છે જેમાં નાજાઈઝ રીતે ખર્ચ કરવું જાઈઝ નથી, ન ઈન્સાની અંગોનું વેચાણ કરવાની ઈજાઝત છે. માલિક તો અલ્લાહ છે જેથી તેની ઈજાઝત પર આધારિત રહેશે. ફુકહાએ કિરામના વર્ણનોથી પણ નાજાઈઝ હોવાનો ઈશારો મળે છે. અલ અશ્બાહુ વન્નઝાઈર, પેજ–૧૨૩ નો એ કાયદો છે કે, કોઈ પણ તકલીફ પહોંચાડનાર વસ્તુને એ રીતે દૂર કરવામાં ન આવે જેથી તેના જ જેવી બીજી વસ્તુ પેદા થાય. આ કાયદો તેનું સમર્થન કરી રહ્યો છે. દા.ત. ડોકટરના મશ્વેરા તથા તજુર્બાના આધારે કહેવામાં આવ્યું કે જો આ આંધળા માણસને કોઈ જીવંત માણસની આંખ મળી જાય તો તેનું આંધણાપણુ દૂર થઈ જશે અથવા તો જો જીવંત માણસની કીડનીને કાઢી બીમાર માણસમાં નાંખી દેવામાં આવે તો તે સાજો થઈ થશે અને તેની ઉમર દસ વીસ વરસ વધી જશે. તો આવુ કરવું કોઈ પણ રીતે જાઈઝ નથી.

**નાજાઈઝ હોવાના બે પ્રકારો છે** : એક બુધ્ધિની દ્રષ્ટિએ અને બીજો શરીઅતની રૂએ. બુધ્ધિના રીતે એ કે કોઈ આંધળા માણસને આંખો મળી જાય તો તે સારી વાત છે પણ કોઈ માણસની આંખ કાઢી તેને આંધળો બનાવી દેવામાં આવે એ વાતને બુધ્ધિ પણ માન્ય નહીં રાખે. અને શરીઅતના આધારે એ કે કોઈ નુકસાન તથા ખોટને ભરપાઈ કરવા માટે એક મુસ્લિમને એ જ બીમારીમાં નાંખી દેવો શરીઅતની રૂએ પણ નાજાઈઝ છે, જ્યારે કે તે માણસ શરીઅતની રૂએ પણ મુજરિમ નથી. અને નાજાઈઝ હોવું આ કાયદા હેઠળ કે "ઐબ તેની જેવી બીજી વસ્તુથી બદલવામાં ન આવે" એનાથી સાબિત છે.

મુસ્લિમ શરીફ (ભા.૨, પેજ–૨૦૪)ની હદીષ કે "તે સ્ત્રીઓ પર લાનત છે જે પોતાના વાળોમાં બીજી સ્ત્રીઓના વાળ મિલાવે" આ હદીષના શરીફના આધારે મશહૂર શારેહ અલ્લામા નવવી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, આદમીના અંગોથી ફાયદો પ્રાપ્ત કરવો **હરામ** છે ત્યાં સુધી કે તેના નખો તથા વાળોને પણ દફન કરી દે. આ જ હુકમ તેના અંગોનો પણ છે. જાહેર છે કે જ્યારે માણસના નખો તથા વાળોથી ફાયદો ઉઠાવવો હરામ છે તો તેના અંગો જેમ કે આંખ અને કીડની વગેરે એક માણસના શરીરથી બીજા માણસના શરીરમાં ફેર બદલી કરવું તો તેથી વિશેષ **હરામ** થશે.

ફતાવાએ કાઝીખાં (ભા.૪, પેજ–૩૬૫) માં છે કે, ફુકહાએ કિરામ ફર્માવે છે કે જે માણસનો પગ ઝખ્મી થઈ જાય તો તેના માટે માણસ અથવા સુવ્વરના હાડકાઓથી ઈલાજ કરાવવો મકરૂહ છે કારણ કે તેનાથી ફાયદો ઉઠાવવો જાઈઝ નથી. આ દલીલથી બીજા સવાલનો જવાબ પણ મળી જશે કે કોઈ માણસ પોતાનું કોઈ અંગ કોઈને સોંપી દે તો તે પણ જાઈઝ નથી, કારણ કે **માણસ પોતે પોતાનાં અંગોનો માલિક નથી કે જેથી તે પોતાનાં અંગો બીજાને સોંપી દે.** બીજું એ કે જ્યારે વાળ તથા હાડકાના વપરાશના નાજાઈઝ હોવાનો હુકમ ખૂબ જ જાહેર છે તો પછી બીજા માટે કીડની તથા આંખનો વપરાશ કઈ રીતે જાઈઝ થશે ? ત્યાં સુધી કે મજબૂરીની હાલતમાં પણ ઈન્સાની અંગોનો વપરાશ હરામ થશે કારણ કે ઈન્સાની અંગોના એહતેરામ કરતાં માલિકની રજા વગર અમાનતમાં ખયાનત જાઈઝ નથી.

દુર્રે મુખ્તાર, ભાગ–૪, પેજ–૨૧૫ માં છે કે જો કોઈએ કહ્યું કે મારો હાથ કાપીને ખાઈ લે ! તો પણ તેનું ખાવું જાઈઝ નથી. કારણ કે મજબૂરીની હાલતમાં પણ ઈન્સાનનો ગોશત ખાવો હરામ છે. અલ અશહાબુ વન્નઝાઈરમાં ઉપરોકત કાયદાના

આધારે એક મસઅલો બયાન કરવામાં આવે છે કે "એક મજબૂર માણસ બીજા માણસ માણસની કોઈ વસ્તુ નથી ખાઈ શકતો અને ન તેના કોઈ અંગને ખાઈ શકે છે."

અને બદાએઉઝ્ઝાએઅ્, ભા.૭, પેજ–૧૭૭ માં, કોઈ મુસ્લિમને કત્લ કરવો ભલે તે મોટી કરાહતના કારણે હોઈ કે નાની કરાહતના કારણે હરામ છે અને ન તો તેના કોઈ અંગને કાપવું જાઈઝ છે, ભલેને તે મુસલમાન તેની ઈજાઝત કેમ ન આપે, આવું કરવું કોઈ પણ હાલતમાં મુબાહ નથી. જ્યારે કરાહત તથા નાપસંદગીની હાલતમાં માણસનું કોઈ અંગ કાપવું જાઈઝ નથી તો પછી આંખ અથવા કીડની કાઢી બીજા માણસમાં નાખવું કઈ રીતે જાઈઝ થશે ! અત્યાર સુધી તે અંગો વિશે વાત ચાલી રહી છે જેના કાઢવાથી માણસ મરતો નથી, પણ જ્યારે કોઈ વાર એવું બંને કે જ્યારે મોતનું યકીન થઈ જાય અથવા તો પાકુ ગુમાન થઈ જાય તો આવા સંજોગોમાં પણ માણસનું અંગ કાપવું હલાલ નથી. દા.ત. પેટમાં જીવીત છોકરું હોય અને એ છોકરાના કારણે માંની જાન જવાનો ખતરો હોય અને ડોકટરો આવા નાઝુક સમયમાં કહી દે કે છોકરાને કાપી કાઢી લેવું જરૂરી છે, નહીં તો માં મરી જશે. તો આવા સંજોગોમાં પણ છોકરાને કાપી કાઢવું જાઈઝ નથી. કારણ કે એક જીવને બચાવવા માટે બીજા જીવને ખતમ કરી દેવો જાઈઝ નથી. *(ફતવાએ કાઝીખાં, ભા–૪, પેજ–૩૬૯)*

ઉપરોકત દલીલોમાં ધ્યાનપૂર્વક વિચારણા કરવામાં આવે તો મસ્અલાનો ઉકેલ આ રીતે નીકળે છે : (૧) કોઈ માણસને તકલીફ પહોંચાડી બીજાની એવી જ તકલીફ દૂર કરવી જાઈઝ નથી. આથી દિમાગ, કીડની તથા આંખ કાઢવું પણ જાઈઝ નથી. (૨) માણસની ઈજ્જત કરતાં તેનાં અંગો જેમ કે વાળ નખનો વપરાશ જાઈઝ નથી. આથી કીડની વગેરેનો વપરાશ પણ જાઈઝ નથી. (૩) જે હુકમ વાળ તથા નખોનો છે એ જ હુકમ ઈન્સાનના દરેક અંગનો છે, અને આંખ તથા કીડની પણ માણસનાં અંગોમાં જ છે માટે તેનો હુકમ પણ એ જ રહેશે. (૪) માણસનું શરીર તેની પાસે અમાનતના રૂપમાં છે એટલા માટે જ આંખ અથવા કીડનીને સોપવું જાઈઝ નથી કારણ કે અમાનતમાં ખયાનત દુરુસ્ત નથી. (૫) માણસનાં હાડકાંથી ઈલાજ જાઈઝ નથી. આથી કોઈનું હાડકું કાઢી બીજામાં નાખવું જાઈઝ નથી. (૬) કોઈ જાનને બચાવવા બીજી જાનને વેડફી કાઢવી જાઈઝ નથી. આ જ રીતે એક માણસને સાજો કરવા બીજા માણસને માંદો કરવો જાઈઝ નથી.

અહીં એક શંકા રહી જાય છે તે એ કે શું મુર્દાઓનાં અંગો કાપી કાઢી લેવામાં આવે તો તે પણ ઝિંદાઓની જેમ હરામ છે ? તો અમારી તેહકીકાતમાં બંનેનો હુકમ બરાબર જ રહેશે, કારણ કે માણસનો એહતરામ બંને હાલતમાં સરખો જ છે અને જરૂરી છે, ભલે તે જીવિત હોય કે મૃત હોય.

મિશ્કાત શરીફ, પેજ–૧૪૯ અને અબૂ દાઊદ શરીફ, ભા.–૨, પેજ–૧૦૨માં છે કે, મુર્દા માણસનું હાડકુ તોડવું જીવંત માણસનું હાડકું તોડવાની જેમ જ છે. અને ઉપરોકત હદીષના અનુસંધાનમાં મિર્કાત શરહે મિશ્કાત, પેજ–૩૮૦ માં મુલ્લા અલી કારી رحمۃ اللہ علیہ ફર્માવે છે : મતલબ એ થયો કે ગુનાહ હોવામાં બંને સમાન છે. અને મશહૂર શારેહે મુઅત્તા અલ્લામા ઝુર્કાની ફર્માવે છે : ઝિંદા તથા મુર્દા બંનેથી હુરમત (એટલે કે અંગોને તોડવા તથા ચીર ફાડ કરવાની હુર્મત પર તેમની ઈજ્જત બાકી રાખવામાં) પૂરી ઉમ્મતની એકમતી છે. અને મુસ્લિમ શરીફની હદીષે પાક છે : રસૂલે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો કે, કબરો પર ન બેસો. અહીં કબર પર બેસવાથી રોકવાનું કારણ કબ્રવાળાને તકલીફ તથા ઈજામાં નાખી દેવો છે. તો જ્યારે કબર બેસવાથી મૈયતને તકલીફ પહોંચી શકે છે તો તેમનાં અંગોને વેર વિખેર કરવામાં તો તેથી વધુ તકલીફ છે, જેથી તે પણ હરામ થશે.

એક શંકા હજુ પણ રહી જાય છે કે, જે રીતે એક માણસના અંગો બીજામાં નાખવાં જાઈઝ નથી તો શું બીમારનાં અંગો પોતે તેના જ શરીરમાં નાખવું જાઈઝ છે ? જેમ કે કોઈ માણસને મોઢામાં કેન્સર જેવી ખતરનાક બીમારી થઈ ગઈ. લાંબા સમય સુધી ઈલાજ કરાવ્યા પછી ડોકટરોએ કહ્યું કે મોઢાની ચામડી કાઢી નાખી તેના શરીરમાંની બીજી ચામડી લગાડી દેવાથી તેને આ ખતરનાક બીમારીથી છૂટકારો મળી જશે. તો શું આ રીતે સર્જરી કરવું જાઈઝ થશે ? મારા ખ્યાલથી જરુરત સામે હોવાના કારણે જાઈઝ થશે, નહીં તો નહીં. જેમ કે જ્યારે એક હાથનું હાડકુ તૂટી વધી જાય તો તેને તોડી ઘસીને બરાબર કરવું એ તેવા સંજોગોમાં જાઈઝ છે. જ્યારે કે જરૂરત હોય. અથવા તો તે માણસને તકલીફ થતી હોય. કારણ કે હમેશાંની તકલીફથી બચવા માટે ટેમ્પરરી તકલીફ ઉઠાવી લેવી જાઈઝ છે. દા. ત. જ્યારે ગર્ભ ખરાબ થઈ જાય અથવા તો આંખની રોશની નાસી જવાથી માણસ કાયમી તકલીફમાં સપડાય જાય છે, અને જ્યારે કે અકસ્માત વગેરે થયું અને માણસના હાડકાના ટૂકડે ટૂકડે થઈ ગયા. તો આ બધા સંજોગોમાં ચીર, ફાડ કરવી તથા ગર્ભ કઢાવી નાખવું તથા આંખ કઢાવી નાખવી જાઈઝ છે, કારણ કે કાયમી તકલીફથી બચવા માટે થોડી વારની તકલીફમાં પડવું જાઈઝ છે.

## લોહીનો શરઈ હુકમ

લગભગ દરેક મઝહબમાં અને ખાસ કરીને ઈસ્લામ ધર્મમાં લોહી નાપાક, હરામ અને નજિસ છે. કુર્આન શરીફમાં તે વિશે ચોખ્ખા ઈશારાઓ મળે છે. "અલ્લાહ તઆલાએ તમારા પર મુર્દા જાનવરો, સુવ્વર અને લોહી હરામ ફર્માવી દીધાં." આલમગીરી, ભા–૧, પેજ–૪૬ માં છે કે દરેક તે વસ્તુ જે માણસના શરીરથી નીકળે જેનાથી વુઝૂ વાજિબ થાય છે અને એ જ રીતે દારૂ, વહેતુ લોહી બધુ નજાસતે ગલીઝા છે. અને મરાકિયુલ ફલાહ પેજ–૮૩ માં છે કે વહેતુ લોહી જ્યાં સુધી પોતાની ખાસ જગામાં રહે ત્યાં સુધી તે પાક છે પણ જ્યારે તે વહી કોઈ હલાલ જાનવરના ગોશ્ત પર પડે તો તેને ધોયા વગર ખાવું હરામ છે, કારણ કે વહેતું લોહી હરામ છે પણ તે લોહી જે ગોશ્તના અંદર રહી ગયું હોય તો તેનાથી બચવું મુશ્કેલ છે, આથી તેનું ખાવું એવી તકલીફના આધારે જેને દૂર ન કરી શકાય જાઈઝ છે.

ઉપરોક્ત કિતાબોના હવાલાઓથી એ વાત સાબિત થઈ જાય છે કે લોહી પોતાની જગ્યામાં પાક છે પણ જેવું તે બહાર નીકળી વહેવા લાગે તો નાપાક થઈ જાય છે, અને જે રીતે તેના ગોશ્ત પર વહેવાથી ધોયા વગર ખાવો હરામ છે એ જ રીતે તેનો વપરાશ દવા રૂપે હોય અથવા ખાવા રૂપે દુરુસ્ત નહીં રહે, કારણ કે નજિસ (નાપાક) વસ્તુઓનો વપરાશ નાજાઈઝ છે.

ફતાવાએ કાઝીખાં, ભાગ–૪, પેજ–૩૬૫ માં છે કે ગધેડીનું દૂધ અને તેનો ગોશ્ત ભલે બીમાર હોય કે ન હોય, વાપરવો મકરૂહ છે. આ જ રીતે દરેક હરામ વસ્તુને દવામાં વાપરવી મકરૂહ રહેશે કારણ કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો કે બેશક ! અલ્લાહ તઆલાએ દરેક તે વસ્તુમાં શિફા નથી રાખી જે તમારા માટે હરામ છે, લોહી તથા બીજી હરામ વસ્તુઓમાં શિફા નથી માટે તેમને દવામાં વાપરવું પણ દુરુસ્ત નહીં થાય.

પણ શું કોઈ એવી સૂરત પણ છે કે જેમાં વહેતુ લોહી કામમાં પણ આવે અને હરામ પણ ન થાય ? જો જાઈઝ હોવાની કોઈ સૂરત (સ્થિતિ) સામે આવે તો મુહક્કિકોના આધારે કોઈ માણસનું લોહી બીજા માણસમાં નાખવું એક હદ સુધી જાઈઝ હોવાનું એક પાસુ નીકળી શકે છે.

અહીં એ વાત પણ ધ્યાનમાં રાખવી જરૂરી છે કે લોહી માણસના અંગમાં દાખલ નથી પણ લોહી અંગો માટે જરૂરી છે, અંગ હોવા તથા અંગ ન

હોવામાં ફર્ક એ છે કે દરેક તે વસ્તુ જેને કાઢી લેવાથી શરીર અધુરું અને ઐબદાર થઈ જાય તેને અંગ કહેવામાં આવે છે. અને જે વસ્તુને કાઢવાથી શરીર અધુરું ન થાય તે અંગ ન કહેવાય, ભલે તે વસ્તુ શરીર માટે જરૂરી હોય કે ન હોય. જેમ કે લોહી શરીર માટે જરૂરી છે અને પેશાબ શરીર માટે જરૂરી નથી. આ બંનેમાં માત્ર આટલો જ ફર્ક છે કે પેશાબનું નીકળવું શરીરના સ્વાસ્થ્ય માટે જરૂરી છે અને લોહીનું શરીરની અંદર રહેવું સ્વાસ્થ્ય માટે જરૂરી છે, નહીં તો બંને હુકમમાં સમાન જ છે. આટલું બયાન કર્યા પછી આ વાત સમજમાં આવી ગઈ હશે કે જે હુકમો અંગો માટે બયાન કરવામાં આવ્યા છે તે હુકમો લોહી માટે પણ હોવા જરૂરી નથી, કારણ કે અંગોમાં ફર્ક હોવાથી એહકામમાં પણ ફર્ક લાગુ થશે. પણ લોહી અને પેશાબમાં ઘણી બધી સમાનતા છે આથી આ બંનેના હુકમ લગભગ સરખા જ રહેશે. (૧) લોહી અને પેશાબ બંને વહે છે. (૨) લોહી અને પેશાબ બંને માણસના અંગોમાંથી નથી. (૩) લોહી અને પેશાબ બંને નજાસતે ગલીઝા છે. (૪) પેશાબનું ટીપુ માંસના ટૂકડા પર પડી જાય તો ધોયા વગર હલાલ નહીં થાય અને એ જ હુકમ વહેતા લોહીનો છે. હનફી ફકીહોના નઝદીક લોહી, પેશાબ અને દારૂના દવામાં વપરાશ વિશે મસ્અલો વિવાસ્પદ રહ્યો છે પણ ઉલ્માએ મુતઅખ્ખિરીનએ જરૂરતના મોકાનો લેહાઝ રાખી જાઈઝ હોવાનો ફત્વો આપ્યો છે, અને તે પણ એવા સંજોગોમાં જ્યારે કોઈ જરૂરત પડે. **સૌ પ્રથમ "જરૂરત"ના મતલબને સમજાવી દેવો જરૂરી** છે જેથી સમજી શકાય કે કઈ જરૂરતમાં જાઈઝ અને કઈ જરૂરતમાં નાજાઈઝ છે.

પોતાના જમાનાના ફકીહ અલ્લામા અહમદુલ હમુવી મુહક્કિક ઈબ્નુલ હુમામના હવાલાથી હાશિયએ હમુવી અલ્‌લ ઈશ્બાહિ લિ ઈબ્નિન નુજૈમ પેજ—૨૨૨માં ફર્માવે છે કે "જરૂરત મના કરેલ વસ્તુઓ (જેનાથી શરીઅતે દૂર રહેવાનો હુકમ આપ્યો હોય) ને મુબાહ કરી દે છે." ત્યાર પછી ફર્માવે છે, વસ્તુઓના પાંચ દરજા હોય છે :–

**(૧) જરૂરત (૨) હાજત (૩) મનફઅત (૪) ઝીનત (૫) ફુઝૂલ.** ત્યાર પછી દરેકની વ્યાખ્યા તથા ટૂંકમાં તેના હુકમો પણ બયાન કરી રહ્યા છે, અને આ રીતે કહે છે :–

**''જરૂરત''** તેવા સંજોગોને કહેવામાં આવે છે કે જ્યારે તે મના કરેલ ચીજ નહીં વાપરે તો મૃત્યુ થઈ જવા અથવા મૃત્યુની નજીક હોવાનું યકીન થઈ જાય. તો આવા સમયે તે મના કરેલ વસ્તુ મુબાહ થઈ જશે. અને જો **''હાજત''** એથી ઓછા દર્જાની મજબૂરીને કહેવામાં આવે છે કે જેમાં મરવાનો ખતરો તો ન હોય પણ સખત મુસીબતમાં સપડાય એમ લાગતું હોય. આ **''હાજત''**ના કારણે કોઈ હરામ વસ્તુ હલાલ નથી થતી, પણ તેમાં રોઝા ન રાખવાની છૂટ છે (એટલે કે માત્ર એ જ સમયે પછી અદા કરી શકાય છે.) અને **મનફઅત** : જેમ કે કોઈ માણસને ઘઉંની રોટલી અથવા બકરાનો ગોશ્ત અથવા ચરબીવાળો ગોશ્ત ખાવાની ખ્વાહિશ હોય. અને **ઝીનત** : જેમ કે કોઈ માણસ હલવો અથવા મીઠાઈ પસંદ કરે. **ફુઝૂલ** : હરામ તથા શંકાસ્પદ ચીજના ફર્ક વગર પોતાની ખ્વાહિશો પૂરી કરે. છેલ્લી ત્રણ વસ્તુઓ એટલે કે **મન્ફઅત, ઝીનત** અને **ફુઝૂલ** આ ત્રણેય શરીઅતના એહકામમાં કોઈ પણ આસાની નહીં કરી શકે. પણ જો અમલમાં કોઈ **હાજત** નીકળી આવે તો કંઈક હદ સુધી આસાનીની ગુંજાઈશ નીકળી શકે છે, પણ આમાં ખાવા પીવાની ગુંજાઈશ નથી. પણ તે **''હાજત''** જે જરૂરી બની જાય છે એટલે કે જે **''હાજત''** સામાન્ય બની જાય તે **''જરૂરત''**ની જેમ જ થઈ જાય છે." અને આવી **હાજત**નો હુકમ પણ **જરૂરત**ની જેમ થઈ જાય છે. એટલે કે તેમાં હરામ વસ્તુને વાપરવાની છૂટ આપવામાં આવે છે અને આ સમયે હરામ તથા નાજાઈઝ વસ્તુ મુબાહ થઈ જાય. જેમ કે નિકાહના

માટે અથવા ડોકટરી મસ્લેહતના કારણે ગૈર મેહરમ સ્ત્રીને જોવી. નિકાહ પહેલાં ગૈર મેહરમને જોવી ખાસ જરૂરતોમાં દાખલ છે તો આવા સંજોગોમાં ગૈર મેહરમને જોવાની ઈજાઝત છે, જ્યારે કે ગૈર મેહરમ સ્ત્રીને જોવી હરામ છે. એવી **હાજત** જે સામાન્ય રીતે હોય અને તેને **ઈકરાહ** નામ આપવામાં આવે (એટલે કે કોઈ માણસની તરફથી જાન જવાનો ખતરો હોય અથવા અંગો કાપી લેવાનો ખતરો હોય. અને ભૂખની હાલતમાં હલાલ વસ્તુ ન મળવાના સંજોગોમાં હરામ વસ્તુ ખાઈ જાન બચાવવી.) અને મુશક્કતે અઝીમા એટલે કે જાન જવા અથવા અંગો કપાઈ જવાનો ખતરો હોય. ઉપરોકત બધાનો મતલબ લગભગ એક જ છે અને બધા જ **જરૂરત**માં ગણાશે કે બધામાં જાન જવા તથા અંગો ખતમ થઈ જવાનો ખતરો છે. બીજા શબ્દોમાં એ કે **જરૂરત** તેને કહેવાશે જેમાં ઉપર મુજબનો સૌથી વધુ ખતરો હોય. હવે **જરૂરત**નો મતલબ જાણ્યા પછી હવે એ સમજવું આસાન થઈ ગયું કે કોઈનું લોહી કાઢી બીજાના શરીરમાં નાખવું કેવું છે ? અને કઈ રીતે જાઈઝ હોવાનો ફત્વો આપવામાં આવશે.

આ પ્રકરણમાં જ્યાં સુધી અમારી મર્યાદિત જાણકારી કામ કરી રહી છે તેના આધારે અમે એટલું કહી શકીએ છીએ કે એક મુસ્લિમનું લોહી બીજામાં નાખવું ત્યારે જ જાઈઝ થશે જ્યારે બીમારનો જીવ જવાનો ખતરો હોય અથવા કમસેકમ તે ખતમ થવાની નજીક પહોંચી ગયો હોય. આનું નામ **જરૂરત** છે, અને **જરૂરત** હોય ત્યારે હરામ વસ્તુને વાપરવું જાઈઝ રહેશે.

કાઝી ખાન, ભા–૪, પેજ–૪૨ માં છે કે કોઈ માણસને મુરદાર અથવા સુવ્વરનો ગોશ્ત ખાવા માટે મજબૂર કરવામાં આવે તો તે ખાઈ લે, કારણ કે જરૂરતના સમયે હરામ વસ્તુ ખાવી મુબાહ થઈ જાય છે. અહીં **ઈકરાહે તામ્મ**ની વખતે મુરદાર અથવા સુવ્વરનો ગોશ્ત ખાવો એટલા માટે મુબાહ છે કે જાન બચાવવી ફર્ઝ છે, તો જો ન ખાય અને તેના કારણે (ભૂખથી અથવા જુલ્મથી) તેવામાં જ મરી ગયો તો ગુનેહગાર થશે, કારણ કે ન ખાઈને જાણી બુઝીને પોતાને હલાકતમાં નાખ્યો, આ કારણે કયામતના દિવસે તેને પૂછતાછ કરવામાં આવશે.

શામી, ભા.૫, પેજ–૨૧૫ માં છે કે, કોઈ માણસે ખાવા ન ખાધુ ત્યાં સુધી કે તે હલાક થઈ ગયો તો તે ગુનેહગાર થયો, કારણ કે તેણે પોતાને હલાકતમાં નાખ્યો. આથી ઉલ્ટું જો કોઈ માણસને બીમારી થઈ અને તેને ડોકટરોએ કહ્યું કે તમારા શરીરનું લોહી કાઢી નાખો તો સારું થઈ જશે. પણ તે માણસે આમ ન કર્યુ અને તેમાં જ હલાક થઈ ગયો તો તે ગુનેહગાર નહીં થાય, કારણ કે લોહી કાઢી માણસ સાજો થયા તેમાં યકીન નથી.

કાઝીખાન, ભાગ–૪, પેજ–૩૬૫ માં છે કે, કોઈ માણસને બીમારી થઈ તો ડોકટરે તેને કહ્યું કે પોતાના શરીરનું લોહી કઢાવી નાખ તો સારો થઈ જઈશ. અને તેણે લોહી ન કઢાવ્યું અને આવી જ હાલતમાં મરી ગયો તો ગુનેહગાર નહીં થાય, કારણ કે તેને તેમાં સાજા થવાનું યકીન ન હતું. **ઈકરાહ**ની હાલતમાં કતલ થઈ જવું યકીની હતું, આથી તે માણસ ગુનેહગાર થશે અને બીમારીની હાલતમાં મૌતનું યકીન ન હતું આથી તે ગુનેહગાર નહીં થાય.

ઉપરોકત બંને લખાણોથી એ વાતનો ઈશારો મળે છે કે દરેક તે વસ્તુ જેના ઉપયોગ ન કરવા પર મોતનું યકીન હોય તેને છોડવામાં ગુનોહ છે અને જો યકીન ન હોય તો નહીં. આ વાતની સ્પષ્ટતા આલમગીરી કિતાબુલ કરાહતના આ લખાણથી થાય છે કે તકલીફ દૂર કરવાના સબબો ઘણા છે જેમાંથી અમુક ગુમાન હોય છે, જેમ કે ખરાબ લોહી કાઢવું તથા ઈલાજ કરાવવો.

હવે જુઓ, લોહીનું હેમોગ્લોબિન (**Hemoglobin**) જો ૧૫ થી ઓછુ હોય તો માણસ મરે તો નહીં પણ મરવાની નજીક પહોંચી જાય છે

જેથી આવા નાઝુક સમયે લોહી ચઢાવવું જરૂરી હોય છે, અને **જરૂરત**ના સમયે હરામ વસ્તુ હલાલ થઈ જાય છે.

શામી, ભાગ–૪, પેજ–૨૩૯ માં છે કે નિહાયા તથા તેહઝીબમાં છે કે બીમાર માણસ માટે પેશાબ, લોહી તથા મુરદારનો ગોશ્ત દવા રૂપે ઉપયોમાં લેવો જાઈઝ છે જ્યારે કે કોઈ મુબાહ વસ્તુ દવા માટે ન મળે. તો જ્યારે બીમાર માણસ માટે લોહી પીવું દવા રૂપે જાઈઝ છે તો પછી તેને શરીરમાં નાખવું તો જાઈઝ જ રહેશે, કારણ કે નાજાઈઝ હોવાનું કોઈપણ કારણ જાહેર નથી એટલે સુધી કે ફુકહાએ કિરામે શિફાની (સાજા થવાની) નિય્યતથી લોહી વડે કુર્આન શરીફની આયતો લખવી માઉઝ માટે જાઈઝ છે. (કાઝીખાન, ભાગ–૭) જો કે નાપાક છે પણ જરૂરતના સમયે લોહીનો ઉપયોગ કુર્આની આયતોમાં જાઈઝ છે, આ જ રીતે એક જરૂરતના સમયે એક મુસ્લિમનું લોહી બીજા મુસ્લિમના શરીરમાં નાખવું જાઈઝ થશે, પણ કાફિરનું લોહી ત્યારે જ લેવું જાઈઝ રહેશે જ્યારે કોઈ મુસલમાન લોહી ન આપે અથવા તો તે ગૃપનું લોહી ન મળતું હોય અથવા લોહી ખરીદવાના પૈસા ન હોય તો મજબૂરીની હાલતમાં લઈ શકાય છે, પણ બચવું વધુ સારું છે. કારણ કે ડોકટરોના કહેવા અનુસાર લોહીનો અસર દિમાગ, તબિયત તથા શરીરમાં જરૂર જાહેર થાય છે.

## એક શંકા તથા તેનું નિવારણ

ખૂબ જ મજબૂરી તથા જરૂરતની હાલતમાં શિફા (તંદુરસ્તી) પ્રાપ્ત કરવી જાઈઝ છે, જ્યારે કે આથી પહેલાં ઉપરોકત લખાણમાં કાઝીખાનના હવાલા હેઠળ આ હદીષ અમે લખેલ છે કે, "એ જ રીતે હરામ વસ્તુથી દવા બનાવવી નબી કરીમ ﷺ ના ફર્માનના કારણે કે કોઈ પણ હરામ વસ્તુમાં અલ્લાહ તઆલાએ શિફા નથી રાખી.'' તો શક એ વાતનો છે કે જ્યારે હદીષે પાકથી સાબિત છે કે **હરામ વસ્તુમાં શિફા નથી** તો પછી તે વસ્તુથી ઈલાજ કઈ રીતે થાય ? આ હદીષે પાકનો જવાબ આપતાં સાહિબે મહલ્લીએ ખૂબ જ સારી વાત કહી છે. ખુલાસો એ છે કે જે રિવાયતોમાં હરામમાં શિફા ન હોવાનું વર્ણન છે તેનો મતલબ એ છે કે જ્યાં સુધી તે વસ્તુ હરામ છે ત્યાં સુધી તેમાં શિફા નથી, પણ જ્યારે તે જરૂરત હોવાને કારણે હલાલ થઈ ગઈ તો તેમાં શિફા હશે, કારણ કે હવે તે ખબીષ ન રહી. અને અલ્લામા શામી رحمۃ اللہ علیہ વધુ સ્પષ્ટતા કરતાં ફર્માવે છે કે, "એટલે કે તેના સિવાય કોઈ બીજી વસ્તુ દવા માટે ન મળે તો.'' મતલબ કે અલ્લાહ તઆલાએ તમને દવા કરવા માટેની ઈજાઝત અતા કરી છે અને દરેક બીમારી માટે ઈલાજ પણ પૈદા કરેલ છે. તો જ્યારે તમને કોઈ બીમારીની દવા મળે અને એ દવામાં તમને કોઈ હરામ વસ્તુ જોવા મળે તો તેની હુરમત બાકી નહીં રહે, તેનો ઉપયોગ કરી શકાય, કારણ કે અલ્લાહ તઆલાએ હરામ વસ્તુમાં શિફા જ નથી રાખી. ખુલાસો એ થયો કે જ્યાં સુધી કોઈ પણ વસ્તુ હરામ સાથે સંકળાયેલ રહેશે તેમાં શિફા નહીં રહે. હદીષે પાકનો ફાયદો પણ એ જ છે અને જ્યારે વસ્તુનો ઉપયોગ હલાલ થઈ જાય તો તેમાં શિફા થશે. ફકીહોના લખાણોનો મતલબ પણ આજ છે.

લોહીના ઉપયોગની હદ અને તેનો હુકમ જાહેર થયા પછી લોહીનું પ્રમાણ જાણવાની જરૂરત બાકી રહી જાય છે કે લોહી લેનાર કેટલું લોહી લઈ શકે અને આપનાર કેટલું આપી શકે છે ? આ બાબતમાં અલ અશ્બાહના માત્ર આ બે જ કાયદા સમજી લેવા પૂરતા છે. "કારણ કે જે વસ્તુ જરૂરતના સમયે મુબાહ થાય તે એટલા જ પ્રમાણમાં જેટલી જરૂરત હોય." *(અલ્ અશ્બાહ, પેજ–૧૨૨)*

મજબૂરી તથા જરૂરતના સમયે જે વસ્તુ જાઈઝ થાય છે તે એટલા જ પ્રમાણમાં જાઈઝ થાય છે જેના વગર છૂટકારો ન હોય, એનાથી વધુ ઉપયોગ જાઈઝ

નથી. લગભગ "જે વસ્તુ કોઈ કારણસર જાઈઝ થઈ હોય તે વસ્તુ તે કારણ ન હોવાના સંજોગોમાં જાઈઝ નથી હોતી." આનો મતલબ પણ એ જ છે. અને લોહી દેનાર પણ એટલું જ લોહી દઈ શકે છે, જેનાથી તે પોતે મુસીબતમાં ન પડી જાય. એટલે કે બીજાને લોહી દઈ પોતે મુસીબતમાં પડવું નાજાઈઝ છે. અલ અશબાહનો એ કાયદો કે "તકલીફ તેના જેવી બીજી તકલીફને દૂર નથી કરી શકતી" આનો પણ આ જ મતલબ થાય છે. **ટૂંકમાં બીમારને એટલા જ પ્રમાણમાં લોહી આપવામાં આવે જેથી તેની જાન બચી જાય** અથવા **ઓપરેશન** કરી શકાય, અને આપનાર એટલું જ લોહી આપી શકે છે જેનાથી એની તંદુરસ્તી પર જરૂરી અસર ન પડે.

## જાઈઝ હોવાના હુકમમાં કોઈ શરત છે કે નથી

મમનૂઅ (રોકવામાં આવેલ) વસ્તુઓ સંબંધે અત્યાર સુધી જેટલાં પણ લખાણો આવ્યાં તે માત્ર **જરૂરત**ની હદ સુધી જ સીમિત છે પણ સવાલ એ છે કે **જરૂરત**ની હદ કોના આધારે રાખવામાં આવે. બીમાર કે ઈલાજ કરનાર અથવા ખબર લેનારના આધારે ? ફિકહની મશહૂર કિતાબ દુર્રે મુખ્તારમાં "મુસ્લિમ ડોકટર" ની હદ લગાડવામાં આવેલ છે. દુર્રે મુખ્તાર મઅ રદ્દુલ મુહતાર, ભા–૫, પેજ–૨૪૯ માં છે કે ઈલાજ પાક વસ્તુઓથી જ જાઈઝ છે. પણ નિહાયામાં હરામ વસ્તુઓથી પણ જાઈઝ છે જ્યારે કે મુબાહ વસ્તુ તેની જગ્યાએ ઉપલબ્ધ ન થઈ શકે અને જ્યારે કે મુસ્લિમ ડોકટર એવું કહી દે કે આમાં શિફા છે.

અમારા ખયાલથી મુસ્લિમ ડોકટરની શરત લગાડી જાઈઝ હોવાના હુકમને ખાસ કરવો દુરસ્ત નહીં થાય, કારણ કે હવે મુસલમાનોમાં એ વાત નથી રહી કે તે માત્ર મુસ્લિમ ડોકટરથી જ ઈલાજ કરાવે, પણ જ્યાં તેમને સાજા થવાનું યકીન હોય તેની પાસે જ બીમાર પોતાનો ઈલાજ કરાવવા માટે જાય છે, અથવા તો તેને લઈ જવામાં આવે છે, ભલે તે ડોકટર મુસ્લિમ હોય કે ગૈર મુસ્લિમ. અને એ પણ જરૂરી નથી કે દરેક શહેર તથા ગામમાં સારો એવો મુસ્લિમ ડોકટર જરૂરતના સમયે હાજર હોય. ધારી લો કે બીમારની તબીયત એટલી ખરાબ હોય કે જોવાવાળાઓ તેને ઘડી બે ઘડીનો મેહમાન સમજતા હોય, પણ જાણવા મળ્યું કે હરામ દવાથી જ તેને શિફા થશે, તો શું મુસ્લિમ ડોકટરને શોધવો પડશે ? અને તે દવાને ન વાપરવી ભલે તેની શોધ કરતાં કરતાં બીમારનું મૃત્યુ થઈ જાય ?

**જવાબ** : જ્યાં સુધી ફિકહી લખાણો પર મારી નજર પહોંચે છે તો તે લખાણોથી આજ મતલબ નીકળે છે કે મુસ્લિમ તબીબની શર્ત જરૂરી નથી (કે મુસ્લિમ માહિર ડોકટરના ફૈંસલાની રાહ જોવામાં આવે અને હરામ દવાના ઉપયોગને અધ્ધર રાખવામાં આવે) પણ એકમતી છે કે જો તે જ સમયે મળી જાય તો દવાના ઉપયોગ વિશે તેની પાસેથી જાણકારી લેવી જોઈએ, નહીં તો મરીઝ પોતે ફૈંસલો કરે કે તેમાં શિફા છે કે નથી. શામી ભાગ–૫, પેજ–૩૪૯ માં પણ એ જ ઈશારો મળે છે કે જ્યારે તમે તેમાં (હરામમાં) શિફા વિશે જાણી લો તો તેની હુરમત દૂર થઈ જશે. ટૂંકમાં આ ખયાલનું સમર્થન અલ્લામા તહતાવીના આ લખાણથી પણ થાય છે કે દારૂનો દવા રૂપે ઉપયોગ માત્ર ડોકટરના કહેવાથી જ જાઈઝ નથી થઈ જતો જ્યાં સુધી મરીઝને પણ પોતે યકીન ન થઈ જાય કે શરાબ પીવાથી મને શિફા મળી જશે. (હાશિયા તહતાવી અલદુરર, ભા–૪, પેજ–૧૯૫)

ત્યાર બાદ એ કે મુસ્લિમ તબીબની શરત ફુકહાના ધોરણે એટલા માટે રહી શકે કે તે એક સાચો અને દીનદાર માણસ હોય છે, મજબૂરીની હાલતમાં ફૈંસલો કરતા સમયે શરીઅતના એહતેરામને પણ

સામે જ રાખનાર હોય અને હરામ વસ્તુથી ઈલાજ કરવાની રજા ત્યારે જ આપશે જ્યારે કે તેને યકીન થઈ જાય કે બીમાર ખરેખર મજબૂર છે. આથી ઉલ્ટુ જ્યારે કે ગૈર મુસ્લિમ ડોકટર મેળવવામાં સહુલત હોય અને મુસ્લિમ ડોકટરની શોધમાં મૌત થઈ જવાનો ખતરો હોય. ગૈર મુસ્લિમ ડોકટર તથા અન્ય લોકોના મશ્વેરા પછી પણ બીમાર અથવા ખબર લેનાર લોકોના માટે જરૂરી છે કે તેઓ પણ ખૂબ વિચારી લે કે બીમારને માત્ર હરામ દવાથી જ સારુ થશે કે નહીં. ખુલાસો એ કે હરામ દવાથી ત્યારે જ ઈલાજ થઈ શકે છે જ્યારે તેના સિવાય મૌતનું યકીન થઈ જાય અને તે હરામ વસ્તુથી જિંદગી બચવાનું પણ યકીન હોય. આ યકીન કોઈ ગૈર મુસ્લિમ ડોકટરના કહેવા અનુસાર હોય અથવા પોતે બીમારને જ યકીન હોય, બંને બરાબર છે.

## ઈન્સાની અંગો તથા લોહીનું વેચાણ

વેચવા તથા ખરીદવાનો એ મતલબ છે કે વેચવામાં આવતી વસ્તુમાં ખર્ચ કરવું જાઈઝ હોવું, કારણ કે જ્યાં સુધી આ વસ્તુ નહીં ત્યાં સુધી ખરીદી તથા વેચાણનો મકસદ પૂરો નહીં થાય અને તે બાતિલ થઈ જશે. હિદાયા આખેરૈન, પેજ–૩૩ માં છે : મુદર્દુ તથા લોહી અને આઝાદ માણસનું વેચાણ શરીઅતના આધારે બાતિલ છે કારણ કે આ વસ્તુઓ માલના હુકમમાં દાખલ નથી એથી જ તે વેચાણના હુકમમાં પણ નથી આવી શકતી. અને જે વેચાણ શરીઅતના આધારે બાતિલ હોય તેના વડે માલિકી સાબિત નહીં થાય. અને ઉપરોકત કિતાબમાં જ છે કે "બાતિલ માલિકીનો ફાયદો નહીં આપે" આના આધારે જ ઈન્સાની ચામડી પાક કરવી (કોઈપણ રીત દવા વડે કે સૂકવીને (પકવીને) નાજાઈઝ કરવામાં આવી, કારણ કે જ્યારે તેના ઉપયોગની જ ઈજાઝત નથી તો પછી તેને પાક કરવી પણ જાઈઝ નહીં થાય. શામી, ભા–૪, પેજ–૧૧૭ માં છે કે માણસની તકરીમનો મતલબ તેની સૂરત તથા પૈદાઈશ છે, આથી જ કાફિર મુર્દાનાં હાડકાં તોડવાં જાઈઝ નથી અને માણસ ગુલામ પણ નથી બની શકતો,અને ન તો તેનું વેચાણ થઈ શકે છે. આ લખાણોથી એ વાત સ્પષ્ટ થઈ જાય છે કે ન તો માણસના અંગોના ઉપયોગની ઈજાઝત છે અને ન તો તેને વેચવાની ઈજાઝત છે.

ઈન્સાની અંગો સિવાય જે અમુક સમયે બીજી હરામ વસ્તુના ઉપયોગની ઈજાઝત છે તો શું તેવા સમયે આ માણસના અંગોની વેચાણની પણ ઈજાઝત રહશે ? તેહકીક તો એ છે કે જે વસ્તુ માલ ન હોય અથવા માલ તો હોય પણ લાંબા સમય સુધી પહોંચી શકે એવો માલ ન હોય તેનું વેચાણ જાઈઝ નથી.

દુર્રે મુખ્તાર મઅ રદુલ મુહતાર, ભાગ–પ, પેજ–૨૪૯ માં છે કે જે વસ્તુનું પીવું હરામ છે તેનું વેચવું પણ હરામ છે. પેશાબ, દારુ, લોહી અને દૂધ પીવાના દિવસો પસાર થઈ ગયા પછી માનું દૂધ પીવું આ બધુ હરામ છે, માટે આ બધી વસ્તુઓનું વેચાણ પણ હરામ છે. જો કે ઈમામ શાફઈના ઈર્શાદ અનુસાર સ્ત્રીના દૂધનું વેચાણ જાઈઝ છે કારણ કે દૂધ પીવાની ચીજ તથા પાક છે. અને હનફી નઝદીક ભલે તે પાક છે પણ માણસનો અંશ હોવાના આધારે તેનું વેચાણ જાઈઝ નથી.

**સવાલ** : દૂધ જેવી ઉપ્લબ્ધ થતી વસ્તુનું વેચાણ જાઈઝ નથી તો પછી લોહી જેવી વસ્તુનું વેચાણ કઈ રીતે જાઈઝ થશે ?

**જવાબ** : પેશાબ તથા લોહીનું વેચાણ જાઈઝ નથી કારણ કે એ માલ નથી અને દારૂ તથા સુવ્વરના ગોશ્તનું વેચાણ એટલા માટે નહીં કે તે ટકે એવો માલ નથી અને સ્ત્રીના દૂધનું વેચાણ એટલે નહીં કે તેને માણસના અંશોમાં ગણવામાં આવ્યું છે. તો શું

મજબૂરીની હાલતમાં આ હરામ વસ્તુઓ વગર ખરીદે ન મળે તો રૂપીયા આપી તેનું ખરીદવું જાઈઝ રહેશે ? ફકીહ અબુલ્લૈષના લખાણથી આ મસઅલો હલ થઈ જાય છે કે જે વગર ખરીદે ન મળે તો ખરીદવુ જાઈઝ છે, જ્યારે કે જરૂરત હોય. એ જ રીતે લોહીનું પણ છે, પણ તેની કિંમતનો ઉપયોગ જાઈઝ નથી. મસ્લેહત તથા મોકા સંજોગના આધારે અમુક મસઅલાઓ છે જેમાં ખૂબ જ આસાની કરી દેવામાં આવે છે, પણ તે મસઅલા જેનો બંને બાજુથી તાલ્લુક હોઈ તેમાં પહેલા માટે જે વસ્તુ હરામ છે તે મુબાહ રહેશે, પણ બીજા માટે તો હરામ જ રહેશે. ફિકહની કિતાબોમાં આવા ઘણા ઉદાહરણો મળી આવે છે. જેમ કે લાંચ લેવી તથા દેવી બંને હરામ છે પણ જ્યારે એવા સંજોગો આવે કે લાંચ આપ્યા વિના છૂટકારો ન હોય તો દેવી મુબાહ રહેશે, પણ લેવી હરામ જ રહેશે. (અલ બરીકા, પેજ–૧૨૩) આ જ રીતે મફતમાં લોહી ન મળતું હોય ત્યારે ખરીદવું જાઈઝ છે પણ તેની કિંમતનો ઉપયોગ હરામ જ રહેશે. અલ્લાહ ખૂબ જાણનાર છે અને તેના બતાવ્યાથી તેના રસૂલ ﷺ. *(સંપૂર્ણ)*

*(માહનામા કન્ઝુલ ઈમાન–દિલ્હી, ડિસે–૨૦૦૧, અલમુઈન'ના ઈ.સ. ૨૦૦૩ અંકોમાંથી સાભાર)*

## ★ ભૂલ સુધારો ! ★

"બરકાતે ખ્વાજા" માસિક ડિસે.–૦૫, પેજ નં. ૧૫ "પાયચાવાળીને નમાઝ પઢવી કેવી ?" એના જવાબના બીજા પેરેગ્રાફમાં પ્રથમ લીટીમાં "ઘૂંટણોથી ઊંચે"ને બદલે "ઘૂંટીથી ઊંચે પાયચો રાખવો ચોક્કસ સુન્નત છે." એ પ્રમાણે સુધારી લેવા વિનંતિ છે.

**–તંત્રી** *: બરકાતે ખ્વાજા (માસિક)*

# બાળકોનો તર્બિયતી ગુલશન

કાર્યાલય

## ★ પડોશીઓથી સારો વર્તાવ ★

હુઝૂર ﷺ ના એક સહાબી હતા જેમનું નામ હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہ હતુ. હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہ ઘણા જ નેક, મુત્તકી પરહેઝગાર અને અલ્લાહ તથા રસૂલના ફર્માંબરદાર હતા.

હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہ ને ત્યાં એક દિવસ એક બકરી ઝબ્હ કરવામાં આવી આવી. આપની પડોશમાં એક યહૂદી રહેતો હતો. અચાનક આપ કોઈ જગ્યાએ બહાર તશરીફ લઈ ગયા હતા. જ્યારે સાંજે પાછા ફર્યા તો ઘરવાળાઓને પૂછયું કે તમે પડોશીને પણ થોડોક ગોશ્ત મોકલી આપ્યો કે નહીં ?

આ સાંભળી ઘરવાળાઓએ જવાબ આપ્યો કે એ તો યહૂદી છે અને ત્યાં અમે કેવી રીતે ગોશ્ત મોકલીએ ?!

હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે યહૂદી હોવાથી શું થયું ?! પડોશી તો છે. હઝરત રસૂલે ખુદા ﷺ એ વારંવાર તાકીદ ફર્માવી છે કે પડોશી સાથે સારો વર્તાવ કરો.

પછી હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہ એ એ સમય સુધી ગોશ્ત ન ખાધો જ્યાં સુધી કે યહૂદીને ઘરે ન મોકલી દેવામાં આવ્યો.

**ફાયદો :** આથી જાણવા મળ્યું કે પડોશી મુસ્લિમ હોય કે ગૈરમુસ્લિમ એની સાથે સારો વર્તાવ કરવો જોઈએ. આજકાલ વધારે પડતું એવું જોવામાં આવે છે કે લોકો પોતે પેટ ભરીને ખાવા ખાઈ લે છે પણ એમના પડોશીને કેટકેટલાય દિવસો સુધી ખાવા નસીબ નથી થતું. (પડોશી તો ઠીક સગા ભાઈનોય ખયાલ નથી કરવામાં આવતો ! પોતે લીલાલહેર કરતા હોય છે ને ભાઈ લોકોની ઝકાત પર જીવતો હોય છે !) હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہ એ પોતાના પડોશીનો કેટલો વિચાર ફર્માવ્યો કે જ્યાં સુધી પડોશીના ઘરે ગોશ્ત મોકલી ન આપ્યું ત્યાં સુધી આપે એમાંથી કાંઈપણ ન ખાધું. કાશ ! આજે આપણે લોકો પણ આપણા પડોશીનો ખયાલ રાખતા અને આપણા રસૂલ જનાબ મુહમ્મદ ﷺ ના હુકમ પાકનું પાલન કરતા તો કેટલું સારું !

# કુર્બાની સંબંધે પ્રશ્નોત્તરી

અઝ : મોહક્કિકે મસાઈલે જદીદા હઝરત
અલ્લામા મુફ્તી નિઝામુદ્દીન મિસ્બાહી-મુબારકપુર

[તા. ૪/૧૨/૦૫ ભરૂચ સુન્ની દા'વતે ઈસ્લામીના સુન્ની ઈજતેમામાં મજમામાંથી ખૂબ જ રસપૂર્વક પ્રશ્નો મુફ્તી સાહબને થતા રહ્યા હતા જેના જવાબો અત્રે ટૂંકમાં રજૂ કરીએ છીએ. *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*]

**સવાલ :** જે માણસ હજ્જ માટે જાય તે હજ્જ દરમ્યાન હજ્જના શુક્રાનામાં ત્યાં કુર્બાની કરે છે પણ સુન્નતે ઈબ્રાહીમીવાળી બકરા ઈદની કુર્બાની પણ તેના પર વાજિબ થશે ? આ બકરા ઈદવાળી કુર્બાની ઈન્ડિયામાં કરાવી શકે છે કે ત્યાં જ કરે ?

**જવાબ :** જે માણસ હજ્જમાં જાય તેણે હજ્જની કુર્બાની તો કરવાની જ છે પણ જો તે મક્કામાં ૧૫ દિવસ રોકાવાની નિય્યતથી રહે તો તે મુકીમ ગણાશે અને સુન્નતે ઈબ્રાહીમી બકરા ઈદની કુર્બાની પણ તેણે કરવાની રહેશે. એટલે એ બે કુર્બાની કરશે. હજ્જવાળી કુર્બાની તો એ ત્યાં જ કરશે પણ બકરા ઈદવાળી કુર્બાની એ ઈન્ડિયામાં ફોનથી જણાવી અહીં કરાવી શકે છે. અને મક્કા શરીફમાં હજ્જ વખતે ૧૫ દિવસથી ઓછુ રોકાણ હશે તો તે મુસાફર ગણાશે તેના પર આ બકરા ઈદવાળી કુર્બાની વાજિબ થશે નહીં. છતાં નફલી તૌર પર કરવી હોય તો કરી શકે.

**સવાલ :** ઈંગ્લેન્ડ કે કેનેડા વગેરેની કોઈ વ્યક્તિની ઈન્ડિયામાં કુર્બાની કરવામાં આવે તો કયા સમયે કરવી ?

**જવાબ :** ઈંગ્લેન્ડનો સમય ઈન્ડિયા કરતાં સાડા પાંચ કલાક પાછળ છે અને કુર્બાનીનો સમય ૧૦ ઝીલ હજ્જની સુબ્હ સાદિકથી ૧૨ મીની મગરિબ સુધી છે. તો આજે ઈન્ડિયામાં પણ ઈદ છે અને ત્યાં પણ ઈદ છે તો અહીં ઈન્ડિયામાં સુબ્હ સાદિક થશે ત્યારે ઈંગ્લેન્ડમાં રાતના અઢી વાગ્યા હશે. જેથી ઈંગ્લેન્ડના માણસની કુર્બાની જો અત્યારે કરવામાં આવે તો થશે નહીં. જેથી સાડા પાંચ કલાક પસાર કર્યા પછી કરવામાં આવે. તો ઈન્ડિયામાં આઠ વાગે ઈદની નમાઝ બાદ કુર્બાની કરો તો ઈંગ્લેન્ડવાળાની કુર્બાની બપોરના દોઢ વાગ્યા પછી જ કરવામાં આવે. (સાવચેતી પૂરતો અડધો કલાક અધિક છોડવો.) અને કેનેડા વગેરે દેશો ૧૧ કલાક પાછળ છે તો એમની કુર્બાની એ પ્રમાણે સમય ગણીને રાત્રે લાઈટની વ્યવસ્થા સંપૂર્ણ હોય તો રાત્રે પણ કરી શકે છે. અથવા બીજા દહાડે કરે.

કેટલીકવાર ઈંગ્લેન્ડમાં એક દિવસ આગળ ઈદ થાય છે તો એવા વખતે પ્રથમ તથા બીજા દિવસે ઈંગ્લેન્ડવાળાની કુર્બાની ગમે ત્યારે કરી શકે પણ ત્રીજા દિવસે થશે નહીં.

**સવાલ :** ઈંગ્લેન્ડમાં કુર્બાનીનું જાનવર ખરીદે તો ઈન્ડિયાના હિસાબે ત્યાં ખૂબ મોંઘુ પડે. જ્યારે ઈન્ડિયામાં સસ્તુ પડે છે. તો આવા સંજોગોમાં ઈન્ડિયામાં કુર્બાની કરવી કેવી ? એમાં ઈંગ્લેન્ડના કુર્બાની કરાવનારને ઘણો ફાયદો મળે છે.

**જવાબ :** હા ! એ ફાયદો તમો હાંસલ કરી શકો છો. ધારો કે ત્યાં ૧૦૦ પાઉન્ડમાં જાનવર મળે છે અને અહીં ઈન્ડિયામાં ૨૫ પાઉન્ડમાં જ મળી જશે તો ૭૫ પાઉન્ડ એના બચી જાય છે, તો કાંઈ વાંધો નથી. અલ્લાહ તઆલાએ એને માફી આપી છે. પણ આ બચાવવાનો મતલબ એ નથી કે કુર્બાનીનું જાનવર એકદમ સસ્તુ દૂબળુ ખરીદવામાં

આવે બલ્કે તંદુરસ્ત અને તગડું ખરીદવું જોઈએ. કેમ કે હદીષમાં છે કે, "તમારી કુર્બાનીઓનાં જાનવર ખૂબ જ તગડાં બનાવો, કેમ કે એ પુલસિરાત પર તમારા માટે સવારીનું કામ આપશે." બીજી હદીષમાં છે કે "કુર્બાનીનું જાનવર ખૂબસૂરત રાખો." કે એ પુલસિરાત પર તમારા માટે સવારીનું કામ આપશે. તો કિયામતના દિવસે એવું ન બને કે અન્ય લોકો તો ખૂબસૂરત જાનવર સાથે સવારી પર હશે અને તમારું કદરૂપુ હોય ! જેથી તમને કોઈ શરમિંદગી ન થાય.

**સવાલ** : કુર્બાનીનાં જાનવર આપણા માટે પુલસિરાત પર સવારી બનશે અને કુર્બાની સાહિબે નિસાબ (માલદાર) પર દર વર્ષે ફર્ઝ છે, તો કેટલાં જાનવર સવારી બનશે ?

**જવાબ** : માશાઅલ્લાહ! ઘણો જ સરસ સવાલ છે ! એને એ રીતે સમજો કે જયારે કોઈ માનનીય વ્યક્તિનું સ્વાગત કરવામાં આવે છે તો કેટલીયે ગાડીઓ તેમના સ્વાગતમાં જાય છે અને થોડોક માર્ગ એક ગાડીમાં તો થોડોક માર્ગ બીજી ગાડીમાં આ રીતે પણ સવારી કરાવવામાં આવે છે. તો એ જ રીતે કિયામતના દિવસે કુર્બાની કરનાર સમક્ષ સઘળાં જાનવરો હાજર હશે અને જેના પર એ સવાર થવા ચાહશે સવાર થશે અને સવારી દરમ્યાન બદલવા ચાહશે તો બદલી શકશે. આમ ઈજ્જત સાથે પુલસિરાત પાર કરશે.

બીજું એ કે જ્યારે કોઈ માનવંત વ્યક્તિ આવે છે તો એ એક ગાડીમાં બેઠેલા હોય છે પણ તેની આગળ પાછળ કેટલીયે ગાડીઓ સરઘસ જેમ હોય છે, જેનો મતલબ એ વ્યક્તિની મહાનતા દર્શાવવાનો તથા સન્માનનો હોય છે. એ જ પ્રમાણે શાનો શૌકત સાથે કુર્બાની કરનાર એક સવારી પર હશે અને તેની આગળ પાછળ અન્ય સવારીઓ ચાલતી હશે.

**સવાલ** : શું કુર્બાની કરાવવા માટે ઈંગ્લેન્ડવાળો માણસ અહીં કોઈને વકીલ બનાવી દે કે તમે મારી કુર્બાની કરી લેજો, છતાંય સમયની રાહ જોવી પડશે ?

**જવાબ** : હા ! વકીલ તો હર હાલમાં જરૂરી છે પણ સમયનો ઈંતેઝાર તો કરવો જ પડશે. વિના વકાલતે કોઈ પોતાના તરફથી કુર્બાની કરી દેશે તો તે માણસ તરફથી કુર્બાની થશે નહીં. કુર્બાની તો વકીલ જ કરશે કે તેની ઈજાઝતથી કોઈ બીજો કરે. પણ સમયનો ખયાલ જરૂરી છે કેમ કે જેની કુર્બાની છે તેના માટે કુર્બાનીનો સમય જયારે થશે ત્યારે જ તેના પર કુર્બાની વાજિબ થશે, જેથી જે તે સ્થળના વ્યક્તિની જે તે સમયમાં જ કુર્બાની થવી જરૂરી છે. સમયનો લેહાઝ દરેક હાલતમાં જરૂરી છે.

**સવાલ** : કુર્બાનીના બારામાં એ કે આ સમયનો મસ્અલો ઈંગ્લેન્ડ તથા ઈન્ડિયાના ફરકવાળો ખયાલમાં રાખવાનો હોય છે પણ આ અગાઉ જેમની કુર્બાનીઓ અજાણતામાં સમયના લેહાઝ વિના એ જ રીતે થઈ ગઈ હોય તેઓ હવે શું કરે ?

**જવાબ** : તેઓ કુર્બાનીની રકમ જેટલા રૂપિયા કોઈ ગરીબ, મિસ્કીન, મોહતાજને સદકો કરી આપે અથવા કોઈ દારુલ ઉલૂમમાં ઉલમાને કે અમીર સુન્ની દા'વતે ઈસ્લામીને એવું જણાવીને આપે કે આ રકમ કયા પ્રકારની છે તો તેઓ શરઈ હીલો કરીને તેને યોગ્ય દીની કામોમાં ખર્ચી શકશે.

### ઈલ્મની ફઝીલત કુર્આનમાં

રબ ફર્માવે છે : **"અને તમે અર્ઝ કરો કે, હે મારા રબ ! મને "અધિક ઈલ્મ આપ."** *(પારા, ૧૬, રૂકૂઅ-૧૪)*

હઝરત અલ્લામા ઈબ્ને હજર અસ્કલાની લખે છે કે, "આ આયતે કરીમાથી ઈલ્મની ફઝીલત સ્પષ્ટપણે સાબિત થાય છે **એટલા માટે ખુદા તઆલાએ પોતાના પ્યારા મુસ્તફા ﷺ ને ઈલ્મ સિવાય કોઈ અન્ય ચીજની અધિકતા પામવા માટેનો હુકમ નથી ફર્માવ્યો."** *(ફત્હુલ બારી શરહે બુખારી, ભાગ-૧, પેજ-૧૩૦)*

# મનઘડત તથા બનાવટી રિવાયતો

રજૂકર્તા : મૌલાના મોહસિન મક્કી મિસ્બાહી સેગવા
(નાયબ સદર મુદર્રિસીન દા.ઉ. ગુલશને અજમેર, ભરૂચ)

## ★ મનઘડત રિવાયત ★

**(૧૨)** હઝરત નૂહ عليه السلام ની એક પુત્રી હતી. આપે ચાર માણસોથી એક એક શર્ત કરી કે જો તમે એને પૂરી કરો તો તમારાથી એની શાદી કરી આપું. એમણે પૂરી કરી આપી. હઝરત નૂહ عليه السلام પરેશાન થયા. ઈર્શાદે બારી થયો, ગભરાવ નહીં ! એક કૂતરી, એક વાંદરી, એક ગધેડી લાવી રૂમમાં બાંધી દો અને એના પર કલમો પઢો. હઝરત નૂહ عليه السلام એ એ પ્રમાણે કર્યું તો એ બધાં જાનવર છોકરી બની ગયાં. ત્યારે આપે એ બધાની શાદી પેલા લોકો સાથે કરી આપી.

## ★ સત્યનો નિર્દેશ ★

આ રિવાયત પણ ઉઘાડી જૂઠી છે. હઝરત સદરુશ્શરીઅહ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ફર્માવે છે :–

"આ બનાવટી જૂઠી વાત છે, જેનો કોઈ પતો નથી. એનું બયાન કરવું જાઈઝ નથી." *(ફતાવા અમજદિયા, ભાગ–૪, પેજ–૫૧)*

## ★ મનઘડત રિવાયત ★

**(૧૩)** શબે મેઅરાજ સિંહની શકલમાં હઝરત અલી كرم الله تعالى وجهه الكريم ને આપ صلى الله عليه وسلم એ જોયા તો પોતાની અંગૂઠી આપી. જ્યારે આપ અલ્લાહ તઆલાના ખાસ કુર્બ (નજીક)માં તશરીફ લઈ ગયા તો અર્ઝ કરી, મને ભૂખ લાગી છે તો અલ્લાહ તઆલાએ આપને દૂધ અને ચાવલ અતા કર્યા. તો આપે અર્ઝ કરી, હું એકલો ખાવાનો નથી ! તો ગૈબથી એક હાથ જાહેર થયો જેની આંગળીમાં તે અંગૂઠી હતી. તો આપે જાણી લીધું કે આ હઝરત અલીનો હાથ છે.

## ★ સત્યનો નિર્દેશ ★

આ રિવાયત પણ બનાવટી અને જૂઠી છે, કોઈપણ વિ□સપાત્ર કિતાબથી સાબિત નથી કે રસ્તામાં હઝરત અલી જાનવર બની હુઝૂર صلى الله عليه وسلم થી મળ્યા. અને આ પણ કેવી આશ્ચર્યજનક વાત કે એક માણસ મહેમાન જાય અને જતાંની સાથે ભૂખની શિકાયત કરવા લાગે ! આ વાક્યાના ગલત હોવા તરફ ઈશારો કરતાં સદરુશ્શરીઅહ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ લખે છે :–

"આ રિવાયત કોઈપણ મોઅતબર (વિ□સુ) કિતાબમાં આંખોથી ગુઝરી નથી અને બનાવટી છે. *(ફતાવા અમજદિયા, ભાગ–૪, પેજ–૩૪૪)*

## ★ મનઘડત રિવાયત ★

**(૧૪)** હઝરત ઉમર رضى الله عنه ના સાહબઝાદા હઝરત અબૂ શહમા رضى الله عنه એ શરાબ પીધા બાદ ઝિના કર્યો જેથી સ્ત્રીને ગર્ભ રહી ગયો. જ્યારે હઝરત ઉમર رضى الله عنه ને ખબર થઈ તો આપે એમને સજા આપી. પચાસ સાઈઠ કોરડા પછી એમનો ઈન્તેકાલ થઈ ગયો. પછી બાકી સજા કબ્ર પર પૂરી કરવામાં આવી. આ રીતે હઝરત ઉમર رضى الله عنه એ અદલો ઈન્સાફ દેખાડયો....વગેરે.

## ★ સત્યનો નિર્દેશ ★

આ વાક્યો પણ જૂઠો છે. "મજમઉલ બહહાર"માં એનો રદિયો કરતાં લેખક ફર્માવે છે :

**ابی شحمة رضی الله عنه ولد عمر زناه واقامة عمر عليه الحد وموته بطوله لا يصح بل وضعه القصاص**

અબૂ શહમા હઝરત ઉમરના સાહબઝાદાનું

ઝિના કરવું અને હઝરત ઉમરનું એમના ઉપર સજા (હદ) કાયમ કરવું તથા એમનું મરણ પામવું લાંબી કહાની સાથે સહી નથી બલ્કે ખતીબોએ બનાવી લીધેલું છે. *(માહનામા અશ્રફિયા, ૧૯૯૩)*

## ★ મનઘડત રિવાયત ★

**(૧૫)** હઝરત ઈમામ હસન رضی اللہ عنہ ની બીવી હઝરત જઅદા બિન્તે અશ્અતે બીજાના ચઢાવવાથી હઝરત ઈમામ હસનને ઝેર આપી દીધું.

## ★ સત્યનો નિર્દેશ ★

આ કહાની પણ બિલકુલ જૂઠી છે, એનું કારણ એ છે કે ઝેર આપ્યા બાદ કોઈ પણ સહાબીને એટલે સુધી કે આપના ઘરવાળાંઓમાંથી પણ કોઈને એનો ઈલ્મ ન થયો. બીજું કારણ એ કે એનાથી લાઝિમ થાય છે કે હઝરતની બીવીએ બીજા સાથે તાલ્લુક રાખ્યો અને ઈમામને એની કશી પણ ખબર ન થઈ! આપની શાન આનાથી ઉચ્ચ છે. હઝરત મુફ્તી જલાલુદ્દીન અમજદી ફર્માવે છે :–

ઈતિહાસ બયાન કરનારાઓએ ઝેર આપવાની નિસ્બત હઝરત જઅદા તરફ કરી છે અને એને હઝરતની બીવી બતાવી. પરંતુ સદરુલ અફાઝિલ અલ્લામા નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہ ફર્માવે છે :

આ રિવાયતની કોઈ સનદ મળતી નથી અને કોઈ સનદ વગર કોઈ મુસલમાન પર કતલનો ઈલ્ઝામ અને આવા મોટા કતલનો ઈલ્ઝામ કોઈ પણ રીતે જાઈઝ નથી. *(ફતાવા ફકીહે મિલ્લત, ભાગ–૨, પેજ–૪૦૬)* આથી માલૂમ થયું કે આ રિવાયતથી બચવું બેહતર છે.

## ★ મનઘડત રિવાયત ★

**(૧૬)** ગૌષે આઝમ رضی اللہ عنہ નો ધોબી મરી ગયો. કબ્રમાં મુન્કર નકીર તશ્રીફ લાવ્યા. ફરિશ્તાઓએ સવાલ કર્યો કે તારો રબ કોણ? એણે કહ્યું, "ગૌષ પાક رضی اللہ عنہ નો ધોબી છું!" આવી જ રીતે દરેક સવાલના જવાબમાં એણે આ પ્રમાણે કહ્યું. પછી ફરિશ્તા એને છોડીને ચાલ્યા ગયા.

## ★ સત્યનો નિર્દેશ ★

આ રિવાયત જો કે અમુક દેવબંદીઓએ પણ પોતાની કિતાબમાં લખી છે, પરંતુ બેઅસલ બનાવટી છે એટલે એને બયાન કરવામાં ન આવે. હઝરત મુફ્તી જલાલુદ્દીન رحمۃ اللہ علیہ ફર્માવે છે : "આ રિવાયત બેઅસલ છે એને બયાન કરવી સહી નથી. *(ફતાવા ફકીહે મિલ્લત, ભાગ–૨, પેજ–૪૪૧)*

## ★ મનઘડત રિવાયત ★

**(૧૭)** હારૂત મારૂત બે ફરિશ્તા છે જેમણે શરાબ પીને વ્યભિચાર કર્યો, કતલ કર્યું તો અલ્લાહ તઆલાએ એમને સજા કરી બાબુલના કૂવામાં ઉલ્ટા મોઢે લટકાવી દીધા.

આ રિવાયત પણ જૂઠી છે. આ'લા હઝરત علیہ الرحمۃ والرضوان ફર્માવે છે : હારૂત મારૂતનો કિસ્સો જે રીતે અવામમાં પ્રખ્યાત છે ઈમામોનો એના પર સખ્ત ઈન્કાર છે. જેની તફસીલ "શિફા શરીફ" તથા એની શરહોમાં છે. ઈમામ અજલ કાઝી અયાઝે ફર્માવ્યું : هذه الاخبار من كتب اليهود و افترائهم આ ખબરો યહૂદીઓની કિતાબો અને એમના જૂઠા કથનોથી છે. *(ફતાવા રઝવિય્યહ, ભાગ–૧૨, પેજ–૩)*

## ★ મનઘડત રિવાયત ★

**(૧૮)** રિવાયત છે કે સરકારે દો આલમ ﷺ સહાબાના મજમામાં બિરાજમાન હતા. એક અરબ જવાન રડતો રડતો આવ્યો તો આપે ફર્માવ્યું, કેમ રડે છે ?! અર્ઝ કરી, મારા બાપનો ઈન્તેકાલ થઈ ગયો છે અને કોઈ ગુસ્લ તથા કફન આપનાર નથી. સરકાર ﷺ એ હઝરત અબૂબક્ર તથા ઉમર رضی اللہ عنہما ને મોકલ્યા. આ બંનેવ મુડદા પાસે ગયા તો જોયું કે એ કાળા સુવ્વર જેવો છે. આ બંનેવે પાછા આવી રસૂલ ﷺ ની બારગાહમાં અર્ઝ કરી તો હુઝૂર ﷺ તશ્રીફ લઈ ગયા. એના જનાઝા પાસે દુઆ કરી તો મુડદું પોતાની અસ્લી હાલતમાં આવી ગયું.

પછી નમાઝે જનાઝા બાદ દફન કરવા લાગ્યા તો પછી મુડદુ એવું જ બની ગયું. સરકાર ﷺએ પૂછયું, તારો બાપ શું અમલ કરતો હતો ? જુવાને કહ્યું, એ બેનમાઝી હતો. હુઝૂર ﷺએ ફર્માવ્યું, જુઓ ! બેનમાઝીની આ હાલત થાય છે !

## ★ સત્યનો નિર્દેશ ★

આ રિવાયત તદ્દન જૂઠી બનાવટી છે. રદને પાત્ર છે. એના અમુક કારણો છે :

**૧.** એનાથી તો સાબિત થાય છે કે અમુક સહાબા નમાઝ છોડનાર હતા જ્યારે કે આ બિલકુલ જૂઠી છે.

**૨.** વળી જણાય છે કે બધા જ સહાબા આદિલ તથા ભરોસાપાત્ર નથી. જ્યારે કે તેઓ આદિલ તથા મોઅતબર હતા.

**૩.** વળી જાણવા મળે છે કે અમુક સહાબાથી અલ્લાહ તઆલા નારાજ હતો. જ્યારે કે એ ગલત છે કારણ કે બધા જ સહાબાથી અલ્લાહ તઆલા અને એના રસૂલ રાજી તથા ખુશ હતા. કુર્આન શરીફમાં છે : رضی اللہ عنھم و رضوا عنہ "અલ્લાહ એમનાથી રાજી અને તેઓ અલ્લાહથી રાજી."

**૪.** જણાય છે કે હુઝૂર ﷺની દુઆથી પણ મુડદાને ફાયદો ન થયો ! જ્યારે કે એ ગલત છે. સરકાર ﷺ જેના માટે દુઆ કરે તો બેશક ! એને ફાયદો પહોંચે છે.

આ બધા કારણોથી આ રિવાયત ગલત તથા બનાવટી છે. આ રિવાયતને વર્ણન કર્યા પછી હઝરત સદરુશ્શરીઅહ્ علیہ الرحمۃ والرضوان ફર્માવે છે. આ રિવાયત મઝહબના ઉસૂલના વિરૂધ્ધ છે એટલે એતેબારના લાયક નથી. *(ફતાવા અમજદિયા, ભાગ–૧, પેજ–૪૫)*

## ★ મનઘડત રિવાયત ★

**(૧૯)** હઝરત ઐયૂબ علیہ السلام ને અલ્લાહ તઆલાએ ઈમ્તેહાનમાં મૂક્યા. એમને એવી બીમારી થઈ ગઈ કે આખુ શરીર મઆઝલ્લાહ ! કોઢ અથવા રક્તપિત અથવા એવા ઝખમ પડી ગયા કે એનાથી શરીરમાં કીડા પડી ગયા. આથી લોકો નફરત કરવા લાગ્યા. અને આપ અલ્લાહ તઆલાનો શુક્ર અદા કરતા રહ્યા... વગેરે.

## ★ સત્યનો નિર્દેશ ★

આ વાત પણ બનાવટી છે, એમાં એક મોહતરમ નબી તરફ એવી બીમારીની નિસ્બત કરવામાં આવી છે જે નફરત લાવે છે. અલ્લાહ તઆલા કોઈ પણ નબીને એવી બીમારીમાં મૂક્તો નથી જેનાથી લોકોને નફરત થાય. કારણ કે જો લોકો નફરત કરવા લાગે તો પછી કોઈ નજીક ન આવશે. અને જ્યારે કોઈ નજીક આવે નહીં તો તબ્લીગનો ફર્ઝ જે ઘણો મહત્વનો છે જેના માટે બંદાને નબુવ્વત તથા રિસાલતનો હોદ્દો મળ્યો, તે અદા થશે નહીં. અને અસલ મકસદ જ પૂરો થાય નહીં. એટલે અંબિયાનું આવા કામોથી માસૂમ તથા પાક હોવું જરૂરી છે જે ઘૃણા તથા નફરતનું કારણ બને. એટલે આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે : હાં ! ગુનાહ નહીં બલ્કે દરેક એ વાતથી જે મખ્લૂકની નફરતનું કારણ બને, બદનામી, બેઈજ્જતી થાય ભલે ગુનાહ ન હોય. દા.ત. પાગલપન, કોઢ, રક્તપિત, વંશની બદ્નામી, બીબીઓનો વ્યભિચાર આ બધા જ અમલોથી પાક હોવું જરૂરી છે. *(અહકામે શરીઅત, હિસ્સા : ૩, પેજ : ૩૦૬)*

## ★ મનઘડત રિવાયત ★

**(૨૦)** હઝરત બિલાલ رضی اللہ عنہ અક્ષરોના સહી ઉચ્ચાર પર શક્તિમાન ન હતા. શીન شین અને સીન س માં ફર્ક કરી શક્તા ન હતા. એક દિવસ હઝરત ઉમર رضی اللہ عنہ એ અલ્લાહના રસૂલ ﷺની બારગાહમાં શિકાયત કરી. હઝરત બિલાલને અઝાન આપવાથી રોકવામાં આવ્યા. એ દિવસે હઝરત બિલાલે ફજરની અઝાન ન આપી જેથી

સવાર ન થઈ, સૂર્ય ન ઉગ્યો. હુઝૂરે દુઆ ફર્માવી તો હઝરત જિબ્રઈલ علیہ السلام તશરીફ લાવ્યા અને અર્ઝ કરી, જ્યાં સુધી બિલાલ અઝાન નહીં આપે ત્યાં સુધી સૂર્ય નહીં ઉગે ! પછી હઝરત બિલાલે અઝાન આપી તો સૂર્ય ઉગ્યો...... વગેરે.

## ★ સત્યનો નિર્દેશ ★

આ રિવાયત પણ હકીકતની વિરૂધ્ધ છે કારણ કે હઝરત બિલાલ ઈસ્લામના પહેલા મોઅઝ્ઝિન છે. જો એમના અવાજમાં ઐબ, અક્ષરોના ઉચ્ચારમાં કમી હોત તો કોઈ પણ સંજોગોમાં આપણા આકા એમને મોઅઝ્ઝિન મુકર્રર ન કરતા. હઝરત શૈખ અબ્દુલહક્ક મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہ એ અઝાનના વિશે ફર્માવ્યું :–

"હુઝૂર ﷺ એ ફર્માવ્યું, જાવ ! બિલાલને અઝાન આપવાનુ કહો, કારણ કે એમનો અવાજ ઊંચો, નર્મ અને મીઠો છે. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૧, પેજ–૬૧૧)*

ફકીહે અસ્ર હઝરત અલ્લામા મુફતી શરીફુલ હક્ક અમજદી رحمۃ اللہ علیہ ના લખાણથી પણ આ વાત સમજમાં આવે છે કે હઝરત બિલાલ સંપૂર્ણપણે હર્ફોના ઉચ્ચાર કરતા હતા. એમની અઝાનમાં કોઈ પણ પ્રકારનો ઐબ ન હતો. એટલે માલૂમ થયું કે આ રિવાયત મનઘડત તથા બનાવટી છે. ફકીહે અસ્રે પણ એના બનાવટી હોવાનો નિર્દેશ છે.

## ★ મનઘડત રિવાયત ★

**(૨૧)** હઝરત સૈયદ શાહ અબ્દુર્રઝ્ઝાક હાંસવી رحمۃ اللہ علیہ નો વાક્યો છે કે દસ મોહર્રમના દિવસે એક તાઝીયા સાથે ચાલવા લાગ્યા જે વણકરોનો હતો. અને બનાવટી કરબલામાં દફન કરવા માટે લોકો લઈ જઈ રહ્યા હતા. આપના કારણે અન્ય ખાદિમો તથા મુરીદો પણ સાથે બનાવટી કરબલા સુધી ગયા, મુરીદોએ પૂછયું તો ફર્માવ્યું કે મને તાઝીયાથી શું મતલબ ?! હું ઈમામ આલી મુકામને જોઈને સાથે ચાલવા લાગ્યો.

**(૨૨)** આજ બુઝુર્ગનો વાક્યો છે કે આશૂરાના દિવસે મસ્જિદમાં બેસી વુઝૂ બનાવી રહ્યા હતા. ટોપી મુબારક ફસીલ (દીવાલ) પર મૂકી હતી અચાનક એવી જ હાલતમાં ઉઘાડા માથે નીચે તશરીફ લાવ્યા અને એક તાઝીયા સાથે થઈ ગયા. લોકોએ પૂછયું તો ફર્માવ્યું, હઝરત ફાતેમા رضی اللہ عنہا તશરીફ લાવેલ હતાં.

## ★ સત્યનો નિર્દેશ ★

આ બંનેવ રિવાયતો **બનાવટી** છે. તાઝીયા બનાવનારાઓએ ઘડી લીધી છે. એટલે આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

બંનેવ હિકાયતો ગલત બેઅસલ છે. તાઝીયાં બનાવનારાઓને કોઈ શરીઅતની દલીલ નથી મળતી, અને ન કોઈ મોઅતબર આલિમનું કથન મળે છે જેથી મજબૂર થઈને હિકાયત બનાવે છે આવા જ પ્રકારની હિકાયત કોઈ શાહ અબ્દુલ અઝીઝ رحمۃ اللہ علیہ થી નકલ કરે છે, કોઈ મૌલાના શાહ અબ્દુલ મજીદથી નકલ કરે છે, કોઈ મારા દાદાજાનથી રિવાયત કરે છે, કોઈ ફઝલુર્રહમાનથી. અને બધી જ ગલત તથા બનાવટી છે. *(ફતાવા રઝવિય્યહ, ભાગ–૨૪, પેજ–૪૯૭)*

## ★ મનઘડત રિવાયત ★

**(૨૩)** હઝરત ઈસ્માઈલ علیہ السلام એ ઝબહથી પહેલાં પોતાના વાલિદ હઝરત ઈબ્રાહીમ علیہ السلام થી અર્ઝ કરી, મારા ઝબહ થવાની ખબર મારી માંને ન આપશો જેનો ગમ મારી માં સહન કરી શકશે નહીં, અને એમનું દિલ ફાટીને ટુકડે ટુકડા થઈ જશે.

## ★ સત્યનો નિર્દેશ ★

આ રિવાયત સહી નથી કારણ કે એના વિરૂધ્ધ કિતાબોથી સાબિત છે. તફસીરે કબીરમાં છે :–

اقرأ علی امی سلامی و ان رأیت ان ترد قمیصی علی امی فافعل فانه عسیٰ ان یکون اسھل لھا

*–(તફસીરે કબીર, ભાગ–૯, પેજ–૩૫૧)*

એટલે કે તમો જ્યારે મારી માં પાસે જાઓ તો મારા સલામ અર્ઝ કરશો અને જો મારી કમીઝ મારી માં પાસે લઈ જવા માંગતા હોઉ તો લઈ જશો જેથી એમને તસલ્લી થશે.

હઝરત મુફતી જલાલુદીન رحمۃ اللہ علیہ ફર્માવે છે કે આ (ઉપરોક્ત) વાત સાચી છે. વધુમાં ફર્માવ્યું : "મારા ઝબહ થવાની ખબર મારી માંને ન આપશો" સહી નથી અને આ જ કયાસના યોગ્ય છે. *(ફતાવા ફકીહે મિલ્લત, ભાગ–૨, પેજ–૪૧૬)*

**★ મનઘડત રિવાયત ★**

**(૨૪)** હઝરત ઈસ્માઈલ علیہ الصلوٰۃ والتسلیم એ અર્ઝ કરી, અબ્બા હુઝૂર ! તમે પોતાની આંખો પર પટ્ટી બાંધી લો ! ક્યાંક એવું ન થાય કે તમારા હાથ મારી મહોબ્બતના કારણે થોભી જાય.

**★ સત્યનો નિર્દેશ ★**

આ પણ દુરૂસ્ત નથી, બલ્કે તફસીરે કબીરમાં છે :–

قال کبنی علی وجھی فانك اذنظرت وجھی رحمتنی وادر کتك رقة

હઝરત ઈસ્માઈલ علیہ الصلوٰۃ والتسلیم એ પોતાના વાલિદથી અર્ઝ કરી, આ મને ઊંધો સૂવડાવી દો જેથી તમો મારા મોઢાને ન જોઈ શકો જેથી તમને રહમ ન આવે. આપ પર ધ્રુજારી ન છવાઈ.

મુફતી જલાલુદ્દીન સાહબે પણ એનું સમર્થન કર્યું. આથી ખબર પડી કે આંખો પર પટ્ટી બાંધવાની વાત સહી નથી.

**★ મનઘડત રિવાયત ★**

**(૨૫)** એક વખત રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ હઝરત જિબ્રઈલ علیہ الصلوٰۃ والتسلیم ને પૂછયું, તમે વહી ક્યાંથી લાવો છો ? અને કેવી રીતે લાવો છો ? આપે અર્ઝ કરી, એક પર્દા પાછળથી અવાજ આવે છે. સરકારે અકદસ صلی اللہ علیہ وسلم એ પૂછયું, પર્દા પાછળ શું છે ?! આપે કહ્યું, મેં જોયું નથી ! હુકમ થયો, જાવ અને જુઓ ! જોઈને પાછા આવ્યા અને બતાવ્યું કે પર્દા પાછળ તો પોતે હુઝૂર હાજર છે અને માથા પર અમામો બાંધેલ છે, સામે આઈનો છે અને ફર્માવી રહ્યા છે, મારા બંદાને આવી હિદાયત કરજો... વગેરે.

**★ સત્યનો નિર્દેશ ★**

આ રિવાયત **તદ્દન ગલત** તથા એના શબ્દો સ્પષ્ટ **કુફ્રી** છે.

આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે : આ રિવાયત જૂઠી, ગલત તથા બેકાર છે અને બયાન કરનાર શૈતાનનો ચેલો છે અને જો આ રિવાયતના શબ્દોનો એતેકાદ રાખતો હોય તો ખુલ્લુ કુફ્ર છે. *(ફતાવા રઝવિય્યહ, ભાગ–૧૪, પેજ–૩૦૮)*

**★ મનઘડત રિવાયત ★**

**(૨૬)** આ'લા હઝરતની બારગાહમાં ક્રિકેટ રમવાવાળા આવ્યા એમાં એક સૈયદ સાહબ પણ હતા. આપનાથી કામ્યાબીની અરજ કરી, તો આપે એમને વઝીફો આપ્યો અને ફર્માવ્યું કે આવું કરશો તો ક્રિકેટમાં કામ્યાબ થશો....વગેરે.

**★ સત્યનો નિર્દેશ ★**

આ **રિવાયત પણ સાચી નથી** કારણ કે ક્રિકેટ રમવું કોઈ સારું કામ નથી બલ્કે ફુકહા એને **મકરૂહ** ફર્માવે છે. ફતાવા ફકીહે મિલ્લતમાં છે કે ક્રિકેટ ટુર્નામેન્ટ એમાં સમય બર્બાદ થાય છે, નમાઝથી ગાફિલ બનાવી આપે છે જેવું કે આજકાલ જોવા મળે છે. લોકો નમાઝ છોડીને એમાં હાજર થાય છે. તો આ **હરામ** છે. *(ફતાવા ફકીહે મિલ્લત, ભાગ–૨, પેજ–૩૩૯)*

આ'લા હઝરત رضی اللہ عنہ એ દુર્રે મુખ્તારના

હવાલાથી ફર્માવ્યું, દરેક ખેલ મકરૂહ છે એટલા માટે કે આપ ﷺએ ઈર્શાદ ફર્માવ્યું, મુસલમાનનો દરેક ખેલ **હરામ** છે, ફક્ત ત્રણ સિવાય : (૧) પતિનું પત્ની સાથે ખેલ કરવું (૨) પોતાના ઘોડાને તા'લીમ શીખવાડવી (૩) કમાન સાથે તીરંદાઝી કરવી. *(ફતાવા રઝવિય્યહ, મુતર્જિમ, ભાગ–૧૨, પેજ–૮૭)*

જાણવા મળ્યું કે **ક્રિકેટ રમવું હરામ** કામ છે અને **એના માટે મદદ કરવી** પણ **હરામ** છે.

આ'લા હઝરત رضی اللہ عنہ દીનની તજદીદ તથા સુન્નતે રસૂલને ઝિંદા કરવા પેદા થયા હતા, એમની જાતથી ખેલકૂદનું સમર્થન કોઈ પણ રીતે કાબિલે કુબૂલ નથી, એટલે આ રિવાયત પણ બનાવટી છે.

## ★ મનઘડત રિવાયત ★

**(૨૭)** આ'લા હઝરત رحمۃ اللہ علیہ જુમ્આનો ખુત્બો આપી રહ્યા હતા તેવામાં હઝરત મુહદ્દિષે આ'ઝમે હિંદ તશરીફ લાવ્યા. આ'લા હઝરતે ખુત્બો આપવાનું બંધ કરી મિમ્બરથી ઉતરી મુહદ્દિષે આ'ઝમને ગોદમાં ઉઠાવી લીધા અને આવી રીતે આપની તા'ઝીમ કરી.

## ★ સત્યનો નિર્દેશ ★

આ રિવાયતના બનાવટી હોવાનું પહેલું કારણ એ છે કે જો આ રિવાયતને સાચી માની લેવામાં આવે તો લાઝિમ આવશે કે હઝરત મુહદ્દિષે આ'ઝમ નમાઝે જુમ્આ જે અફઝલ નમાઝ છે તેની સંપૂર્ણ કાળજી કરતા ન હતા એટલે તો ખુત્બા દરમ્યાન આવ્યા અને શરૂમાં ન આવ્યા. બીજુ કારણ હુઝૂર મુહદ્દિષે આ'ઝમે આ'લા હઝરતની બારગાહમાં જ્યારે હાજરી આપી ત્યારે નાબાલિગ બાળક ન હતા બલ્કે જવાન હતા અને જવાન માણસને ગોદમાં ઉઠાવી લેવું કેવી હાસ્યાસ્પદ વાત છે !! ત્રીજુ કારણ એ કે ઈમામનું ખુત્બો છોડી બીજા કામ માટે મસ્જિદથી બહાર જવું નામુનાસિબ કાર્ય છે કારણ કે ખુત્બો એક ઈબાદત છે અને સાંભળનારનું ધ્યાન ખુત્બા તરફ હોવું શરઈ જરૂરતમાંથી છે. જો ઈમામ બાહર ચાલ્યો જાય તો સાંભળનારાઓનું ધ્યાન ઈબાદતથી હટીને ગૈર જરૂરી કામ તરફ થઈ જશે. એટલે આવા કાર્યોનું આ'લા હઝરતની ઝાતથી જાહેર થવું કઈ રીતે માનવામાં આવે ? ચોથું કારણ એ કે આ'લા હઝરતથી સવાલ કરવામાં આવ્યો કે ખુત્બા વચ્ચે કોઈની તા'ઝીમ માટે મિમ્બરથી એક બે પગથિયાં ઉતરવું પછી ચઢી જવાં જાઈઝ છે કે નહીં ? આપે ફર્માવ્યું :–

فی رد المختار قال ابن حجر فی التحفة و بحث بعضهم ان ما اعتید الان من النزول فی الخطبة الثانیة الی درجة سفلی ثم العود بدعة قبیحة شنیعة

અને જો ખરેખર શરઈ મસ્લેહતથી ખાલી છે તો આ કાર્ય બેકાર છે અને બેકારનો દરજો મકરૂહ છે. *(ફતાવા રઝવિય્યહ, મુતર્જિમ, ભાગ–૮, પેજ–૩૪૨)*

આથી સારી રીતે માલૂમ થયું કે શરીઅતની મસ્લેહત વગર એક કે બે પગથિયાં નીચે આવવું નાપસંદ બિદઅત છે, તો પછી મસ્જિદથી બહાર જવું આવવુ કેવી રીતે દુરુસ્ત બની શકે છે ? બેશક ! આ કાર્ય મકરૂહ છે અને આવાં કાર્યોનું આ'લા હઝરતની ઝાતથી થવું ઘણી દૂરની વાત છે. એટલે આ રિવાયત બનાવટી છે.

## ★ મનઘડત રિવાયત ★

**(૨૮)** ફકીહે આઝમ હઝરત મુફતી શરીફુલ હક્ક અમજદી علیہ الرحمۃ والرضوان બરેલી શરીફ રોકાણ દરમ્યાન અમુક દિવસો માટે બરેલી શરીફથી બીજી જગ્યાએ ચાલ્યા ગયા. હુઝૂર મુફતીએ આ'ઝમના ઘરમાં આપના માટે ઘણી બેચૈની થઈ. થોડી દિવસો પછી આપ પાછા આવ્યા તો હુઝૂર મુફતીએ આ'ઝમે પોતાની અહલિયા (બીવી)થી ફર્માવ્યું, ''આ લો ! તમારા મુફતી સાહબ આવી ગયા !''

## ★ સત્યનો નિર્દેશ ★

આ રિવાયત પણ ગેરમુનાસિબ છે કારણ કે

મુફતી સાહબની મકબૂલિયતનો તઅલ્લુક પુરૂષો સાથે હતો, પર્દાવાળી સ્ત્રીઓથી ન હતો. મખ્દૂમા પીરાની અમ્મા અને મુફતી સાહબ બંનેવ એક બીજા માટે ગેરમહરમ છે એટલે હુઝૂર મુફતીએ આ'ઝમે એવી કોઈ વાત કહી નથી જે શરીઅતના વિરૂધ્ધ હોય.

### ★ મનઘડત રિવાયત ★

**(૨૯)** કૈસ લૈલાના આશિકનું નામ હતુ પરંતુ એ મજનૂ ફી દુન્યા છે મજનૂ ફીલ આખેરત ન હતા એટલે એમને ઔલિયામાં શામિલ કરવામાં આવશે નહીં. એ ફાસિક બે નમાઝી હતો.... વગેરે.

### ★ સત્યનો નિર્દેશ ★

બેશક ! હઝરત કૈસ ઈબ્ને આમિર મજઝૂબ ફીલ આખેરત અને ઔલિયાની જમાઅતથી હતા. દુનિયાદારોએ ભાત ભાતની વાતોને એમના તરફ નિસ્બત કરી એમની ઝાત પર ખોટા ધબ્બા લગાડયા છે એટલે એમનો ઝિક્ર કરતી વખતે આ વાતનો ખાસ ખયાલ રાખવો જરૂરી છે. આ'લા હઝરત رضی اللہ عنہ એ એમને ઔલિયાની જમાઅતથી તસ્લીમ કર્યા છે એટલે ફર્માવે છે : સૈયદુના જુનૈદ બગદાદી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

ان مجنون بنی عامر کان من احباء الله تعالیٰ ستر شانه بجنو نه بلیلی

બેશક ! મજનૂ ઈબ્ને આમિર ઔલિયામાંથી હતા. લૈલાના ઈશ્કે એમની શાનને પર્દો કર્યો હતો.

### ★ બનાવટી કિતાબ ★

**(૩૦)** એક કિતાબ જેનું નામ "સોલા સૈયદો કી કહાની" છે એમાં બાદશાહ, કઠિયારો અને વૃદ્ધ સ્ત્રીના વાક્યા છે આ લોકોએ પોતાનો મકસદ પૂરો થવા માટે સોલા સૈયદોના નામે રોઝા રાખ્યા તો એમનો મકસદ પૂરો થયો...વગેરે.

### ★ સત્યનો નિર્દેશ ★

આ **કિતાબ બિલકુલ જૂઠી બનાવટી** છે અને **શીઆ લોકોની ઘડેલી** છે. ફકીહે આઝમ હઝરત મુફતી શરીફુલ હક્ક અમજદી علیہ الرحمۃ والرضوان ફર્માવે છે : આ શરૂથી અંત સુધી જૂઠી કહાની છે, એમાં થોડુ પણ સત્ય નથી. એને પઢવું, સાંભળવું જાઈઝ નથી. એમાં અમુક શબ્દો એવા છે જેનો જાહેરી અર્થ **કુફ્ર** છે, દા.ત. સૈયદોના નામે નમાઝ, રોઝા. નમાઝ, રોઝા એવી ઈબાદતો છે જે અલ્લાહ તઆલાએ પોતાના સાથે ખાસ કરી છે, કોઈ મખ્લૂકના નામે રોઝા રાખવા, નમાઝ પઢવી કુફ્ર છે એટલે મુસલમાન મર્દ ઔરત આ કહાનીને હરગિઝ ન વાંચે, ન સાંભળે, ઘરમાં પણ ન રાખે.

### ★ મનઘડત રિવાયત ★

**(૩૧)** "દસ બીબી કી કહાની" પણ અવામમાં ચાલે છે જેને ખાસ કરી સ્ત્રીઓ પઢે છે.

### ★ સત્યનો નિર્દેશ ★

આ કિતાબ પણ બનાવટી કહાનીઓથી ભરપૂર છે. ફકીહે આ'ઝમ હઝરત મુફતી શરીફુલ હક્ક અમજદી ફર્માવે છે :–

"દસ બીબીની કહાની અને નૂર નામુ મનઘડત, બનાવટી, કિસ્સા અને જૂઠી કહાનીઓ છે, એનું વાંચવું, સાંભળવું જાઈઝ નથી. *(માહનામા અશ્રફિયા, ઈ.સ. નવે.–૨૦૦૦)*

### ★ બનાવટી કિતાબ ★

**(૩૨)** "નૂરનામુ" એક કિતાબ છે શાઈરીના રીતે ઉર્દૂ ઝબાનમાં લખાઈ પછી બીજી ભાષાઓમાં થઈ.

### ★ સત્યનો નિર્દેશ ★

આ કિતાબ પણ જૂઠી રિવાયતોથી ભરપૂર છે. એના વાક્યાઓની કોઈ અસલ નથી. આ'લા હઝરત رضی اللہ عنہ ફર્માવે છે : નૂરનામા, એની રિવાયતો બે અસલ છે એનું વાંચવું પણ દુરૂસ્ત નથી, પછી સવાબની વાત તો ઘણી દૂરી રહી! *(ફતાવા રઝવિય્યહ, ભાગ–૧૨, પેજ–૩૫૩)*

## ★ બનાવટી કિતાબ ★

**(૩૩)** એક કિતાબ જેનું નામ "દાસ્તાને અમીર હમઝા" છે એમાં નૌશેરવાનની છોકરી મહર નિગારનો વાક્યો છે અને એમાં હઝરત અમીર હમઝા, હઝરત અમ્ર અને ઈબ્ને ઉમય્યા رضی اللہ عنہما ને મક્કાર, ચાલબાઝ, ધોકાબાઝ લખ્યું છે. આ કિતાબ ખાસી મોટી છે.

## ★ સત્યનો નિર્દેશ ★

આ કિતાબ પણ બનાવટી છે. આ'લા હઝરત ફર્માવે છે :–

આ કિતાબ બિલકુલ જૂઠી ગલત છે. આ કિતાબને વાંચવી, સાચી સમજવી શરઅન નાજાઈઝ તથા હરામ છે એટલે એનાથી બચવું લાઝિમ છે. *(અહકામે શરીઅત, ભાગ–૩, પેજ–૩૨૩)*

## ★ બનાવટી કિતાબ ★

**(૩૪)** "તોહફતુલ મુવહ્હિદીન" એક કિતાબ છે જે હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વીના નામથી પ્રકાશિત થઈ રહી છે.

## ★ સત્યનો નિર્દેશ ★

આ'લા હઝરત رضی اللہ عنہ ફર્માવે છે :–

આ શાહ સાહબની કિતાબ નથી. થોડાક વખત પર કોઈ વહાબીએ હઝરત શાહ સાહબની લખેલ કિતાબોને ઉલ્ટુ સીધુ કરી વહાબીઓના જૂઠા નામ મુવહ્હિદ તરફ એને નિસ્બત આપીને તોહફતુલ મુવહ્હિદીન નામ રાખ્યું. અને બેઈમાનીથી હઝરત શાહ સાહબ તરફ નિસ્બત કરી આપી. *(ફતાવા રઝવિય્યહ, ભાગ–૨૨, પેજ–૩૯૯)*

## ★ બનાવટી કિતાબ ★

**(૩૫)** "અકાઈદે ઈમામ અહમદ ઈબ્ને હંમ્બલ رضی اللہ عنہ" આ કિતાબ અરબી ભાષામાં છે અને બોમ્બેથી પ્રસિદ્ધ થાય છે.

## ★ સત્યનો નિર્દેશ ★

આ કિતાબ પણ બનાવટી છે. હજારો વાતો ઈમામ અહમદ તરફ મનસૂબ કરવામાં આવી છે. આ'લા હઝરત ફર્માવે છે, એમાં પણ આવી બેઈમાની છે, કોઈ એક પણ શૈતાની અકીદો છોડયો નથી જે ઈમામ અહમદ رضی اللہ عنہ તરફ નિસ્બત કરવામાં આવ્યો ન હોય. *(ફતાવા રઝવિય્યહ, મુતરજિંમ, ભાગ–૨૨, પેજ–૩૯૯)*

**[ઉર્દૂ માસિક અશ્રફિયા–મુબારકપુર, સપ્ટેમ્બર–ઓક્ટોબર : ૨૦૦૫]**

## શું શરઈ હીલો કરેલ રકમ મસ્જિદના બાંધકામમાં વાપરી શકાશે ?

શરઈ હીલા માટે બે શરતો છે : **૧.** તે દીની કામ હોવું જોઈએ. **૨.** હીલા વિના તે કામ કરવું શક્ય ન હોય. જેમ કે આજકાલ આપણા દીની મદ્રસા કે દારુલ ઉલૂમો કે ઝકાતની રકમ શરઈ હીલો કરીને વાપરવામાં ન આવે તો તેમને તાળાં જ વાગી જાય. તો આ સંજોગોમાં ઝકાતનો શરઈ હીલો કરવાની ઈજાઝત આપવામાં આવશે. એ જ પ્રમાણે કોઈ ઈલાકો ખૂબ ગરીબ છે અને લિલ્લાહ રકમ મળવી મુશ્કેલ છે અને લિલ્લાહ રકમ ન મળતાં મસ્જિદ કે જે બનાવવી અતિ જરૂરી છે તો એવા સંજોગોમાં શરઈ હીલો કરવાની ઈજાઝત રહેશે. પણ જ્યાં લોકો માલદાર હોય અને કોશિશ કરતાં લિલ્લાહ રકમથી મસ્જિદ ઉભી કરી શકે તેમ હોય ત્યાં ઝકાતનો હીલો કરી મસ્જિદ ન બનાવવી જોઈએ. જ્યાં કોઈ ચારો જ નથી ત્યાં ઝકાતની રકમનો હીલો કરીને મસ્જિદના બાંધકામમાં વગેરે કામમાં વાપરી શકાશે.

**ચેતવણી :** હઝરત મુફ્તી સાહબે એક ફત્વામાં એ ખુલાસો કર્યો છે કે સ્કૂલો, (જેનો મુખ્ય હેતુ દુનિયાવી શિક્ષણ છે તથા) હોસ્પિટલો વગેરેનાં કામો માટે ઝકાતનો શરઈ હીલો કરી વાપરવાની ઈજાઝત નથી. આજકાલ ઘણી સ્કૂલોવાળા એ રીતે કરી રહ્યા છે તેઓ આ વાતની નોંધ લે અને લોકો તેમને ઝકાત ન આપે.

*(તા. ૪–૧૨–૦૫ સુન્ની દા'વતે ઈસ્લામી "ભરૂચ"ના ઈજતેમામાં હઝરત અલ્લામા મુફ્તી નિઝામુદ્દીન મિસ્બાહી)*

# ઔરતોની હિકાયતો

★ લેખક ★
મૌલાના અબૂન્નૂર મુહમ્મદ બશીર

★ અનુવાદક ★
આલિમા કારિયહ્ અનીસા યાકૂબ પટેલ (પાલેજ)

**પ્રકરણ : ૨**

मुबारक हो वो शह पर्देसे बाहर आनेवाला है
गदाई को ज़माना जिसके दर पर आनेवाला है
फ़क़ीरों से कहो हाज़िर हों जो मांगेंगे पाऐंगे
के सुल्ताने जहां मोहताज परवर आनेवाला है

## હુઝૂર ﷺ ની વિલાદત તથા આપનાં વાલિદા તથા દાઈ હલીમા رضی اللہ عنہا

**(હિકાયત નં. ૧૨)**

## હઝરત આમેના رضی اللہ عنہا

હુઝૂર ﷺ ના વાલિદ હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہ ખૂબ જ હસીન તથા ખૂબસૂરત હતા. આપની પેશાનીમાં નૂરે મુહમ્મદીની ચમક દમકને લીધે ઘણી સ્ત્રીઓ આપથી નિકાહ કરવા ઈચ્છતી હતી. હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہ એકવાર પોતાના વાલિદ હઝરત અબ્દુલ મુત્તલિબની સાથે કા'બા શરીફ પાસેથી પસાર થયા તો રસ્તામાં વરકઅ્ બિન નૌફલની બહેન બેઠી હતી જે તૌરાત, ઝબૂર, ઈન્જીલની આલિમા (જાણકાર) હતી. તેણીએ જ્યારે હઝરત અબ્દુલ્લાહની પેશાનીએ અન્વરમાં નૂરે મુહમ્મદી નિહાળ્યું તો હઝરત અબ્દુલ્લાહને અર્ઝ કરી કે મારી સાથે નિકાહ કરી લો ! આપે ફર્માવ્યું, હું મારા વાલિદની મરજી વિરુધ્ધ કાંઈ નથી કરી શક્તો. હઝરત અબ્દુલ મુત્તલિબે વહબ બિન મુનાફ જે અરબમાં ખાનદાન તથા બુઝુર્ગી રીતે ખૂબ ઉચ્ચ હતા તેમની પુત્રી હઝરત આમેના સાથે હઝરત અબ્દુલ્લાહના નિકાહ કરી દીધા. હઝરત આમેના આખા કુરૈશમાં ખાનદાન તથા શરાફતના લેહાઝથી મુમતાઝ હતાં. પછી જ્યારે નૂરે મુહમ્મદી હઝરત આમેના رضی اللہ عنہا ના બતને મુબારકમાં અવતર્યું તો એક દિવસ હઝરત અબ્દુલ્લાહ તે જ માર્ગથી પસાર થયા. જે માર્ગમાં વરકઅ બિન નવ્ફલની બહેને તેમની સાથે નિકાહ કરવાની અરજ કરી હતી તો તે દિવસે તેણીએ હઝરત અબ્દુલ્લાહ તરફ ધ્યાન ન ધર્યું. આપે પૂછ્યું કે આજે શું વાત છે કે તું મારી તરફ જોતી પણ નથી ! બોલી, તે નૂરે મુહમ્મદી જે આપની પેશાનીમાં જોયું હતું તે આજે મને નથી દેખાતું.

वो जिसके नूरसे तेरी चमकती थी ये पेशानी
उसीकी थी मैं तालिब और उसीकी थी मैं दीवानी
मगर मैं रह गई मेहरूम किस्मत मेरी फूटी के
सुना है वो नेअमत आमेनाने तुझसे लूटी है

*(મુવાહિબે લદુન્નિયહ્, પેજ–૧૯, જિલ્દ–૧,*
*હુજ્જતુલ્લાહ અલલ્ આલમીન, પેજ–૨૨૦)*

**બોધ** : મુહદ્દિષીને કિરામ قُدِّسَتْ اَسْرَارُهُمْ એ સ્પષ્ટિકરણ ફર્માવી દીધું છે કે હઝરત આદમ علیہ السلام થી લઈને હુઝૂર ﷺ ના વાલિદેન હઝરત અબ્દુલ્લાહ અને હઝરત આમેના رضی اللہ عنہا સુધી હુઝૂરના સર્વ બાપદાદા તથા માંઓ મો'મિન અને ઈજ્જતદાર હતાં. કુર્આન પાકમાં જ્યાં અલ્લાહ તઆલાએ وتقلبك فى الساجدين ફર્માવ્યું છે : મુફસ્સિરીને કિરામે આની આ તફસીર પણ ફર્માવી છે કે આ આયતમાં ساجدين થી مؤمنين મુરાદ છે. અને મતલબ એ છે કે હઝરત આદમ علیہ السلام તથા હવ્વા رضی اللہ عنہا ના જમાનાથી લઈને હઝરત અબ્દુલ્લાહ તથા આમેના ખાતૂન સુધી મો'મિનોની ખાનદાની બુઝુર્ગી તથા ગર્ભમાં આપના સિલસિલાનો અલ્લાહ લેહાઝ ફર્માવે છે. તેનાથી સાબિત થયું કે આપના તમામ પૂર્વ બાપદાદા હઝરત આદમ علیہ السلام સુધી સર્વેના સર્વે મો'મિન છે.

*(તફસીરે ખઝાઈનુલ ઈર્ફાન, પેજ–૫૩૦)*

હુઝૂર ﷺના વાલિદ માજિદનું નામ અબ્દુલ્લાહ જ આ વાત પર સાક્ષી છે કે આપ મો'મિન હતા. અને આપના વાલિદ અબ્દુલ મુત્તલિબ પણ મુશ્રિક ન હતા. નહીંતર તે પોતાના ફરઝંદનું નામ અબ્દુલ્લાહ ન રાખતા. હુઝૂરની વાલેદા માજેદાનું નામ આમેના પણ આ વાસ્તવિક્તા પર સાક્ષી છે કે આપ મો'મિન હતાં. અબ્દુલ્લાહ (અલ્લાહનો બંદો) હોય અને મો'મિન ન હોય ! આમેના હોય અને મો'મિન ન હોય ! કેવી કઢંગી અને ગુમરાહીની વાત છે ! અબ્દુલ્લાહને અલ્લાહે તે ફરઝંદ અતા ફર્માવ્યો જેણે મૂર્તિના પૂજારીઓને અલ્લાહના પૂજારી બનાવી દીધા. અને આમેનાને તે લખ્તે જિગર અતા ફર્માવ્યો જેણે બે ઈમાનોને ઈમાન અતા ફર્માવીને અમાન દઈ દીધી. અબ્દુલ્લાહને મો'મિન તે જ ન માનશે જે પોતે અબ્દુલ્લાહ નહીં હોય. અને આમેનાને તે જ મો'મિના નહીં માનશે જે પોતે મો'મિન નથી. દુરુસ્ત બુદ્ધિ પણ એ વાતને માન્ય નથી રાખતી કે જે જાતે બાબરકત સમગ્ર કાએનાત માટે નજાતનો ઝરીઓ બનીને આવી હોય અને જેની દૃષ્ટિએ મૂર્તિપૂજકોને ખુદા પરસ્ત, ડાકૂઓને રક્ષક, આંધળાઓને દેખતા અને જહન્નમીઓને જન્નતી બનાવી દીધા હોય (અને) તે ઝાતેવાલા સિફાતનાં પોતાનાં માં બાપ નાજી ન હોય !! એક હદીષમાં આવે છે હુઝૂર ﷺ ફર્માવે છે જેણે કુર્આન પઢયું અને તેના પર અમલ કર્યો : **અર્થાત** : તેનાં માં બાપને કયામતના દિવસે એક એવો નૂરાની તાજ પહેરાવવામાં આવશે જેની રોશની સૂર્યની રોશનીથી પણ અધિક હસીન હશે.

વિચારો કે જ્યારે એક ઉમ્મતી કે કુર્આન પઢે છે તેનાં માં બાપને કયામતના દિવસે નૂરાની તાજ પહેરાવવામાં આવશે તો ખૂદ તે ઝાતેવાલા સિફાત જેના પર કુર્આન ઉતર્યું અને જે ખૂદ બોલતુ કુર્આન છે તેના બુઝુર્ગ વાલિદૈનની કયામતના દિવસે કોઈ તા'ઝીમ તથા સન્માન ન હોય ? શું આ વાત બુદ્ધિમાં આવી શકે છે ?

જિન દિલોં કે મુસ્તફા ઈક લખ્ત હોં
ક્યૂં ન વો માં બાપ ફિર ખૂશ બખ્ત હોં

## હાજી ક્યારે મુકીમ ક્યારે મુસાફિર ગણાશે ?

(કાર્યાલય) જે માણસ હજ્જ માટે જાય અને મક્કા શરીફમાં ૧૫ દિવસની નિયતે રોકાણ કરે તો તે મુકીમના હુકમમાં છે કે નમાઝો પૂરી પઢશે, કસર નહીં તથા બકરા ઈદની કુર્બાની તેના પર વાજિબ થશે. જો તે એવી નિય્યતે રોકાણ કરે કે ૧૫ દિવસ દરમ્યાનમાં મક્કા છોડીને જઅરાના જે મક્કા સીટીથી બહાર છે ત્યાં જશે, ત્યારથી ઉમરાનો એહરામ બાંધીને ઉમરા કરશે અથવા જિદ્દા જવાની નિય્યત હોય તો પણ જો ત્યાં દિવસના જ જઈને પરત મક્કા આવી જાય છતાં તે મુકીમના હુકમમાં જ રહેશે. હા ! જો જઅરાના કે જિદ્દા કે અન્ય સ્થળે રાતવાસો કે રાતનો મોટા ભાગનો સમય રોકાણ કરીને પરત ફરશે એવી નિય્યત હશે તો જ તે બધા દિવસ શરઈ મુસાફિર ગણાશે.

*(તા. ૪-૧૨-૦૫ સુન્ની દા'વતે ઈસ્લામી "ભરૂચ"ના ઈજતેમામાં હઝરત અલ્લામા મુફતી નિઝામુદ્દીન મિસ્બાહીને કરેલ પ્રશ્નોના જવાબોમાંથી સાભાર)*

## ★ ઈસ્તકબાલિયા પ્રોગ્રામ ! ★

ગયા વરસે જામિઆ અશરફિયા મુબારકપુરથી આલિમ હાફિઝ થનાર હઝરાતના માટે **ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા** તથા **સુન્ની દા'વતે ઈસ્લામી (ભરૂચ શાખા)** તરફથી ઈસ્તકબાલિયા પ્રોગ્રામ રાખ્યો હતો જેમાં કુલ છ જણામાંથી (૧) મૌલાના મુહમ્મદ શાકિર શબ્બીર પટેલ (દયાદરા) તથા (૨) મૌલાના હાફેઝ ઈમ્તયાઝ સાહબ (દહેગામ) હાજર રહ્યા હતા. જેમના માથા પર શેરે સૌરાષ્ટ્ર હઝરત મૌલાના સલીમબાપુ બેડીવાળા, મુફક્કિરે ઈસ્લામ અલ્લામા કમરુઝ્ઝમાંખાં આ'ઝમી, હઝરત મુફતી નિઝામુદ્દીન મિસ્બાહી, હઝરત મૌલાના શાકિર નૂરી રઝવી....વગેરે ઉલમા સાદાતના હાથે તા. ૪-૫-૨૦૦૫ ઈશા બાદ સુન્ની દા'વતે ઈસ્લામીના ઈજતેમામાં ભરૂચ મુકામે દસ્તાર બાંધવામાં આવી હતી તથા રોકડ તોહફો આપવામાં આવ્યો હતો.

***-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)***

# ભરૂચ શહેરમાં સુન્ની દા'વતે ઈસ્લામીનો
# બે દિવસીય કામયાબ સુન્ની ઈજતેમા યોજાયો

કાર્યાલય

પશ્ચિમી રંગે રંગાઈને આપણા મુસ્લિમ સમાજના યુવાન યુવતીઓ સ્વચ્છંદતાનો શિકાર બની ઈસ્લામી અખ્લાક તથા નબી કરીમ ﷺની સુન્નતોથી દૂર ભાગી રહેલ છે. એવા સમયે આલમી તેહરીક **સુન્ની દા'વતે ઈસ્લામી** ઉલમાએ અહલે સુન્નતની સરપરસ્તીમાં મુસ્લિમોને ઈસ્લામ પ્રતિ સુન્નતો પ્રતિ આકર્ષવા મથી રહી છે. એની એક કડીરૂપ ભરૂચ સબજેલ પાસે વાદીએ રહમતમાં તા. ૩ તથા ૪ ડિસે–૦૫ શનિ–રવિ બે દિવસીય અઝીમુશ્શાન સુન્ની ઈજતેમા યોજાઈ ગયો જેમાં અહલે સુન્નત વ જમાઅતની અતિ માનનીય તથા મહાન ઈલ્મી હસ્તીઓએ હાજરી આપી ઈલ્મો ઈર્ફાનની વર્ષા કરી હતી. તા. ૩ ડિસે. શનિવારે ઝહોર બાદથી ઔરતો માટેનો ઈજતેમા હઝરત મૌલાના સૈયદ અબ્દુલ હબીબ રઝવી સાહબની દુઆ સાથે શરૂ થયો હતો. સ્ટેજ સામે પર્દો તાણી સંપૂર્ણ પર્દાની વ્યવસ્થા સાથેનો મંડપ હજારોની સંખ્યામાં આવેલી ઈસ્લામી ખાતૂનોના મજમાથી ભરાઈ ગયો હતો. તિલાવતે કુર્આન તથા નઅતે પાક પછી મૌલાના રફીઉદ્દીન અશ્રફી પરભનીવાળાએ સુંદર નિઝામત સંભાળી હતી. ત્રણ વાગ્યે ઔરતોના સંબંધે દીની પ્રશ્નોના જવાબ વિ□ વિખ્યાત અરબી યુનિ. જામિઆ અશ્રફિયા–મુબારકપુર જિ. આઝમગઢ (યુ.પી.)ના સદર મુફતી મોહક્કિકે મસાઈલે જદીદા **હઝરત અલ્લામા મુફતી નિઝામુદ્દીન સાહબે** ઈમાન અફરોઝ આપ્યા હતા. ત્યારબાદ ચાર વાગ્યાથી અસર સુધી મુફક્કિરે ઈસ્લામ **હઝરત અલ્લામા કમરુઝ્ઝમાંખાં આઝમી** (સેક્રેટરી : વર્લ્ડ ઈસ્લામિક મિશન, યુ.કે.)એ ઔરતોને પોતાની જિમ્મેદારી સમજાવતું ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. અસરની નમાઝ બાદ મગરિબ સુધી **મૌલાના શાકિર નૂરી રઝવી સાહબે** ઔરતોને પશ્ચિમી કુસંસ્કૃતિથી બચી ઈસ્લામના ઈજ્જત આપતા સંસ્કાર અપનાવવા અને ચારિત્રવાન બનવા ખૂબ જ અસરકારક હૃદયદ્રાવક બયાન આપ્યું હતું. મગરિબની નમાઝ પછી દુઆ સલાતો સલામ સાથે પ્રથમ દિવસનો ઈજતેમા સમાપ્ત થયો હતો.

બીજા દિવસે ૧૦ થી ૧૨ વાગ્યા સુધી ડોક્ટર, વકીલ, એંજીનીયરોને નિમંત્રી હોટલ પ્લાઝામાં ડિબેટ કોન્ફરન્સ રાખી જેમાં મૌલાના શાકિર નૂરી તેમજ અલ્લામાએ ખૂબ જ ખૂબીપૂર્વક ખિદમતે ખલ્ક કરવા સમજ આપી. ૧૨ વાગ્યાથી જનાબ સૈયદ અમીનુદ્દીન માલેગાંવીની દુઆ સાથે મર્દોના ઈજતેમાની શરૂઆત થઈ હતી. કુર્આને પાકની તિલાવત તથા નાઅતેપાકનાં તરાનાંઓ સાથે વાદીએ રહમત સબજેલ ગ્રાઉન્ડ ક્રમે ક્રમે આશિકાને મુસ્તફાથી ઉભરાવા લાગ્યું હતું. વિવિધ મુબલ્લિગોનાં બયાનો નઅતો ચાલુ રહ્યાં હતાં. ત્રણ વાગ્યાથી બુલબુલે બાગે મદીના જનાબ કારી રિઝવાન સાહબે નિઝામત સંભાળી હાજરીને મજલિસની તર્બિયત તથા તા'લીમ, દુરૂદે પાકની ફઝીલત, દુરૂદ, મસાઈલ, દુઆઓ શીખવાડવા સાથે સાથે પોતાના અનોખા અંદાઝમાં અસર સુધી નઅતે પાકના ગુલદસ્તા પેશ કરી મજમામાં રૂહાની ખુશી ફેલાવી દીધી હતી. અસરની નમાઝ બાદ હઝરત અલ્લામા મુફતી નિઝામુદ્દીન સાહબે અવામમાંથી આવતા હજ્જ સંબંધે, કુર્બાની સંબંધે તેમજ વિવિધ પ્રશ્નોના જવાબો મગરિબ સુધી આપ્યા જેનાથી ખૂબ જ જાણકારી સૌને મળી.

મગરિબ બાદ શેરે સૌરાષ્ટ્ર ખલીફાએ હુઝૂર તાજુશ્શરીઅહ અઝહરીમિયાં પીરે તરીકત હઝરત મૌલાના સૈયદ સલીમબાપુ બેડીવાળાએ સુન્ની દા'વતે ઈસ્લામીની સાથે જોડાવા અપીલ કરતું સુંદર બયાન આપ્યું. ઈશા બાદ અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના શાકિર રઝવી નૂરીનું દિલને ઝંઝોળતુ વલવલાઅંગેઝ કુર્આની આયતોની ચેઈન રજૂ કરતું ઈમાન અફરોઝ અસરકારક બયાન, ત્યારબાદ મુફક્કિરે ઈસ્લામ હઝરત અલ્લામા કમરુઝ્ઝમાંખાં આઝમી સાહબે ઈસ્લામની શાન જાહેર કરતું, સભ્ય સંસ્કૃતિ અપનાવી વ્યભિચાર પ્રતિ દોરતી પશ્ચિમી કુસંસ્કૃતિથી બચવા પ્રેરતુ-ખૂબ જ અસરકારક બયાન કર્યુ હતું. અંતમાં લાઈટો બંધ કરી ઈસ્તિગફાર, ઝિક્ર તથા દુઆમાં પબ્લિકે અશ્રુમય આંખે બારગાહે રબમાં પોતાના ગુનાહોથી તૌબા કરી શરીઅત મુજબ જિંદગી જીવવા નિશ્ચય કર્યો હતો. અંતમાં સલાતો સલામ પઢી ઈજતેમા કામયાબ રીતે પૂર્ણ થયો હતો.

આ ઈજતેમાની વ્યવસ્થામાં સાથ આપનાર મહેનત કરનાર સર્વેનો અમો આભાર માનીએ છીએ ખાસ કરીને જનાબ હાફેઝ મુહમ્મદ હનીફ રિફાકતી નાઝિમે આ'લા દા.ઉ. ગુલશને અજમેર ભરૂચ, જનાબ મુશ્તાકભાઈ ટોપીવાળા (વાગરાવાળા), સીરાજભાઈ પેન્ટર ઉષ્માન હાજી વોરાસમનીવાળા સર્વ નામી અનામી ભાઈઓને, મુબલ્લિગોને મૌલા કરીમ તેના હબીબ ﷺના સદકામાં બંને જહાનમાં જઝાએ ખૈર અતા કરે. (આમીન)

**લિ. પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*(ખાદિમ સુન્ની દા'વતે ઈસ્લામી)*

## દયાદરામાં આલે રસૂલ "નઝમી"ની આમદ !

ખાનકાહે બરકાતિયા મારહરા શરીફના સજ્જાદાનશીન આ'લા હઝરત ઈમામ અહમદ રઝાના પીરો મુર્શિદની ઔલાદે પાક, પીરે તરીકત આલે રસૂલ હઝરત સૈયદ હસ્નૈન મિયાં "નઝમી" મારહરવી બરકાતીની આમદથી પ્રથમવાર દયાદરાની સરઝમીન ફૈઝયાબ થવા પામી. અલ્હમ્દુલિલ્લાહ ! તા. ૨૨-૧૦-૨૦૦૫ના રોજ રાત્રે ઈશાની નમાઝ બાદ આપ હઝરતની સદારતમાં દયાદરામાં ખૂબ જ શાનો શૌકત સાથે "મેહફિલે સમાએ નઅતે પાક" રાખવામાં આવી જેમાં મશહૂર નઅતખ્વાં જનાબ મનાઝિર હુસૈન બદાયૂનીએ નઅતોના ગુલદસ્તા પેશ કર્યા. અંતમાં હઝરત "નઝમી" સાહબે પોતાના અનોખા અંદાઝમાં પોતાનાં કલામ પેશ કર્યા હતા. ઘણા ભાઈ બહેનો દાખિલે સિલસિલાએ બરકાતિયા થયાં હતાં. તેમજ પ્રોગ્રામ દરમ્યાન **કરજણના હઝરત મૌલાના સૈયદ આરિફુલ્લાહ બાવા**ને નઝમી સાહબે **ખિલાફત** તથા **ઈજાઝત**થી પણ નવાઝયા હતા.

## તાંદલજા (વડોદરા)માં સુન્ની ઈજતેમા

તા. ૧૮-૧૧-૨૦૦૫ના રોજ ઈશાબાદ મુફતીએ ગુજરાત આલે રસૂલ હઝરત મૌલાના સૈયદ કમરૂદ્દીનબાવા કારંટવી દરિયાઈ અશરફીની સદારતમાં તથા હઝરત મૌલાના સૈયદ આરિફ બરકાતી (કરજણ)ની કયાદતમાં સુન્ની દા'વતે ઈસ્લામીનો શાનદાર સુન્ની ઈજતેમા યોજાયો જેમાં હજારોની સંખ્યામાં આવેલા આશિકાને રસૂલને અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી અતાએ મુફતીએ આ'ઝમે હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી રઝવીએ ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. મકામી ઉલમા સાદાત ઉપરાંત મૌલાના મોહસિન મક્કી મિસ્બાહી, મૌલાના કલીમુલ્લાહ સાહબ તથા અન્ય મુબલ્લિગોએ હાજરી આપી હતી.

# બરકાતે ખ્વાજાની ટપાલ

**★ તલબા ખાસ ધ્યાન કરે ! ★**

લેખ હરિફાઈના આગામી લેખનો વિષય છે : **"દીને હક્ક માટે સહાબાની કુર્બાનીઓ અને આપણે"** તા. ૧૨/૨/૨૦૦૬ સુધીમાં મોકલી આપવા નમ્ર વિનંતિ છે. ઉમ્મીદ છે કે દીને હક્ક માટે આપણા તલબા કલમ તો જરૂર ચલાવશે ! (ઈન્શાઅલ્લાહ !) ***–તંત્રી** : બરકાતે ખ્વાજા (માસિક)*

## ★ બરકાતે ખ્વાજા (માસિક) ગમ્યું ! ★

જનાબ શબ્બીર સાહબ તેમજ બધા જ કાર્યકર્તા ભાઈઓને સલામ મસ્નૂન, ડિસેમ્બર–૨૦૦૫નો અંક મળ્યો, વાંચી ઘણી રસદાર વાત "મોબાઈલ વિશે" જાણી છે અને બીજા લેખો પણ ઘણા જ સારા છે.

હુઝૂરે અકરમ ﷺના જન્મસ્થળ વિશે લેખ વાંચી આંસૂં આવી ગયાં. અલ્લાહ તઆલા તમામ બુઝુર્ગોને દીન رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَના સદકામાં કોઈ ખાલિદ બિન વલીદ જેવા બાહોશ મર્દને ઉભો કરે અને નજદી ફિત્નાને દૂર કરે. (આમીન)

*–ઉષ્માનભાઈ મન્સૂરી (હાપા)*

## ★ સુન્ની દા'વતે ઈસ્લામી સાર્વજનિક દવાખાનુ ★

તા. ૧૧–૧૧–૨૦૦૫ના રોજ જુમ્આ બાદ ભરૂચ હાજીખાં બજારમાં મસ્જિદ પાસે એક દવાખાનુ સુન્ની દા'વતે ઈસ્લામી સાર્વજનિક દવાખાનુ જે રાહત દરે પબ્લિકની સેવા માટે શરૂ કરવામાં આવ્યું છે. ખિદમતે ખલ્ક માટે ઉઠાવેલ આ કદમ પ્રસંશનીય છે જેનાથી ગરીબો તેમજ આમ લોકોને ખૂબ લાભ મળી શકે છે. સુન્ની દા'વતે ઈસ્લામી (ભરૂચ શાખા)ને આ માટે મુબારકબાદ પેશ કરીએ છીએ.

***–તંત્રી** : બરકાતે ખ્વાજા (માસિક)*

## ★ પેટલાદમાં ઉર્સે સૈયદ મનાવાયો ★

**પેટલાદ** : તા. ૨૭–૧૧–૦૫ના (૨૦ શવ્વાલ હિ.સ. ૧૪૨૬) રવિવારના રોજ પીર સૈયદ મુહમ્મદ નૂરાનીબાવાનો ઉર્સ મુબારક આપના સજ્જાદાનશીન પીર સૈયદ મુહમ્મદ યૂસુફ બાવાની સરપરસ્તીમાં રાખવામાં આવેલ. સવારમાં કુર્આનખ્વાની, ૧૧.૦૦ વાગ્યે ન્યાઝ તથા ઝહોર બાદ સંદલ શરીફ રાખવામાં આવેલ. ઉર્સ શાનો શૌકતથી ઉજવાયો હતો.

**હાડગુડ (જી આણંદ)** : ખાતે શહનશાહે હાડગુડ હઝરત પીર સૈયદ કમાલુદ્દીન બાબા رحمۃ اللہ علیہનો ઉર્સે પાક ખૂબ જ શાનો શૌકતથી મનાવવામાં આવ્યો હતો. તા. ૫–૧૨–૨૦૦૫ને શનિવારે ઝહોરની નમાઝ બાદ હુસૈની ચોક ખાતેથી વિશાળ મેદનીમાં જુલૂસ નીકળી હઝરતના આસ્તાના પર પહોચ્યું હતું. જ્યાં સંદલ વિધિ કરવામાં આવી હતી. જ્યારે સાંજે સમગ્ર ગામને ન્યાઝ જમાડવામાં આવી હતી. રાત્રે બાદ નમાઝે ઈશાં મૌલાના કાદરી અમીનુદ્દીન (ખલીફએ શૈખુલ ઈસ્લામ) ઉમરેઠવાળાએ પોતાની આગવી અદામાં તકરીર કરી હાજરજનોને મંત્ર મુગ્ધ કરી દીધાં હતાં.

તા. ૬–૧૧–૨૦૦૫ રવિવારે બાદ નમાઝે ઈશા મેહફિલે સમાએ નઅતનું આયોજન કરાયું હતું જેમાં સૂરતથી પધારેલા સુન્ની દા'વતે ઈસ્લામીના મુબલ્લિગ જનાબ મકબૂલ રઝા, જનાબ સિકંદર રઝા, જનાબ ગુલામ મુસ્તફા તેમજ હાડગુડના સ્થાનિક મુબલ્લિગ સૈયદ દસ્તગીર તેમજ શાકિર અલી દ્વારા નઅતે પાક પેશ કરવામાં આવી હતી. નઅતની મેહફિલમાં હાજર મજમો ઈશ્કે નબીની મસ્તીમાં મસ્ત થઈને ઝુમવા લાગ્યો હતો. આમ ઉર્સ મુબારક બાખૂબી ખૂબ જ સુંદર રીતે સંપન્ન થયો હતો.

*–સૈયદ અમજદ અલી એન. (હાડગુડ)*

## ★ આ'લા હઝરત વિશે કિતાબ મફત મંગાવો ! ★

આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَانُની વિશિષ્ટ શખ્સિયતના વિશે માહિતીપૂર્ણ કિતાબ મંગાવો :– કિતાબનું નામ : **રોશની** મૂળ લેખક : પ્રો : મસ્ઊદ અહમદ (પાક.) અનુવાદક : મર્હૂમ હાજી અબ્દુલગફ્ફાર ચોલા જામનગરી, પ્રકાશક : ગરીબ નવાઝ કમિટી C/o. ઉષ્માનભાઈ એમ. મન્સૂરી, રેલ્વે કોલોની, કર્વાટર નં. ૯૧–ડી, મુ. હાપા–૩૬૧ ૧૨૦, જિ. જામનગર

## ★ હાજીઓનો ટ્રેનિંગ કેમ્પ ★

તા. ૨૬/૧૧/૦૫ શનિવારના રોજ જુમ્આ મસ્જિદ જંબુસરમાં હજ્જ ટ્રેનિંગ કેમ્પ રાખવામાં આવ્યો હતો. જેમાં ભોલાવ (ભરૂચ)થી સુન્ની દા'વતે ઈસ્લામીના મુબલ્લિગ હાફેઝ કારી હાજી અબ્દુર્રરહીમ સાહબે હજ્જ વિશે દીની સમજ આપી હતી. દયાદરા શાખા તરફથી કિતાબોની વહેંચણી મફત કરવામાં આવી હતી. હુસૈની કમિટી તરફથી ન્યાઝ જમાડી હતી. તા. ૨૭/૧૧/૦૫ના રોજ દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ ખાતે પણ એ જ પ્રમાણે હાજીઓનો ટ્રેનિંગ કેમ્પ થયો હતો.

*–રજૂકર્તા : અલ્લાહરખા (જંબુસર)*

## ★ શાદીખાના આબાદી ★

**કંબોલી** : જનાબ હાફેઝ આદમ સાહબ (લેસ્ટર, યુ.કે.)ના ભાઈ જનાબ હાજી સુલેમાન હાજી ઈસાની નેક દુખ્તર હુસ્નાબાનુની શાદી ઈમરાન (S\o. હાજી ઈસ્માઈલ હાજી ઈસા–કંબોલી) સાથે તા. ૪–૧૨–૨૦૦૫ના રોજ રાખવામાં આવી. પીર હઝરત મૌલાના સૈયદ કમરૂદ્દીનબાવા કારંટવી, હઝરત મૌલાના સૈયદ સલીમબાપુ બેડીવાળા, હઝરત અલ્લામા કમરુઝ્ઝમાંખાં આઝમી સાહબ, હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી રઝવી (મુંબઈ) તથા જનાબ મૌલાના ઉષ્માનગની બાપુ ધ્રોલવાળા તથા પટેલ શબ્બીર અલી રઝવી તેમજ ઘણા ઉલમા, સાદાત, હુફ્ફાઝે હાજરી આપી સુલેમાનભાઈ તથા હાફેઝ સાહબના ભાઈઓને મુબારકબાદ પાઠવી હતી.

**નંદરબાર** : થી મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી જનાબ સઈદ નૂરી જણાવે છે કે તા. ૩૦–૧૦–૨૦૦૫ના રોજ મગરિબથી રાત્રે ૧૦ વાગ્યા સુધી દારુલ ઉલૂમ ચિશ્તિયા, મકતબાએ તયબાહ તથા શહીદ ઝુબેર રઝવી લાયબ્રેરીની ઈફતેતાહનો જશ્ન મનાવાયો જેમાં હઝરત અલ્લામા મુફતી મુજીબ અશરફ સાહબ (નાગપુર) તથા અમીરુ સુન્ની દા'વતે મૌલાના મુહમ્મદ શાકિર નૂરી રઝવીએ નૂરાની બયાનો કર્યા હતાં. (મુબારકબાદ !)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**નવસારી** : દારુલ ઉલૂમ અન્વારે રઝામાં સાલાના દસ્તારે ફઝીલતનો જલસો હઝરત અલ્લામા મુફતી મુજીબ અશરફ સાહબની સરપરસ્તીમાં દા.ઉ. અન્વારે રઝા નવસારીમાં ફારિગ થનાર ૪–આલિમ, ૭–હાફિઝ, ૧૧–કારીઓ, ૧૦–ઈમામ (કુલ ૩૨) તલબાની દસ્તારબંદી રાખવામાં આવી. જેમાં હઝરત અલ્લામા મુફતી મેહમૂદ અખ્તર સાહબ (મુંબઈ), હઝરત મૌલાના સૈયદ સલીમબાપુ બેડીવાળા, આલી જનાબ વકાર અહમદ સાહબ ભીંવડી, હઝરત મૌલાના અબ્દુસ્સત્તાર હમદાણી (પોરબંદર) તથા બુલબુલે બાગે મદીના જનાબ કારી રિઝવાન સાહબ મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામીને દા'વત આપવામાં આવી હતી. નવસારી ખાતે મદરસતુલ બનાત તથા સુન્ની યતીમખાનાનો પણ પાયો રાખવામાં આવ્યો છે. એવા સમાચાર છે.

## ★ ઉર્સે અમીરે અહલે સુન્નત તથા નૂરી ક્લિનીકનું ઉદ્‌ઘાટન ★

**જૂનાગઢ** : ખાનકાહે રઝવિય્યહ્ નૂરિય્યહ્ તા. ૨૭–૧૧–૦૫ના રોજ ખલીફએ મુફતીએ આ'ઝમે હિંદ અમીરે અહલે સુન્નત હઝરત મૌલાના નૂર મુહમ્મદ મારફાની નૂરી રઝવી رحمۃ اللہ علیہના ઉર્સનું

આયોજન પીરે તરીકત હઝરત મૌલાના ગુલઝાર અહમદ સાહબ નૂરી સજ્જાદાનશીને ખાનકાહની સરપરસ્તીમાં દર વરસની જેમ શાનો શૌકતથી જૂલુસ, સંદલવિધિ, કુર્આન ખ્વાની, બયાનો વગેરે પ્રોગ્રામોથી થયું. જેમાં અજમેર શરીફ દરગાહે ખ્વાજાના ગાદીનશીન હઝરત અલ્લામા સૈયદ ફરીદુલ હસન સાહબ શેરે સૌરાષ્ટ્ર હઝરત મૌલાના સૈયદ સલીમબાપુ બેડીવાળા, મૌલાના હાફિઝ હારૂન હસન ચિશ્તી–અજમેર શરીફ, ખતીબે ઝી શાન અલ્લામા સૈયદ મુહમ્મદમિયાં કાદરી–બહેરાઈચ શરીફ વગેરેએ હાજરી આપી હતી. અને "નૂરી ક્લિનીક"નું ઉદ્‌ઘાટન પણ કર્યું હતું.

**વડોદરા** : અઝીમે મિલ્લત હઝરત સૈયદ અઝીમુદ્દીનબાવા عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانْનો ઉર્સ તા. ૧૪, ૧૫ નવેમ્બરના મોઈને મિલ્લત હઝરત સૈયદ મોઈનુદ્દીનબાવા સાહબ કિબ્લાની સરપરસ્તીમાં દર વર્ષ જેમ શાનો શૌકતથી મનાવાયો. તા. ૧૫–૧૧–૦૫ના રોજ ઈશાબાદ ખતીબે હિંદુસ્તાન અલ્લામા અકબર એહસાની સાહબનો ખિતાબ થયો હતો. પુષ્કળ સંખ્યામાં અકીદતમંદો, મુરીદો, હાજરી આપી ફય્ઝયાબ થયા હતા.

## ★ શાદી મુબારક ★

**વાગરા** : માસ્તર શબ્બીર મુન્શીના નેક ફરઝંદ મુહમ્મદ આસિફની શાદી નઝમાબાનુ બિન્તે મર્હૂમ મૂસા વલી–સૂતરેલ સાથે તા. ૨૦–૧૧–૦૫ના રોજ રાખવામાં આવી. (મુબારકબાદ !)

***–તંત્રી** : બરકાતે ખ્વાજા (માસિક)*

**ભરૂચ** : જનાબ હાફેઝ મુહમ્મદ યાકૂબ યૂસુફ પટેલ ચાંચવેલી (મોડાસાવાળા)ની નેક દુખ્તર જમીલાબાનુના નિકાહ મુહમ્મદ ફિરોઝ સાથે તા. ૧૨–૧૨–૦૫ના રોજ રાખવામાં આવ્યા. (મુબારકબાદ) ! ***–તંત્રી** : બરકાતે ખ્વાજા (માસિક)*

**હલદરવા** : મુહમ્મદ ઈસ્માઈલ ભાયજીની નેક દુખ્તર આલિમા નઈમાની શાદી મોબીન (ગુલામ ઈબ્રાહીમ ચોકવાલા હલદરવીના નેક ફરઝંદ) સાથે તા.૨૬–૧૧–૫ના રોજ રાખવામાં આવી. (મુબારકબાદ !) ***–તંત્રી** : બરકાતે ખ્વાજા (માસિક)*

**સેગવા** : હાજી યાકૂબ અહમદ બાબરની નેક દુખ્તર ફિરોઝાબાનુની શાદી સાંસરોદના દાઊદ આદમ હોલાના નેક ફરઝંદ અશ્રફ સાથે તા. ૨૪–૧૧–૦૫ના રોજ રાખવામાં આવી. (મુબારકબાદ !) ***–તંત્રી** : બરકાતે ખ્વાજા (માસિક)*

**હિંગલ્લા** : ગુલામ સુલેમાન માંગરોલીયાના નેક ફરઝંદ રિઝવાનની શાદી સાંસરોદ નિવાસી દાઉદભાઈ પાદરીયાવાળાની નેક દુખ્તર રૂબીનાબાનુ સાથે સાંસરોદ મુકામે તા. ૧૦–૧૧–૨૦૦૫ના રાખવામાં આવી. (મુબારક બાદ !)

***–તંત્રી** : બરકાતે ખ્વાજા (માસિક)*

## ★ ઈંતેકાલ પુરમલાલ ! ★

બોલ્ટન : ખાતે દયાદરા ગામના વતની પટેલ ઈબ્રાહીમ ઈસા ઉમરનો ઈંતેકાલ તા. ૬–૧૧–૦૫ મંગળવારના રોજ થયો. મૌલા કરીમ તેના પ્યારા હબીબે પાક ﷺના સદકામાં મર્હૂમની મગફેરત ફર્માવે અને કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) ***–તંત્રી** : બરકાતે ખ્વાજા (માસિક)*

**દયાદરા** : અમારા સહપાઠી મકસૂદ આદમ નાથાનો હાર્ટની તકલીફના કારણે અચાનક જ તા. ૭–૧૨–૦૫ બુધવારના રોજ ઈંતેકાલ થયો છે. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં તેમની મગફેરત ફર્માવે અને કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) ***–તંત્રી** : બરકાતે ખ્વાજા (માસિક)*

**જંબુસર** : થી મુઆવિને સુન્ની દા'વતે ઈસ્લામી અલ્લારખાં ફુટવાલા લખી જણાવે છે કે તેમની સાળીના નિકાહ તા. ૨૦–૧૧–૦૫ રવિવારના રોજ જંબુસરના રહીશ મુસ્તફા અબ્બાસ મલેકના ફરજંદ એજાઝ સાથે થયા હતા. અલ્લાહ તઆલા દુલ્હા–દુલહનને ખુશ ખુશાલ રાખે તથા ઈમાનની સલામતી રાખે. ***–તંત્રી** : બરકાતે ખ્વાજા (માસિક)*